આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૭૯ ● અંક : ૭
સળંગ અંક : ૯૫૪
ઓક્ટોબર - ૨૦૧૯



# સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ
























email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૭૯

સળંગ અંક : ૯૫૪ ઓક્ટોબર - ૨૦૧૯



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબહેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


| લવાજમ | ભારત | પરદેશ $ | પરદેશ £ |
|---|---|---|---|
| વાર્ષિક | ₹ ૧૫૦ | ૪૦ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ ૨,૦૦૦ | ૨૦૦ | ૧૦૦ |

## અનુક્રમ


દાદી સામે દાદાગીરી — ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના / ૪

સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫

સ્મરણયાત્રા — જશીબહેન નાયક / ૮

માનવતા ઘડતરનું કેન્દ્ર એટલે ગાંધીજીનું ટોલ્સ્ટોય ફાર્મ — હિરજીભાઈ નાકરાણી / ૧૬

શિક્ષણના સિતારા — ડૉ. ઈશ્વર પરમાર / ૧૯

વિદ્યા મુક્તિ ઝંખે છે... — પ્રવીણ દરજી / ૨૬

ગાંધી બોલે છે — પાલખીવાલા અમિતા મનુભાઈ / ૨૭

ભારતમાં ઉચ્ચ શિક્ષણના માળખાઓની વિગતો — ગિરીશ પટેલ /૩૨

મા ભારતીનો દિકરો — ડૉ. હિતેશ બી. શાહ / ૩૫

સોનેરી પરીઓ... — ઉમેશ જોશી / ૩૭

યાદશક્તિ એટલે શું ? — ડૉ. હર્ષદ કામદાર / ૩૮

મોહનથી મહાત્મા — જીતુભાઈ નાયક / ૩૯

મોન્ટુનો અહિંસા પ્રેમ — માધવી આશર / ૪૦



કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.


email : gharashala@saraswatividyamandal.org

website : www.saraswatividyamandal.org/publication

# દાદી સામે દાદાગીરી

**ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના**

૩૦૨, યશ એક્વા કૉમ્પલેક્ષ, મૅકડોનાલ્ડ ઉપર,
વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

શ્રી ઓમનગરની સેવાવસતીમાં એક ખુલ્લી જગ્યા હતી ત્યાં બાળકોને નિયત સમયે ભેગાં કરાતાં અને વિદ્યાદાનનાં ઋતુ શાહ અને સ્વંય સેવકો તેમને ભણાવતાં. આ જગ્યા વિવાદી હતી. એક સ્થાનિક રહીશ તેના પર પોતાનો દાવો કરતું હતું અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કહેતું હતું કે આ જમીન પર કોર્પોરેશનનો અધિકાર છે. કોર્ટમાં તેનો કેસ પણ ચાલતો હતો. આ જમીન પર જેઓ પોતાનો હક્ક કરતાં હતાં એ ઘરનાં દાદીમાને પોતાની જગ્યા પર આ રીતે કોઈ પ્રવૃતિ થાય તે ગમતું નહોતું. (તેમને ઊંડે ઊંડે બીક પણ હતી કે અમારી જમીન પર કોઈ કબજો જમાવી દેશે અને અમારા હાથમાંથી જમીન જતી રહેશે.)

વિદ્યાદાનની ટીમ અહીં ભણાવવા જાય કે તરત દાદીમા આવી જતાં અને મોટેમોટેથી બોલવાનું શરૂ કરી દેતાં. લોકો ભેગાં થતાં. આવું એક-બે વખત બન્યું.

સેવાવસતીનાં જે બાળકો અહીં ભણવા આવતાં હતાં તેમાં એ દાદીમાનો પૌત્ર પણ આવતો હતો. રાજ તેનું નામ. પોતાનાં દાદીમા આ રીતે વિદ્યાદાનની પ્રવૃતિને અટકાવે તે તેને ગમતું નહીં.

એક દિવસ તેણે ઋતુ ટીચરને ફોન કરીને આ વિશે વાત કરી. તેણે પૂછ્યું કે મારાં દાદીમા આવું કેમ કરે છે ટીચર? ઋતુએ તેને સમજાવ્યું કે બેટા, તે પોતાની રીતે સાચાં છે. જો જરૂર પડશે તો આપણે બીજી જગ્યા શોધીશું. રાજને વિદ્યાદાન સાથે લગાવ થઈ ગયો હતો. તેણે તો પોતાનાં દાદીમા સામે અસહકાર શરૂ કર્યો. લોકોને ભેગાં કર્યાં. તેણે બધાંની સામે કહ્યું કે "અમારે પણ ભણવું છે : જો કોઈ અમને ભણાવવા આવતું હોય તો એ ઘણી સારી વાત કહેવાય. એ આપણી જમીન ખાઈ જવાનાં નથી" ૧૨-૧૩ વર્ષના એ છોકરાની લાગણી સામે દાદીમા હાર્યાં અને તેમણે કહ્યું કે મને કોઈ વાંધો નથી.

બીજા રવિવારે વિદ્યાદાનના સ્વંયસેવકો ભણાવવા આવ્યા. તેમને હતું કે હમણાં દાદીમા આવશે પણ આ વખતે એવું ના થયું.

ખુશ થતો થતો રાજ ભણવા આવ્યો, તેણે વધામણી આપી કે મારાં દાદીમા માની ગયાં છે, હવે તેઓ ઝગડવા નહીં આવે. આપણે અહીં ભણી શકીશું.

વિદ્યાદાનના સંચાલકો કહે છે કે ૧૨ ૧૩ વર્ષના નાનકડા છોકરાઓ પાસેથી જ્યારે આવો સહયોગ મળે છે ત્યારે ખરેખર બાળકો માટેનું માન ઘણું વધી જાય છે અને કાર્ય કરવાનો ઉત્સાહ પણ વધી જાય છે.

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## સાર્ધ શતાબ્દીએ ગાંધી...

ગાંધીજીની સાર્ધ શતાબ્દીએ પૂ. બાપુને વંદન.

આપણી વચ્ચેથી બાપુને ગયા લગભગ ૭૧-૭૨ વર્ષ થયા. આપણે ગાંધી શતાબ્દી ઉજવી. ૧૨૫ વર્ષની ઉજવણી કરી. આજે ૧૫૦ વર્ષે સાર્ધ શતાબ્દી ઉજવીએ છીએ. ત્યારે એક વાત ચોક્કસ છે કે ગાંધી આપણી સાથે શાશ્વત છે. ગાંધીએ દેશને લાંબી નિંદ્રાંથી જગાડ્યો, રાષ્ટ્રીય ચેતના જાગૃત કરી, સ્વરાજ્યનું સ્વપ્ન સાકાર કર્યું. સામાજિક અને ધાર્મિક વિચારધારામાં મોટું પરિવર્તન ગાંધીયુગથી થયું તેમ કહેવું અસ્થાને નહીં ગણાય.

હા, ગાંધીને આપણે સંપૂર્ણ સ્વીકાર્યા નથી. ગાંધીના વિચારો, આદર્શો અને કલ્પનાઓને આપણે મૂર્તિમંત કરી શક્યા નથી.

આજે ૧૫૦ વર્ષે આપણે ગાંધીના સ્વપ્ન અને તત્ત્વ વિચારને યાદ કરીએ.

ગાંધી પાસે સ્વરાજ્યનું એક સ્વપ્ન હતું, રૂપરેખા હતી, આયોજન હતું, આપણે તેમના જ શબ્દોમાં જાણીએ...

ભારત વર્ષના આદર્શ ગામડાની રચના એવી હશે કે, તેમાં સંપૂર્ણ સ્વચ્છતા જાળવવાની અનુકૂળતા હોય. તેમાં પૂરતાં હવાઉજાસવાળી ઝૂંપડીઓ હશે અને તે આસપાસના પાંચ માઈલના ઘેરાવામાંથી મળતી સાધનસામગ્રીથી બાંધવામાં આવી હશે. ઝૂંપડીને લગતો વાડો પણ હશે, જેથી તેમાં વસનાર માણસો પોતાના ઘરના ઉપયોગ પૂરતાં શાકભાજી તેમાં ઉગાડી શકે અને ઢોર રાખી શકે. ગામડાના રસ્તાઓ તથા શેરીઓ બની શકે તેટલાં ધૂળરહિત બનાવવામાં આવશે. ગામમાં જરૂરિયાત જેટલા કૂવાઓ હશે અને સૌને તેમાંથી પાણી ભરવાની છૂટ હશે. સૌને માટે ઉપાસનાનાં સ્થાનો હશે, એક સાર્વજનિક સભાસ્થાન હશે, ઢોરને ચરવા માટે ગોચર હશે, સહકારી પદ્ધતિથી ચાલતું દુગ્ધાલય, ઔદ્યોગિક શિક્ષણને કેન્દ્રમાં રાખીને ચાલતી પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ અને ઝઘડાઓ પતાવવા માટે પંચાયતો હશે. ગામડું પોતાના ખપ પૂરતાં અનાજ, શાકભાજી અને ફળફળાદિ પકવી લેશે અને ખાદી તૈયાર કરશે. આદર્શ ગામડા વિષેની મારી કલ્પનાની આ રૂપરેખા છે.

ગામ લોકોને બુદ્ધિપૂર્વકની દોરવણી મળે તો વ્યક્તિગત આવકથી નિરાળી અને આખા ગામની આવક બેગણી કરી શકે એવી મને ખાતરી છે. આપણાં ગામડાઓમાં સાધનસામગ્રીનો અખૂટ ભંડાર પડેલો છે. એ બધાનો વેપારી હેતુઓ માટે ઉપયોગ ન થઈ શકે પણ સ્થાનિક

અને ઘરગથ્થુ હેતુઓ માટે તો લગભગ બધી જ વસ્તુઓનો ઉપયોગ થઈ શકે. ભારે દુઃખદ વાત તો એ છે કે, ગામડાંના લોકો, પોતાની સ્થિતિ સુધારવાને જરાયે તત્પર હોતા નથી.

*હરિજન - જાન્યુ ૧૯૩૭*

આપણે શિક્ષિતો અને ભદ્ર લોકોએ ગ્રામવાસીઓ માટે શું કરવું જોઈએ તે વિષે ગાંધીજી લખે છે.

આજ સુધી ગ્રામવાસીઓ હજારોની સંખ્યામાં મૂઆ છે આપણને જિવાડવા માટે, હવે આપણે મરવું જોઈશે તેમને જિવાડવા માટે. ગ્રામવાસીઓ અજાણપણે અને અનિચ્છાએ મૂઆ. તેમના પરાણે અપાયેલા બલિદાને આપણી અધોગતિ કરી છે. હવે આપણે જ્ઞાનપૂર્વક અને સ્વેચ્છાએ મરીશું તો આપણું બલિદાન આપણને અને આખી પ્રજાને ઉન્નત કરશે.

*યંગ ઈન્ડિયા એપ્રિલ ૧૭, ૧૯૨૪.*

તેમની વચ્ચે બેસી જઈને તેમના ખેરખાં તરીકે નહીં, પણ તેમના ભાગીદાર તરીકે, તેમના બરદાસી તરીકે, તેમના સેવકો તરીકે અટલ શ્રદ્ધાપૂર્વક કામ કરીએ અને 'સંપન્ન' લોકોને ભૂલી જઈએ, એ જ એકમાત્ર રસ્તો છે. આપણે ગામડાંઓનું આડંબર વિનાનું કામ ઉપાડી લઈએ.

*હરિજન મે, ૧૬, ૧૯૩૬*

તો આ હતુ ગાંધીનું ૧૯૨૦-૧૯૩૦ના દાયકાનું સ્વપ્ન.

આજે ગામડું ક્યાં છે ? કેવું છે ? અને શું છે ? તે અંગે વિચાર કરવો રહ્યો. શહેરીકરણ તે સમયનો તકાદો છે ? કે આપણે ઉભી કરેલી સમસ્યા છે ? માનવજીવનની ગુણવત્તા ગામડામાં અને શહેરમાં ગાંધીના ગયા પછી ખરાબ થઈ હોય તેમ નથી લાગતું ?

આગળ ચાલીએ, દેશ સ્વતંત્ર થયો ગાંધીની મથામણ ચાલુ જ હતી. ૧૯૪૮ જાન્યુઆરી ૨૬મીએ પ્રાર્થના સભામાં ગાંધીજી જણાવે છે.

ત્યારે આજે આપણે શાને માટે અને શાનો ઉત્સવ ઊજવીએ છીએ ? આપણી આશાઓ ખોટી ઠરી એનો ઉત્સવ કરવા બેઠા છીએ ? પરંતુ આપણા દિલમાં જે એક નવી આશાનો ઉદય થયો છે તેનો ઉત્સવ ઉજવવાનો આપણે જરૂર અધિકાર છે. તે આશા એવી છે કે, ઘેરાં વાદળ હવે હઠી ગયાં છે, આપણે એવે રસ્તે પડ્યા છીએ કે, અદનામાં અદના દરજ્જાના ગામડાના વતનીની ગુલામીનો અંત આવશે, તે હિંદનાં શહેરોનો ગુલામ બનીને હવે જીવનાર નથી. અને ગામડાંઓમાં વિચાર તેમ જ યોજનાપૂર્વક ચલાવવામાં આવનારા ઉદ્યોગ-ધંધાઓ વડે પેદા થયેલા માલની જાહેરાત તેમ જ વેચાણ માટે શહેરના લોકોનો તે ઉપયોગ કરશે. ગામડાંનો વતની હવે સાબિત કરી આપશે કે, પોતે ખરેખર હિંદની ભૂમિનું ખમીર છે. આ રસ્તે ચાલતાં, આગળ જતાં આખરે સૌ, બધા વર્ગોને ધર્મો રખા બનીને આ ભૂમિમાં આબાદ થશે. વળી આ ભૂમિમાં એવું કદી નહીં બને કે, લઘુમતીની સંખ્યા ગમે તેટલી નાની હોય તોયે અથવા તે ગમે તેવી નજીવી હોય તોયે, તેના પર બહુમતી પોતાનો દોર ચલાવી શકે અને તેને તુચ્છકારી અમે ઊંચાને તમે નીચા એવા ભાવ રાખી શકે. આ શાખાને પ્રત્યક્ષ ફળીભૂત થવામાં આપણે હવે ઝાઝો વખત જવા ન દઈએ, કેમ કે, એવી ઢીલથી લોકોનાં દિલ ખોટાં થઈ જશે.

આ હતું ગાંધીનું રામરાજ્યનું, ગ્રામ સ્વરાજ્યનું સ્વપ્ન.

આ અંગે ગાંધીજી કેટલા પ્રતિબદ્ધ હતા તે જોઈએ.

એક પત્રકારે ગાંધીજીને પૂછ્યું કે સ્વતંત્રતા મળવાની સાથે કૉંગ્રેસ અને સ્વતંત્ર ભારતની સરકાર ગાંધીજીના રચનાત્મક કાર્યોની અવગણના કરે છે. ભૂલી ગઈ છે અને ગાંધી વિચારને દફનાવી દીધા છે.

ગાંધીજીએ ખૂબ સ્પષ્ટ જવાબ આપ્યો.

'જીવતો દાટ્યો ?' એ મથાળા નીચે ગાંધીજીએ હરિજનમાં એનો જવાબ આપ્યો છે : 'હજી મને જીવતો દાટ્યો નથી, એ આશાને હું વળગી રહું છું. આમ જનતાએ તેમાંથી (તેમના આદર્શોમાંથી) શ્રદ્ધા નથી ગુમાવી એ

માન્યતાને આધારે હું એ આશા સેવી રહ્યો છું. તેમણે એ શ્રદ્ધા ગુમાવી છે એ પુરવાર થશે ત્યારે તેમનું આવી બન્યું જાણો અને મને જીવતો દાટી દેવામાં આવ્યો છે એમ કહી શકાશે. પણ જ્યાં સુધી મારી શ્રદ્ધાની જ્યોત જેવી ને તેવી ઝળહળતી રહેશે - મને આશા છે કે હું એકલો પડી જાઉં તોયે જ્યોત ઝળહળતી રહેશે - ત્યાં સુધી કબરમાં પડ્યો પડ્યો પણ હું જીવતો રહીશ અને વિશેષ તો એ કે, ત્યાંથી બોલતો પણ રહીશ'.

આજે પણ ગાંધી એક યા બીજા સ્વરૂપે બોલતો રહે છે. તેનું સ્વપ્ન યાદ કરાવે છે એ સાચું છે કે આપણે ગાંધીને જીવતો દાટી દીધો છે.

ખેર ! આપણે ગાંધીના સામાજિક, આર્થિક અને ધાર્મિક વિચારને મૂર્તિમંત કરી શક્યા નથી પણ ગાંધીએ આપેલા શાશ્વત મૂલ્યોને યાદ કરી જાળવી રાખવા ખૂબ જરૂરી છે. સત્ય, અહિંસા, પ્રેમ અને કરુણામાં ગાંધીની અતૂટ શ્રદ્ધા એ જ ગાંધીને માનવમાંથી મહામાનવ બનાવ્યો. ભારતના જનસમૂહમાં ગાંધી મહાત્મા અને સંત તરીકે હંમેશા જીવતો રહેશે.

ગાંધીની આત્મકથાના અંતના છેલ્લા વાક્યોને યાદ કરી ગાંધીજીને કોટી કોટી વંદન.

હું મારામાં સંતાઈ રહેલા વિકારોને જોઈ શક્યો છું. શરમાયો છું. પણ હાર્યો નથી. સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂંટ્યો છે. આજે લૂંટી રહ્યો છું. પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને સારુ મારે શૂન્યવત્ બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. અને એ નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી એ અનુભવસિદ્ધ વાત છે. એ નમ્રતાની પ્રાર્થના કરતો, તેમાં જગતની મદદ યાચતો અત્યારે તો આ પ્રકરણોને બંધ કરું છું.


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો-પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.

gharashala@saraswatividyamandal.org

www.saraswatividyamandal.org/publication

જશીબહેન નાયક



મૈત્રી સોસાયટી, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫.

## પચાસ વર્ષની ઉજવણીનું મંગલાચરણ

બીજા દિવસે અમારી મંડળી ઉદ્‌ઘાટન સમારંભ માટે વિચારણા કરવા ભેગી થઈ. દિવસ અને તારીખ નક્કી થઈ. હવે એ ઉદ્‌ઘાટનના કાર્યક્રમનું ગૌરવ વધે, પ્રતિભા જળવાઈ રહે અને અનોખા શિક્ષણકારોને શોભે એવું સ્તર પણ સચવાઈ રહે એ બધું ધ્યાનમાં રાખી અને કાર્યક્રમ ઘટ્યો. સભામંડપમાં સૌ જોઈ શકે એવા ખૂણામાં પચાસ દિવાઓ પ્રગટાવવાનું ટેન્ટ કર્યું. તે જ સ્થળે સરસ્વતીનો ફોટો અને દિપ પ્રાગટ્યનું સ્થાન નક્કી થયું. આ કાર્યક્રમને મંગલસ્વરૂપ આપવા છએ શાળાના બાળકો સભા શરૂ થતા પહેલાં સાદુ નૃત્યુ કરીને આનંદોત્સવ પ્રગટ કરે અને આનંદોત્સવ વાતાવરણમાં ફેલાવે એવું સુરીલું સંગીત પણ વાતાવરણમાં પ્રસરે તેવો કાર્યક્રમ ઘડાઈ ગયો.

**<u>મંગલ પ્રસંગની શરૂઆત</u>**

તે દિવસના પ્રમુખ ભાઈશ્રી નરહરિ અમીન હતા. તેઓ ખૂબ ખુશીથી અહીં આવવા માટે તૈયાર હતા. સવારના સાત વાગ્યા હતા. વાતાવરણમાં ઠંડક હતી. ઘટાદાર વૃક્ષો ઉપર પવનની લહેરીઓ જાણે પોતાની ખુશી અને ઉલ્લાસ પ્રગટ કરી રહ્યા હતા. આ ઘટાદાર વૃક્ષનાં પાંદડાઓ પણ પચાસ વર્ષનો ઉત્સવ ઉજવવા આતુર હોય તેમ માની ઉઠતા. સરસ્વતીના એ વિશાળ પ્રાંગણમાં છ-એ શાળાના બાળકો સ્વચ્છ યુનિફોર્મમાં ગોઠવાઈ ગયા હતા. છ-એ શાળાઓને આ વિશાળ મેદાનમાં ચોક્કસ જગાઓ આપવામાં આવી હતી. (૧) શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય (૨) જે. એન. બાલિકા વિદ્યાલય (૩) અસારવા વિદ્યાલય (૪) સરસ્વતી કુમારશાળા નં. ૧ (૫) સરસ્વતી કુમારશાળા નં. ૨ (૬) બાલભારતી. નાનાં ભૂલકાઓનું એક ગ્રૂપ બાલભારતીનું હતું. બીજું ગ્રુપ સરસ્વતી કુમારશાળા નં. ૧નું હતું. ત્રીજું હતું સરસપુરની હિંમાશું બાલમંદિરના બાળકોનું ગ્રુપ. ઉદ્‌ઘાટન સ્ટેજથી આગળ વિદ્યાર્થીઓની લાઈનો કમ્પાઉન્ડના છેડા સુધી છવાઈ ગઈ હતી. યૌવને જાણે ધરતી પર છવાઈ ગયું હતું. આ વિશાળ કમ્પાઉન્ડ ઉપર નજર નાંખતા શિક્ષકો, આચાર્યો, ઓફિસ સ્ટાફ પટાવાળા સૌ આ દૃશ્ય જોઈને ગૌરવ અનુભવી રહ્યા હતા. આ કમ્પાઉન્ડમાં છ હજાર બાળકો બેઠા હતા. "બાળકોથી છવાયેલું સરસ્વતીનું કમ્પાઉન્ડ કેટલું ગૌરવ ભર્યું દૃશ્ય બનાવે છે." કોઈ બોલી ઊઠતું. તો કોઈ ભાવના શાળી શિક્ષક બોલતો કે આપણે કેટલાં બધાં બાળકોના વાલીઓ છીએ. આમ આજે સૌના મોંઢામાંથી ગૌરવભર્યા શબ્દોને અને તેમની ભાવનાને ભાષા મળતી હતી અને સરી પડતી. આ વિશાળ સમુદાયને શોભાવે એ માટે રંગ-બેરંગી ધજાઓની ત્રણ દિશાઓમાં બોર્ડર બનાવવામાં આવી હતી. અમે આ સમુદાય સભાને ગોરવથી જોઈ રહ્યા હતા ત્યાં પ્રવેશદ્વાર પાસે શાળાના બેન્ડથી વાતાવરણ ધમધમી ઊઠ્યું. અમારા પચાસ વર્ષના ઉદ્‌ઘાટન પ્રમુખ આવી પહોંચ્યા હતા. પ્રમુખશ્રી નરહરિભાઈ અમીન શાળાના પ્રવેશદ્વારે આવી ગયા ત્યારે આચાર્યો અને મંડળના સભ્યો તેમનું સ્વાગત કરવા ત્યાં હતા. શ્રી અમીનને સભાખંડ તરફ તે વખતના આચાર્ય શ્રી જોગાણી સભામંડપ તરફ લઈ જતા હતા. શ્રી નરહરિભાઈને પ્રમુખ બનાવવાનો ફાળો જોગાણીનો હતો. સૌ સ્ટેજ ઉપર ગોઠવાઈ ગયા.

સરસ્વતીની ભગવતીભાઈની સંગીત મંડળીએ સંગીતના સ્વરો સાથે કવિશ્રી ન્હાનાલાલની કવિતા બુલંદ અવાજે શરૂ કરી.

*પચાસ પચાસ દિવાઓ પ્રગટાવો,*
*પચાસ પચાસ ઘંટારવ વગડાવો,*
*આજે ઉત્સવ છે પચાચ વર્ષનો.*



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

આ પંક્તિઓના ઉચ્ચારણની ગાવાની સાથે જ સ્વયંસેવક મંડળીએ પચાસ-દિવાઓ પ્રગટાવ્યા. સંગીત મંડળીએ પોતાની મંડળીમાં બેઠા બેઠા જ ઘંટારવ કર્યો અને મંગળશંખ વગાડ્યો જાણે આખું વાતાવરણમાં માં જમીન, આકાશ અને કાર્યકરો ઝૂમી રહ્યા હતા. દરેકના મોંઢા ઉપર પચાસ વર્ષનો ઉત્સવ છવાઈ ગયો હતો. આ પંક્તિ પૂરી થતાં થતાં બાળકોની એક મંડળી સરસ્વતી પૂજન કરવા પહોંચી ગઈ. માતા સરસ્વતી શારદાનું ગીત ગવાયું. ગીત પૂર્ણ થતાં સરસ્વતીના ફોટા સામે દિવો પ્રગટાવવા અમે સૌ મુખ્ય મહેમાનને દિવા પાસે લઈ ગયા. સાથે સ્ટેજ ઉપર બેઠેલા કેટલાંક મહેમાનો પણ ગયા. આમ દિવાનું પ્રાગટ્ય થયું. સૌ સ્ટેજ ઉપર ગોઠવાઈ ગયા. પ્રમુખશ્રી ખુરશી પર બેઠઠા તે જ ક્ષણે સંગીત મંડળીએ સંગીત શરૂ કર્યું.

*અંગ અંગ રંગ છોળે શ્રીજગની મિજાજ...*

*અંગ અંગે રંગ છોળેના પુનરોચ્ચાર થતાંજ...*

નાનાં ભૂલકાંઓની મંડળી જે સ્ટેજની સામે બેઠી હતી. તેમાંથી એક મંડળી સંગીતના તાલ સાથે પગથિયાં ચડીને સ્ટેજ ઉપર પહોંચી ગઈ. અંગ અંગેની પંક્તિઓ સાથે આ મંડળી પોતાના પગના-હાથના તાલ મિલાવતી હતી. તાલ સાથે પગથિયા પર ચડતી આ મંડળી સ્ટેજ ઉપર પહોંચી. સ્ટેજ ઉપર પહોંચતા જ સંગીત મંડળીએ ગીત શરૂ કર્યું. બાળકો નૃત્ય કરવા લાગ્યા. "રંગ રાગ પરાગની જામી આજે જગને પનઘટ. જુઓ મૃદ વસંત આવે. સાંહે ફાગ-સુહાગ ગગનમાં. કોની વીણા જગમાં."

પંક્તિ પૂર્ણ થતાં "ચાલ્યો ઉત્સવ પચાસ વર્ષનો પ્રાંગણમાં" સંગીત મંડળીએ છેલ્લી લીટી પૂરી કરી અને અંગે અંગ રંગ છોળ શ્રી જગની મિજાજ એ પંક્તિઓના તાલ સાથે રંગરાગવાળી ભૂલકાંઓની ટોળી પોતાની જગ્યાએ બેઠી અને તરત જ બીજી મંડળી ઊઠી. અને એ જ અંગે અંગના તાલ સાથે બીજી મંડળી ઉપર આવી. સંગીત મંડળીએ શરૂ કર્યું. "સરવાણી આનંદભણી આવી. મુજને છલકાવી છે. આ પ્રેરક કવિતા ઉપર જે. એન. બાલિકાની બહેનોએ રાસની રમઝટ બોલાવી.

આમ દરેક મંડળીને પાછા મોકલવાની અને બીજી નૃત્ય મંડળીને આવકાર આપતી બે ગીતોને સાંકળતી રંગ છોળેને વાળી પંક્તિઓ છ મંડળીઓએ પચાસ વર્ષની ઉજવણી વ્યક્ત કરે એવા ઉત્સવ ગીતો સાથે દરેક શાળાની મંડળી સ્ટેજ ઉપર નૃત્ય કરી ગઈ. જેમાં હતું "વને વને પ્રગટે કોની આજ ખુશાલી" વગેરે આનંદ ઉત્સવના ગીતો હતા.

આમ રંગોનો ઉત્સવ વીસ મિનિટ ચાલ્યો. આ આનંદ ઉત્સવે સૌના મનને પચાસ વર્ષની ઉજવણીથી ભરી દીધા હતા. પછી સંસ્થાના પ્રમુખે પચાસ વર્ષનો ઈતિહાસ ટૂંકમાં કહ્યો. મહેમાનને આવકાર અપાયો. છેલ્લે શ્રી નરહરિભાઈ અમીને કહ્યું કે આવા સારા ઉત્સવમાં શું બોલવું તેની સમજણ પડતી નથી. પણ ગુજરાતમાં નવી ભાત પાડતી આ શાળાને પચાસ-પચાસ દિવાઓના પ્રાગટ્ય અને પચાસ ઘંટારવ સાથે આ ઉત્સવનું ઉદ્દઘાટન કરું છું. એમનું વક્તવ્ય પૂરું થતાં પચાસ-પચાસના ગુચ્છ સાથે રંગબેરંગી ફુગ્ગાઓ ચારે દિશામાં ઉડાડવામાં આવ્યાં. આકાશમાં વહેતા મૂકવામાં આવ્યા. આમ સમારંભ પૂરો થયો.

સરસપુરના લત્તાઓમાં સભાનો કાર્યક્રમ પૂરો થયો. ઉદ્દઘાટન પ્રવચનો, સાંસ્કારિક કાર્યક્રમ દિવાનું પ્રાગટ્ય અને રંગ-બેરંગી ફુગ્ગાઓ દ્વારા પ્રસરેલી ભાવનાઓથી મન લાગણીસભર ભરાઈ ગયું હતું.

**<u>છ હજાર બાળકો લત્તાની શેરીઓમાં</u>**

આ લાગણીઓ સાથે દરેક શાળાના બાળકો સરઘસ આકારે ગોઠવાઈ ગયા. છએ શાળાનાં બાળકોનું એ લાંબુ સરઘસ સરસપુરની ગલીઓ, રસ્તાઓ ઉપર છવાઈ ગયું. આગળ રઘુભાઈ, વિઠ્ઠલભાઈ અને સરસ્વતી વિદ્યામંડળના સભ્યોએ ચાલવાની શરૂઆત કરી. સરસ્વતી જિંદાબાદના નારાઓથી માત્ર સરસ્વતીનું મેદાન જ નહિ પણ સરસપુર-અસારવા પણ ગુંજી ઊઠ્યું. રસ્તાઓ ઉપર આવેલા ઘરોમાંથી વાલીઓ ફૂલો લઈને બહાર નીકળી પડ્યા હતા.

દુકાનોમાંથી દુકાનદારો અમને ઊભાં રાખીને તિલક કુમકુમ કરતા, હારો પહેરાવતા. છે શાળાની બેન્ડ મંડળીઓ સરસ ગીતો વગાડી રહી હતી. આ સરઘસનું પ્રથમ ગ્રુપ અસારવાના પુલ ઉપર પહોંચ્યું ત્યારે છેલ્લું ગ્રુપ સરસપુરમાં હતું. આટલું લાંબુ આ સરઘસ હતું. ખાનગી બેન્ડોની કંપની ચલાવતા જૂના વિદ્યાર્થીઓ આ સરઘસમાં જોડાઈ ગયા. આમ સાડા પાંચ હજાર વિદ્યાર્થીઓની લાઈન-સરઘસ બાલભારતીના કેમ્પસમાં પહોંચ્યું. બાલભારતીના મેદાનમાં બાળકો જાણે માઈ શકતાં નહોતા. તેઓ હરકાતા હતા. સભાના રૂપમાં સૌ બેસી ગયા. સ્વયંસેવકોની મંડળી સૌને ઠંડુ સરબત પીવરાવતી હતી. આ સરબત આગલા દિવસે સાંજે ૨૦-૨૫ મોટા નળાઓમાં બનાવી રાખવામાં આવ્યું હતું. અહીં અમારા મંગલાચરણના કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ. શ્રી રઘુભાઈ અને ઉષાબહેન પટેલના પ્રવચનોથી મંગલાચરણનો કાર્યક્રમ પૂરો થવા આવ્યો. આ કેમ્પસમાં પણ પચાસ દિવાઓ પ્રગટ્યા હતા અને શંખનાદો થયા હતા. અમારા આશ્ચર્ય વચ્ચે એક જૂના વિદ્યાર્થી કે જેમને મીઠાઈની દુકાન છે એમણે બે બુંદીના લાડુ અને ગાંઠિયાના છ હજાર પડીકાઓ બનાવ્યા હતા એ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. સંસ્થાના કાર્યકરો માટે પ્લેટો તૈયાર રાખવામાં આવી હતી. એ સૌએ પણ આનંદોત્સવ મનાવતાં મીઠું મોં કર્યું. આમ આ તે દિવસનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ ઉત્સાહ અને આનંદ વચ્ચે પૂરો થયો. સૌના હૈયામાં હરખ જાણે સમતો ન હતો. આખાય પ્રસંગની એક આભા હતી. આખાય પ્રસંગને પ્રતિષ્ઠા મળી હતી. જૂના વિદ્યાર્થીઓએ રઘુભાઈને ઊંચકી લઈને ખભા ઉપર બેસાડીને ફેરવ્યા હતા. એ તો એક અમૂલ્ય પ્રસંગ અમારે મન હતો. આ જૂના વિદ્યાર્થીઓ સરકારી કર્મચારીઓ પણ હતા. તે દિવસે ચમનપુરાની એક આખી મંડળીએ પોતાના જોબમાંથી સી.એલ. લીધી હતી. આ મંડળી પણ અમારા કાર્યક્રમમાં અને રેલીને સત્કારવા જોડાઈ હતી. સભા પૂરી થતાં પહેલાં જ આ મંડળીએ ચમનપુરા રોજને શણગારીને હર્ષથી નાચી હતી. એ લોકોનું આનંદનૃત્ય લગભગ પંદર મિનિટ ચાલ્યું હતું. મંડળના એક સભ્ય તો એમ પણ બોલી ઉઠ્યા કે રઘુભાઈ અમદાવાદમાં આવું સન્માન કોઈ શાળાના આચાર્યને મળ્યું નહિ હોય !

આમ લાગણીભરી ભાવનાઓના ઉદ્‌ગારો સંભળાતા હતા. સવારે ૭-૦૦ વાગે ભેગા થયેલાં સૌ બપોરે ૨-૦૦ વાગે છૂટા પડ્યા. આમ પચાસ વર્ષના ઉત્સવનો પ્રારંભ થયો. આવો ગૌરવભર્યો સુવર્ણજયંતીનો પ્રારંભ થયો.

## સુવર્ણજયંતી રંગભૂમિ પર...

એક શિક્ષકે આવીને કહ્યુ, "જશીબેન, ઉદ્‌ઘાટન પ્રસંગ તો તે દિવસે આપણા સરસ્વતી પરિવારના સૌ સભ્યોના રગેરગમાં સવારના ૭ થી બપોરના ૨ સુધી ધબકી રહ્યો હતો. ધૂળેટીના દિવસે સૌ રંગોનો ઉત્સવ મનાવે અને ધૂળેટીને ઉજવે ત્યારે સૌ એમ માને કે અમે ધૂળેટી ઉજવી. એવો ઉત્સાહ અને ભાવના સરસ્વતીના સૌમાં હતી. સૌ એવું બોલતા કે, આપણો ઉત્સવનો પ્રસંગ ખૂબ સરસ થઈ ગયો. આ શબ્દોમાં એકેએક કાર્યકરોનું પોતાપણું ધબકી ઉઠ્યું હતું.

હું મનમાં વિચારી રહી હતી કે "અમે સુવર્ણજયંતી ઉજવી (સંસ્થાએ નહિ પણ અમે) એ ભાવના હવે રંગભૂમિ પર લાવવી છે" એ ભાવનાને મૂર્તિમંત કરવા માટે હવે સખત પરિશ્રમ કરવો જ જોઈએ. વિચારથી અને અમલમાં મૂકીને, શારીરિક શ્રમથી, આ કામ કરવું છે. એ વિચારોમાં હું સતત રહેતી અને કાર્યક્રમને સફળ સારું સ્વરૂપ આપવાના વિચારો બે-ત્રણ અઠવાડિયા સુધી મારા મનમાં ઘોળાતા હતા.

સૌથી પહેલા તો એવો વિચાર આવ્યો કે દરેક શાળાના એકાદ બે શિક્ષકોને શાળાની રંગભૂમિને શોભે તેવા નાટકો શોધી કાઢવા વિનંતી કરવી. થોડા જ સમયમાં અમે છ નાટકો પસંદ કર્યા. સરસ્વતીને ફાળે "સિદ્ધાર્થનું સ્વપ્ન"


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

એ નાટક ગયું. અસારવા વિદ્યાલયને "એકલવ્ય" નાટક સોંપાયું. જે. એન. બાલિકા વિદ્યાલયને બહેનો હોવાથી સંગીતમય કાર્યક્રમ "વસંત દર્શન" નામની નૃત્યકથા સોંપાઈ. પ્રાથમિક શાળા સરસ્વતી કુમારશાળા નં. ૧ શ્રી હરભાઈ ત્રિવેદી લિખિત "ભયનો ભેદ" સોંપાયું. સરસ્વતી કુમારશાળા નં. ૨ ને ફાળે "ટેકરીપરનું ઘર" "મા ભારતી" અને બાલભારતીને ફાળે ગયું. આમ છ-એ નાટકો બાળકોને ભજવવામાં ખૂબ આનંદ આવે અને દરેક પાત્ર બાળકો વિકસે એવી રીતના નાટકો અમે પસંદ કર્યા. દરેક બાળક પ્રેક્ટિશ કરે અને પોતાના પાત્રની સાથે એકરૂપતા કેળવે એ અમે જોઈ શકયા. પ્રથમથી ત્રીજા અઠવાડિયા સુધીની પ્રેકટિશમાં બાળકોના વ્યવહારમાં, ભાષામાં, હલન ચલનમાં જે ફેરફારો હતા તેમાં અમે સૌ એ લોકોના વ્યક્તિ-વિકાસના (અંગત વિકાસ personality Development) અને જોઈ શકતા હતા. અમારું એ જ ધ્યેય હતું કે બાળકો વિકસે. મહત્ત્વનું બીજું પણ ધ્યેય હતું કે સંસ્થાને (અમારી) ૫૦ વર્ષ પૂરા થયા છે. એવી ભાવના ઊભી થાય અને એ ભાવના ધીમે ધીમે બાળકોના મનમાં જન્મવા લાગી.

ઘેર જઈ બાળકો કહેતા અમારી શાળાને ૫૦ વર્ષ પૂરા થયા છે. એટલે અમે નાટ્યોત્સવ કરવાના છીએ. "બા, હું બુદ્ધ થયો છું." "બા હું હંસ થયો છું". "પપ્પા, હું એકલવ્ય બન્યો છું." "મમ્મી અમે એકલવ્યની બહેનો બનીએ છીએ." "મોટાભાઈ હું અને મારા બીજા દોસ્તો પાંચ પાંડવો બન્યા છીએ અને દ્રોણાચાર્ય બનેલો વિદ્યાર્થી વર્ગમાં જયારે તક મળે ત્યારે કહે તો કે હું દ્રોણાચાર્ય છું. તમારે બધાએ મારી પાસેથી બાણવિદ્યા શીખવી છે. એક મારી પાસેથી બાણવિદ્યા શીખવી છે. એક દોસ્ત બીજાને કહે તો કે હું તો "એકલવ્ય" નાટકમાં શ્વાન બન્યો છું. મારું ભસવાનું બંધ કરીને સરસ્વતીનું પૂતળા સામે વિદ્યા શીખી છે. કોઈવાર એવો પ્રશ્ન થાય છે કે એકલવ્યના બાણથી મોં બંધ થયું એ શ્વાન કેટલો નસીબદાર હશે ! શ્વાન બનવામાં હું ગૌરવ અનુભવું છું. નાનાં બાળકો કહેતા, ગોવાળ બનીને જંગલમાં ફરવાની ખૂબ મઝા પડે છે. ત્યારે સંગીતદેવી કહેતી કે મારા સંગીતથી ડરીને ભય સંતાઈ જાય છે. ત્યારે ભય બનેલો બાળક કહેતો કે ભલે હું ભયથી બધાને ધ્રુજાવું પણ આખરે હું પડદા પાછળ પ્રેમનું પાત્ર ભજવું છું.

આમ અમે પ્રેક્ટિશ કરાવનારા જે શાળામાં જતા તે શાળામાં બાળકોની વાતો સાંભળતા ત્યારે એમ થતું કે બાળકોનું પાત્રો સાથેનું ઐક્ય એ સુવર્ણ જયંતીનું એક મહત્ત્વનું પાસું છે. કેટલાક વાલી મિત્રો તેમનાં બાળકોને પૂછતાં કે તમે હવે કેમ નાટકો કરવા લાગ્યા છો ? ત્યારે એકી અવાજે જવાબ આપતા કે અમારી શાળાને પચાસ વર્ષ પૂરા થયા છે. અમે તે ઉત્સવ ઉજવવાના છીએ.

શાળાના ઉત્સવમાં સૌ ખૂબ કામમાં લાગી ગયા વિઠ્ઠલભાઈ તમામ કાર્યક્રમની બધી જ વિગતોમાં ઝીણવટથી રસ લઈ જરૂરી દોરવણી આપતા સંગીત મંડળીના સભ્યો તેમને ક્યાં વધુ પ્રેક્ટીશ કરવાની જરૂર છે. તેની જ વાતો કરતા. આમ ક્યારેક નાટકોની પ્રેક્ટિશ જોવા અને વિઠ્ઠલભાઈને બોલાવતા. આ પ્રેક્ટિશમાં એક વખતે એવો પણ પોઈન્ટ આવી જતો કે શ્રી વિઠ્ઠલભાઈની આંખમાં આંસુ આવી જતા. હસતાં હસતાં સંગીત મંડળીનો એકાદ સભ્ય એમ કહે કે વિઠ્ઠલભાઈ અમને પ્રેક્ટિશ વખતે તમને બોલાવતા ડર લાગે છે. નાટકના કોઈ એક દૃશ્યમાં તમે જરૂર રડી પડો છો એટલે અમે તમને બોલવવાના નથી. તો ઘણીવાર રઘુભાઈ પણ આવતા. પણ છે- શાળાની પ્રેક્ટિશમાંથી એકાદ શાળાની પ્રેક્ટિશમાં અચૂક હાજર રહેતા અને કહેતા કે હું પ્રેક્ટિશ જોઉં છું. ત્યારે મારા રોજના કામનો થાક ઉતરી જાય છે આમ તેઓ પણ રંગભૂમિ પર ઐક્ય અનુભવતા. ધીરે ધીરે છ-એ શાળાના આચાર્યો પણ પ્રેક્ટિશમાં હાજર રહેવા લાગ્યા. તેઓને પણ પોતાના બાળકોને પાત્રો સાથે ઐકય અનુભવતા જોઈ મનમાં ખૂબ ખુશ થતા. દરેક આચાર્યને એમ થતું કે પોતાનું નાટક સુંદર ભજવાય તો સારું આમ અમે જેટલા દિવસ નાટકોની પ્રેક્ટિશ કરી એટલા દિવસો જાણે અજાણો પચાસ વર્ષનો

ઉત્સવ ઉજવતા આ એવી લાગણી અનુભવતા હતા.

આમ અમારી તૈયારી સારી હોવાથી અમારા નાટકો શહેરના ટાઉનહોલમાં સારી રીતે ભજવાયા. સરસપુર, અસારવા અને પછી તો એલિસબ્રિજના ટાઉનહોલ સુધી અમારી સુવર્ણજયંતી પ્રસરી ગઈ. છએ શાળાના ઉત્સવો બાર મહેમાનો સાથે પૂરા થયા. મને એમ પણ થતું કે જેમ બાળકોનું ઈન્વોલમેન્ટ થયું એમ છએ આચાર્યનું પણ ઈન્વોલમેન્ટ થયુ અને જાણે નાટકોના પાત્રો દ્વારા જુદી રીતે બાળકોને સમજવા લાગ્યા એ હું જોઈ શકી. ત્યારે મને એમ થયું કે સુવર્ણ જયંતીની ઉજવણી સફળ થઈ. આમ સરસ્વતીની સુવર્ણ જયંતીના ઉત્સવનું પ્રથમ ચરણ શું થતું

## ગુરુ પિતાની મહાનતા

બગીચામાં આવેલા હિંડોળા ઉપર બેસવાનું મન થયું. જ્યારે હું બહુ વિચારોએ ચડી જાઉં ત્યારે હિંચકો મારું પ્રિય સ્થાન બની જતું. પ્રશાંત બાની સાથે હતો એટલે બહારના વરંડાના હિંચકા પર બેસવાનું સારું લાગ્યું અને જોરથી હિંચકા ખાવા લાગી. હિંડોળાનું હલન-ચલન મનના વિચારો સાથે ચાલતું હતું. બગીચામાંથી વરંડાના હિંચકામાં આવી સવારની ચા પીતાની સાથે અમદાવાદના સરસપુરમાં આવેલી સરસ્વતી હાઈસ્કૂલને લેવાની બધી વિધિઓ ફાઈનલ થઈ ગઈ છે અને બને તેટલા જલદી જવાનું થશે એમ રઘુભાઈએ કહ્યું. પછી મન ખૂબ વિચારે ચડ્યું. મનની અસ્વસ્થતા જાણે વધતી જતી હતી. સરસપુરનો પ્રોજેક્ટ, શાળાએ એક ગરીબ લત્તામાં બેસવાનું મિશન હતું. બુદ્ધિપૂર્વક એ વાત મન સ્વીકારતું હતું, તો બીજી તરફ ભાવનગર જ્યાં જન્મીને માતા-પિતાની છાયામાં હું મોટી થઈ એ સ્થળને અને વ્હાલસોયા માતા પિતાને છોડવાની અકળામળ અસહ્ય બનતી જતી હતી.

એક બાજુ ‘ઘરશાળા’ની પ્રતિષ્ઠા સારી જામી હતી શિક્ષણના કાર્ય સાથે ગુરુમિત્ર જેવા પિતાને છોડવાના અકળામણે મનમાં જોર જમાવ્યું હતું. હું મારા મનને પૂછ્યા કરતી કે માતા-પિતાને છોડીને કેમ જવાશે ? પિતાની વહાલસોયી છાયા નીચેની જવાની પળ હું જીરવી શકીશ ખરી ? આ પ્રશ્નની સાથે જ રઘુભાઈએ સ્વીકારેલા મિશનમાં ખભેખભો મિલાવીને કામ પણ કરવું હતું. આવા ડાયેલેમામાં હું હતી તે જ વખતે વહાલસોયા પિતાનો અવાજ સંભળાયો. શું વિચારમાં છો બેન ? પિતાના અવાજની સહાયત મળી. હું જાગ્રત બની. “નાના ભાઈ, લ્યો, તમે અહીં હિંચકા સુધી આવી પહોંચ્યાં તેની મને ખબરે ય ન પડી. હા...શ... મને જ્યારે તમારી મદદની જરૂર છે ત્યારે જ તમે આવી પહોંચ્યા નાનાભાઈ મારી પાસે આવીને બેઠા અને કહે કે, “જગતનિયંતાએ પિતા-પુત્ર-પુત્રીઓ વચ્ચેનો પ્રેમ-સંબંધ એવો તો સર્જ્યો છે કે બાળક દુઃખમાં હોય ત્યારે એટલે કે અત્યારે તારા પિતા તારી પાસે આવી ગયા. એમ કહેતા કહેતા તેઓ હાસી પડ્યા અને તેમના હાસ્યથી મને હૂંફ મળી. પણ... તું શું વિચારમાં છો ? કે જેથી અમે આવ્યાં તેની તને ખબરે ય ન પડી. તા. ૬ ૧૧ ૨૦૦૦ મે જબાવ આપ્યો. “સરસ્વતી હાઈસ્કૂલના શ્રી પટેલ સાથે શાળા લઈ લેવાની વિધિઓ પતી ગઈ છે. એટલે હવે અમદાવાદ જવાનું નિશ્ચિત બન્યું છે અને તેથી જ તો નાનાભાઈ મારી બુદ્ધિ અને લાગણીની વચ્ચે એક દ્વંદ્વ યુદ્ધ ચાલી રહ્યું છે. એક તરફ પતિના મિશનમાં સાથ આપવાની વાત મનમાં જોર કરે છે તો બીજી તરફ વહાલસોયા માતા પિતાને છોડવાનું ચિ. પ્રશાંતને બાની છાયા નહિ મળે એવા વિચારોથી હું અકળાઈ ગઈ છું અને અહીં સ્થપાયેલી સંસ્થા ‘ઘરશાળા’ પણ પ્રતિષ્ઠા પામી ચૂકી છે. એવે વખતે ૧૦૦ વર્ષ જૂની માધુભાઈ મિલના કમ્પાઉન્ડમાં જઈને બેસવાનું કામ કરવાનું કાળા ધૂમાડા વચ્ચે શિક્ષણનું કાર્ય કરવાનું આ બધા વિચારોથી મારું મન મૂંઝાય છે.

આમ બોલતાં બોલતાં મારા પિતાને હું વળગી રહી અને રડવા લાગી. થોડી વાર સ્વસ્થ થઈ જોયું તો માતા-પિતા બન્ને આસું લૂછતા હતાં. ચિ. પ્રસાંત અમને જોઈ રહ્યો હતો. ‘બેટા જશીબેન, તારા મનની અકળામણ અમે સમજી શકીએ છીએ. તારી બા પોતાના પ્રિય પ્રશાંતને


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

છોડશે અને એકલી બની જશે એ વિચાર હજી સ્વીકારી શક્યું નથી. નાનપણમાં તું સોળવર્ષની હતી ત્યારે ભણવા ગઈ, પછી લગ્ન કર્યાં અને તું અને રઘુભાઈ ભાવનગરમાં જ રહેવા લાગ્યા ત્યારે હું તારી બાને કહેતો કે દીકરી જમાઈનો ભાવનગરમાં આપણી શિક્ષણ કાર્ય સાથે રહેવાસ ઈશ્વરે જાણે આપણા ઉપર અસીમ આશીર્વાદો વરસાવ્યા છે. પણ તને એક બીજી વાત કહું તમારા જવાથી કુટુંબને મોટી ખોટ પડવાની છે પણ તારો આ પિતા હરભાઈ ત્રિવેદી એક શાળાને શરૂ કરી જન્મ લેતી એ શાળાને જન્મથી જ રઘુભાઈનો સહારો મળ્યો. એ શાળા આ ઘરશાળા છે રઘુભાઈએ જ્યારે આ શાળાની જવાબદારી લીધી ત્યારે મનમાં ત્યારે સ્વર્ગનું સુખ અનુભવું સ્વજનો કાયમ સાથે હશે એ વિચારોમાં શાંતિ મળી. એક શાંતિનો શ્વાસ ખેંચ્યો કે મારો ભાર વહન કરનાર વ્યક્તિ મને મળી ગઈ. એ વ્યક્તિ અહીં નોકરી નથી કરતી. જેવા શિક્ષણકારના સાથની જરૂર હતી એવા શિક્ષક મળી ગયો અને પરિવારને એવો જમાઈ મળ્યો કે પરિવાર જાણે સમૃદ્ધ બન્યો એવી લાગણી હું અનુભવવા લાગ્યો. એ વ્યક્તિમાં નૂતન શિક્ષણના પ્રગતિશીલ વિચારો છે અને બાળકોને યુવાનોને ભણાવીને આગળ લાવવાની તેમની તમન્ના જોઈ ત્યારે મને થયું કે ઈશ્વરે મારા પર એક આશીર્વાદ આપ્યા છે. હવે પછીનું જીવન એમના સથવારાની સાથે સાથે કેળવણીનું કામ કરવાની એક ઓર મજા રહેવાની છે મને તો જ્યારે 'ઘરશાળા'ના આચાર્ય થયા અને પછી તમારું લગ્નજીવન અહીં શરૂ થયું ત્યારે એમ માનેલું કે એક કાયમી શાંતિ જીવનમાં હવે મળી રહેશે 'ઘરશાળા'ની પ્રતિષ્ઠા પણ છેલ્લા ચાર વર્ષથી જામી ગઈ એવે સમયે અમદાવાદમાં એક ગરીબ લત્તામાં કેળવણી સંસ્થાની જવાબદારી લેવાનો રઘુભાઈનો નિર્ણય જાણ્યો ત્યારે હું સ્તબ્ધ થઈ ગયો. દુઃખ થાય છે કે કેમ તેની પણ મને ખબર પડતી નહોતી. તું તો રડી પણ શકે છે. તારી બા પણ રડી શકે છે બહેનો ઉદાસ થઈ પણ હું ? હું તો કોઈ દુઃખ કે સુખ વ્યક્ત કરી શકતો નથી. એકેય વ્યથા હું સમજી શકતો નથી. એકેય વ્યથા હું સમજી શકતો નથી. તને મારી હૂંફ છે. પણ મારી હૂંફ તો (તમ બંનેઃ અમદાવાદ ચાલી જાય છે. નાનાભાઈ ક્યાંય સુધી શાંત રહ્યા...

હિંચકાનો અવાજે શાંતિમાં પ્રસરી રહ્યો હતો. પ્રશાંત બાના પગ આગળ બેઠો બેઠો રમતો હતો. બાના પગને તે વળગ્યા કરતો હતો. અમારા ત્રણેય વચ્ચે શાંતિ પ્રસરી રહી હતી. આમ સાત-આઠ મિનિટ પસાર થઈ ગઈ નાનાભાઈ ઊભા થઈ હિંચકા પાસે આંટા મારવા લાગ્યા.

થોડીવારે તેમનો અવાજ સંભળાયો. જો સાંભળ બેટા, આ તારો પિતા. માત્ર શિક્ષણકાર અને પિતા જ નથી પણ માનસશાસ્ત્રમાં પણ અભ્યાસી છે. એ દૃષ્ટિએ જોઉં તો દરેક માણસના જીવનમાં કંઈકને કંઈક આદર્શ હોય છે. રઘુભાઈ જર્મનીથી આવ્યા ત્યારે ભારતની સીમા આગળ શિક્ષણસંસ્થા કાઢવાની તેમની ઈચ્છા હતી. આદિવાસીઓ વસતા હોય એવી જગ્યાએ જવાની એમની ઈચ્છા હતી. એ વાત, એ ઈચ્છા હું જાણું છું. એમની એ ઈચ્છાને પરિપૂર્ણ કરવાની એમને અત્યારે તક મળી છે. સરસપુર જેવા પછાતવર્ગમાં જઈને એ કચડાઈ ગયેલાં બાળકોના જીવનને શિક્ષણ દ્વારા ઉજવળ બનાવવાની એમની ઈચ્છા અહીં પોષાશે એમ મને લાગે છે એમને માટે તો આ એક શૈક્ષણિક યજ્ઞ છે એટલે બેટા મારા મનને હું સ્થિર બનાવીને ત્યાં જવા માટે શુભેચ્છાઓ આપીશ. આશીર્વાદ પણ આપીશ.

આ વાત ચાલતી હતી ત્યાં રઘુભાઈ આવી પહોંચ્યા. રઘુભાઈના પ્રવેશ સાથે પ્રશાંત એમની પાસે પહોંચી ગયો. 'આવો રઘુભાઈ, હું અહીં આવ્યો ત્યારે જશીબેન ખૂબ મૂંઝાતી હતી અને હું પણ મૂંઝાતો હતો. અમે પિતા-પુત્રીઓ તમારા ભાવનગરથી સરસપુર જવાના પ્રમાણથી અકળામણ અનુભવતા હતા તેની ખૂબ વાતો કરી અને મન ખાલી કર્યું તમને કદાચ હું સ્વાર્થી લાગીશ પણ હું હમણાં જ જશીબેનને કહે તો હતો કે તમે ઘરશાળાની જવાબદારી હાથમાં લીધી ત્યારથી મને સંતોષ થયો હતો. મને એવો શિક્ષણ કાર મળ્યો કે મારા જીવનમાં મારા આદર્શોને પરિપૂર્ણ કરે અને વર્ષો સુધી સંસ્થાને ચલાવે

તેવી એક વ્યક્તિ મળી છે અને એ વ્યક્તિ અથાગ પ્રયત્ન કરી રહી છે. હું સુખેથી જીવનના પાછલા વર્ષો જીવી શકીશ. વળી, તમે તો પછી પરિવારના એક સભ્ય બની ગયા. તમે મારા જમાઈ જરૂર છો પણ, તમારામાં મેં એક ઉચ્ચ શિક્ષકનો જ આત્મા જોયો છે એટલે તમે જાઓ એનું દુઃખ જરૂર હોય." એ વાત હું જશીબેનને કરતો હતો. સાથે સાથે મેં એમ પણ કહ્યું કે સમાજે જે વર્ગને તરછોડ્યો છે એવા તરછોડાયેલા માનવોની વચ્ચે જઈને કામ કરવાની તમારી તમન્નાની મને જાણ છે. સરસપુરના એ તરછોડાયેલા સમાજની વચ્ચે જઈને કામ કરવાની તમારી ભાવનાને હું ભૂલી કેમ શકું ? તમે 'ઘરશાળા'માં રહ્યા એટલે હું થોડો સ્વાર્થી બની ગયો અને મને મનમાં એમ હતું કે હવે તમે અને જશીબેન કાયમ મારી સાથે જ હશો. પરંતુ દરેક આદર્શો ધરાવનાર વ્યક્તિને પોતાના અરમાનો હોય છે. તમારી તેજસ્વિતાને હું સમજું ઓળખું છું અને માનવીને માનવ બનાવવાની તમારી અંતરની ઈચ્છાઓને હું જાણું છું તેથી મારો સ્વાર્થ છોડી દઉં છું.

"તમારી શિક્ષણ દ્વારા સમાજની સેવા કરવા ભાવના, સમાજને ઊંચો લાવવાની તમારી ભાવનામાં મારી ભાવનાને હું ભેળવું છું." આમ બોલતાં હરભાઈનો અવાજ ઢીલો પડી ગયો મને થયું. નાનાભાઈ રડી તો નહિ પડે ને ? પણ ના... એ મારા પિતા હતા. સાચી ભાવના તરફ જતી વ્યક્તિને તેઓ આશીર્વાદ આપે એવું એમનું મન વિશાળ હતું એ મનની વિશાળતાએ પોતાની ઈચ્છા (રઘુભાઈ ઘરશાળામાં જ રહે એ ઈચ્છાને ઉપર સંયમ મૂકી દીધો. સામી ખુરશી પર બેઠેલી બા રડી રહી હતી. વાતાવરણમાં શાંતિ છવાઈ ગઈ.

રઘુભાઈ તરછોડાયેલા વર્ગને ઊંચો લાવવાની તમારી આ ભાવનાને હું આશીર્વાદ આપું છું. પણ... આપણે એકલાં છીએ એટલે મારા મનની પ્રબળ ઈચ્છાને તમે વિચારો એવી હું વિનંતી કરું છું.

૧૯૪૪ના નવેમ્બરથી ૧૯૪૫ના નવેમ્બર સુધી હું સરસ્વતીની એ શાળામાં વારંવાર જઈને રહીશ અને એ લત્તાને સમજવાની મારી ઈચ્છા છે જેથી એ સંસ્થામાં લાંબો વખત સુધી તમારી સાથે હું રહી શકું. રઘુભાઈ હરભાઈની પાસે ગયા અને માથું નમાવ્યું. પ્રણામ કર્યા. તમારા મનની વિશાળતા અને ભાવના ગજબના ઊંચા છે. મારા આ નવા મિશનમાં તમારો સાથ અને હૂંફ અમને મળી રહેશે એટલે એ અમારું મોટું સૌભાગ્ય છે. ફરી એમણે માથુ નમાવ્યું. હું તો હરભાઈને વળગી જ પડી. મેં કહ્યું કે, આ વિચારથી હું મારી જાતને બડભાગી માનું છું. અમે ઘરશાળા છોડતાં નથી પરંતુ તને સરસ્વતમાં આવો છે તેથી એમ લાગે છે કે તમે અમારી સાથે જ છો.

આ હતી પિતાની મહાનતા અને શિક્ષણ પ્રત્યેનો પ્રેમ. અમારા બન્નેનાં મનમાં આશ્ચર્ય અને પ્રેમ છવાઈ ગયો.

હરભાઈએ સરસપુરની સરસ્વતીમાં જવાનું શરૂ કર્યું અને દર મહિને તેઓ એકાદ અઠવાડિયું ત્યાં રહીને શાળાને જીવન આપવાના પ્રયત્નો કરતા નવાં આવેલાં આચાર્યને પણ ઘણાં વિચારો આપતાં આપણ અને અસ્વચ્છ વિદ્યાર્થીઓની સાથે પ્રેમપૂર્વક મળતા. રઘુભાઈની આ ભાવનાને બાળકોને જોયા પછી વધારે સમજી શકી. ભાવનગરના પૈસાદાર બાળકો કરતાં આ બાળકોને આગળ લાવવાની વધારે જરૂર છે તે સમજી શક્યા. આમ આ ક્રમ બાર માસ સુધી ચાલ્યો.

આ ચરણ લખી રહી છું ત્યારે એ સદ્ગત શિક્ષક અને પિતાને હું અને રઘુભાઈ વારંવાર પ્રણામ કરીએ છીએ. જ્યારે આ ગરીબ લત્તામાં કામ શરૂ કરતી વખતે ઘણાં મિત્રોએ અમારી મૈત્રી છોડી દીધી. ઘણાએ અમને મળવા આવવાનું છોડી દીધું હતું. જર્મનીથી પી.એચ.ડી.ની ડીગ્રી લઈને આવેલ માણસ શું ગાંડો છે તે આવા લત્તામાં જઈને બેઠો છે એવું બોલતાં અમે લોકોને સાંભળ્યા છે. તો કોઈક એમ કહેતું કે એલિસબ્રિજમાં શાળા કાઢી હોત તો આખા અમદાવાદમાં જાણીતો થયો હોત. કોઈક રાજકારણીઓ એવું પણ કહેતા કે આ કોમ્યુનિસ્ટ લાગે છે એટલે જ ત્યાં બેઠો છે. અમદાવાદની શાળાના આચાર્યો પણ શરૂઆતના બે વર્ષ સુધી અમારા સાહસ માટે આશ્ચર્ય અનુભવતા.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

આવા વાતાવરણમાં ઉપર લખેલા ઉદ્‌ગારો તરફ હરભાઈનું ધ્યાન તો કદી ગયેલું નહિ, કોઈ આવીને કહે તો પણ હસવું આવતું. ઘણીવાર તેઓ બોલી ઊઠતાં કે માનસશાસ્ત્રની દૃષ્ટિએ મને તો એમ લાગે છે કે સમાજના ઉપલા વર્ગે આ ભત્તાની જે અવગણના કરી છે એ ઢાંકવા પ્રયત્ન કરેલ છે. ભણેલાં ગણેલાંઓ જાણતાં હોય છે કે સમાજનો એકાદ વર્ગ આવો પછાત છે. પણ એ પછાતવર્ગ માટે અમદાવાદના લોકોએ જ કંઈ કર્યું નહિ. તેથી આવા વિચારો કરે છે એવું માનસશાસ્ત્ર કહે છે આવા રિમાર્ક્સ ઉપર મારા પિતા હરભાઈએ કદી ધ્યાન આપ્યું નથી. તેઓ કહેતા કે, "આ લત્તાને રઘુભાઈએ દત્તક લીધો છે. પછાતપણું જોયા પછી રઘુભાઈએ ઘરશાળા છોડ્યું તેનું દુઃખ મને રહ્યું નથી. હવે તો આ લત્તા માટે તમને બની શકે તેટલો સાથ આપવાનો મારો પ્રયત્ન છે. આ લત્તાને ઉપર લાવવા શિક્ષણ એક ઉચ્ચ સાધન બની રહે એવો રસ્તો રઘુભાઈએ લીધો છે. મારા આશીર્વાદ તમારી સાથે છે.

પિતાની મહાનતાના આશીર્વાદો અમને શરૂઆતથી જ મળ્યા. તેઓ જીવ્યા ત્યાં સુધી સંસ્થાના વડા બની રહ્યા. આજે એમને પ્રણામ કરીને અમે ધન્યતા અનુભવીએ છીએ.

આ હતી પિતાની મહાનતા.

---

### વિદ્યા મુક્તિ ઝંખે છે.....


બટ્રાર્ન્ડ રસેલની આગાહી સાચી પડી રહી છે. તેણે ભાખ્યું હતું કે માહિતી વધતાં માનવીનું નખ્ખોદ નીકળી જશે. આ માહિતીએ વિનય, નમ્રતા, સંસ્કાર, આદર-માન બધું છીનવી લીધું છે. માનવ હોવા છતાં રોબોટ બનીને આપણે જીવી કે વિસ્તરી રહ્યાં છીએ.

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિનો મુસદ્દો આ સર્વ પ્રશ્નોનું નિરાકરણ કરી 'નવું' શું સિદ્ધ કરી શેક છે તે વાત મહત્ત્વની છે. આપણી પ્રાથમિક-માધ્યમિક શિક્ષણનાં વર્ષોમાં ફેરફાર કરીશું તેથી 'શિક્ષણ'માં કશો ફેર પડશે ? માતૃભાષાને જ શીખવી શીખવાડવાની વાત આજે કેન્દ્રમાં છે તેના કથળેલા ધોરણ સંદર્ભે. ત્યાં બીજી ભાષા જરૂર ઉમેરીએ પણ પેલી શીખવી-શિખવાડવાની વાતનો વિચાર થયો છે ખરો ? વળી આપણી યુનિવર્સિટી-કોલેજોને પાટા ઉપર લાવવાનું કોઈ નિશ્ચિત કદમ ત્યાં છે ખરું ? વિદેશી સંસ્થાઓ ભલે આવે પણ પાછલા બારણે એ 'મેકોલે' ના શિક્ષણ પ્રવેશ જેવું નહીં થાય ? નીતિ-નિયમોનું ત્યાં નિયંત્રણ કોનું ? સંશોધન પર જરૂર ભાર મૂકીએ પણ સંશોધનની અત્યારે જે દુર્દશા થઈ છે તેનો કશો વિચાર કરીશું ? સર્જનાત્મકતાના પ્રશ્નો- હૃદયની કેળવણી સાથે, જોડાયેલા છે. આજના તબક્કે 'માનવ' કે 'માનવના હૃદયની તેના' રૂપાન્તરની બાબત પર આપણે ગંભીર વિચાર કર્યો છે ? અધ્યાત્મના ઉમેરણની વાત પણ હવાઈ લાગે. કારણ કે નીતિ-મૂલ્યો-વિવેક એ પાયાની બાબતો શિક્ષણમાં કેન્દ્રસ્થાને નહીં આવે ત્યાં સુધી પેલું ઈચ્છિત 'અધ્યાત્મ' જન્મી નહીં આવે. ઉપરાંત તાતો પ્રશ્ન તો એ છે કે આ સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ-કોલેજોએ શિક્ષણને લગભગ થોડાક અપવાદો બાદ કરતાં નેવે મૂકી દીધું છે, લાજ-શરમ છોડી દીધાં છે એ સર્વેનો વિચાર આ રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં ભારપૂર્વક થવો જોઈએ તેવો વિચાર થયો છે ?વળી ગુણવત્તાસભર, સમર્પિત શિક્ષકો-અધ્યાપકો માટે મૂળગામી ધોરણો નક્કી કરી શક્યા છીએ ? નવી નીતિમાં તેના અમલીકરણ અને ખર્ચનો પણ સ્પષ્ટ વિચાર થયો છે ? આપણે 'ઉપાધિ'ની સાથે ઉત્તમ માનવ નિર્માણને જોડી શક્યા છીએ ? આ અને આવા બીજા અનેક પ્રશ્નો વિચારવાના રહે છે. રાજકારણના શિક્ષણમાં પ્રવેશ પ્રભાવની તો વિશેષરૂપે ચર્ચા થવી જોઈએ. મુક્તતા જ કેળવણીનું હાર્દ છે.

# માનવતા ઘડતરનું કેન્દ્ર એટલે ગાંધીજીનું ટોલ્સ્ટોય ફાર્મ

હીરજીભાઈ નાકરાણી

મો. ૯૧૦૬૦૭૭૦૭૬



(ગતાંકથી શરૂ)

**આશ્રમનો પોષાકઃ**

આ સત્યાગ્રહ છાવણીમાં ઓછામાં ઓછા ખર્ચથી રહેવું એ હેતુથી નિવાસીઓના પોષાકમાં પણ ફેરફાર કર્યો. આશ્રમમાં રહેનારા બધાએ મજૂર વર્ગનો પોષાક પહેરવાનું નક્કી થયું. યુરોપિય ઢબના મજૂરિયા પાટલૂન, મજૂરીયા ખમીસ. આમાં જેલનું અનકરણ જ હતું. જાડા આસમાની કપડાંના પાટલૂન અને ખમીસ.

ઘણીખરી આશ્રમવાસીઓ સ્ત્રીઓ સિવણકામ જાણતી હતી એટલે કપડાં સીવવાનું બધું કામ તેમણે ઉપાડી લીધું હતું.

**અન્નપૂર્ણા વ્યવસ્થા :**

સવારે છ વાગે રોટલી અને ઘઉંની કોફી

બપોરે અગિયાર વાગે દાળ, ભાત, રોટલી, શાક. ક્યારેક ખીર પણ હોય.

સાંજે સાડા પાંચ વાગે દોંશ અને દૂધ અથવા ઘઉંની રોટી અને કોફી.

પ્રાર્થનાઃ સાડા સાત વાગે પ્રાર્થનામાં ભજન ધૂન હોય. કોઈ વેળાએ રામાયણનું વાચન થાય. ક્યારેક ઈસ્લામના પુસ્તકોમાંથી વાચન થાય તથા અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભજનો ગવાય.

ચાતુર્માસમાં હિન્દુઓ એકાદશી કે ઉપવા કરતા તો મુસલમાન ભાઈઓ રોજા રાખતા હતા. તેમને રાત્રી ભોજનની સગવડ મળતી હતી. તેમના માટે ખીર વગેરે રંધાતા. માંસાહારની કોઈ સમજપૂર્વક માગણી જ કરી નહોતી. સૂર્યાસ્ત પહેલાં જમવાનો નિયમ હતો. મુસલમાન છોકરા થોડા હતા એટલે તેઓ પણ બીજા સૂર્યોદય પહેલા અને સૂર્યાસ્ત પહેલા જમી લેતા હતા. હિન્દુ મુસલમાનનો ઝઘડો ક્યારેય થતો નહીં છતાં બધા પોતપોતાના ધર્મમાં ચુસ્ત રહેતા હતા અને એકબીજા પ્રત્યે સંપૂર્ણ માન-સન્માનથી રહેતા હતા અને એકબીજાને પોતાના ધર્મની ક્રિયા કરવામાં મદદરૂપ પણ થતાં હતા.

**તંદુરસ્ત સ્વાસ્થ્ય :**

અહીં ખોરાક સાદો, જીવન સાદુ ને સંયમી તેથી માંદગી બહુ આવતી નહીં. કોઈ ડૉક્ટરને બોલાવવામાં ન આવતો. કોઈ બીમાર પડે તો પાણી, માટી અને ખોરાકના પ્રયોગોથી સારવાર અપાતી હતી.

**મિ. ક્લેનબેકનું રેખાચિત્રઃ**

ગાંધીજીના આ અંગ્રેજ સાથીદાર તેમના કામને સંપૂર્ણ સમર્પિત હતા. આશ્રમવાસીઓ સાથે તેના જેવા જ થઈને રહેવું તે મિ. ક્લેનબેક માટે ખૂબ આશ્ચર્યજનક હતું. તેમણે જિંદગીમાં ક્યારેય ટાઢ, તડકો, સહન કર્યો જ નહોતો. એક પણ પ્રકારની અગવડ ક્યારેય ભોગવેલી નહી. એટલે કે સ્વચ્છંદને ધર્મ કરી મૂક્યો હતો. તેમણે દુનિયા તમામ વૈભવો ભોગવવામાં કશી ઉણપ નહોતી રાખી. દ્રવ્ય થકી જે વસ્તુ મેળવી શકાય તે વસ્તુ પોતાના સુખને માટે મેળવવામાં તેમણે કદી પાછીપાની કરી નહોતી. આવા માણસનું ટોલ્સટૉય ફાર્મમાં રહેવું અને સુવું-બેસવું, ખાવું-પીવું અને ફાર્મવાસીઓ સાથે ઓતપ્રોત થઈ જવું એ જેવી તેવી ઘટના ન હતી.

આપણા લોકોને આનું સાનંદાશ્ચર્ય થતું હતું. કેટલાક ગોરાઓએ મિ. ક્લેનબેકને 'મુરખ' અથવા દીવાના ગણી લીધા. બીજા કેટલાકનું તેમની ત્યાગ કરવાની શક્તિને લીધે તેમના પ્રત્યે માન વધ્યું હતું. મિ. ક્લેનબેકે પોતાના ત્યાગને કદી દુઃખરૂપ ન માન્યો. જેટલો આનંદ તેમણે પોતાના વૈભવમાંથી મેળવ્યો હતો તેના કરતાં વિશેષ તેમને પોતાના ત્યાગમાંથી મળ્યો હતો. સાદાયના સુખનું વર્ણન કરતા તે તેમાં તલ્લીન થઈ જતા અને ક્ષણવાર તો સાંભળનારને પણ એ સુખ ભોગવવાની ઈચ્છા થઈ જતી. નાના-મોટા બધાની સાથે એ એટલા પ્રેમથી ભળી જતા કે



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

તેમનો અલ્પ વિયોગ પણ સૌને સાલ્યા વિના ન રહેતો.

તેમને ફળઝાડનો અત્યંત શોખ હોવાથી માળીનું કામ મિ. ક્લેનબેકે પોતાના હાથમાં રાખ્યું હતું અને હંમેશાં સવારે બાળકો અને મોટાંઓની પાસેથી ફળઝાડને સમારવાનું કામ લેતા મહેનત પૂરી કરાવે અને છતાં તેમની સાથે કામ કરવું સૌને ગમે, એવો તેમનો હસમુખો ચહેરો અને આનંદી સ્વભાવ હતો. જ્યારે જ્યારે સવારના બે વાગે ઊઠીને ટોલ્સટૉય ફાર્મથી જોહાનિસબર્ગની મુસાફરી કરવા નીકળે ત્યારે ત્યારે મિ. ક્લેનબેક એ ટોળામાં હોય જ.

એમની સાથે ધાર્મિક સંવાદો હંમેશા થાય. ગાંધીજી કહે છે કે મારી પાસે અહિંસા, સત્ય ઈત્યાદિ પત્રો સિવાય બીજી વાત તો શી હોઈ શકે? સર્પાદિ જાનવરોને મારવામાં પાપ છે. એ વાતથી મિ. ક્લેનબેકને પણ આઘાત પહોંચ્યો પણ છેવટે તાત્વિક દૃષ્ટિએ એ સિધ્ધાંત તેમણે કબૂલ કર્યો. જે વસ્તુ બુધ્ધિ સ્વીકારે તે વસ્તુનો અમલ કરવો યોગ્ય છે અને ધર્મ છે. એમ તેમણે અમારા સંબંધના પ્રારંભમાં જ સ્વીકારી લીધું હતું અને તેથી જ તેઓ પોતાના જીવનમાં મહત્વના ફેરફારો એક ક્ષણમાં વગર સંકોચે કરી શક્યા હતા. હવે જો સર્પાદિને મારવા એ અયોગ્ય હોય તો તેમની મિત્રતા કેળવવાની મિ. ક્લેનબેકને ઈચ્છા થઈ. પ્રથમ તો જુદી-જુદી જાતના સર્પોની ઓળખ કરવાની ખાતર સર્પો વિશેના પુસ્તકો તેમણે એકઠા કર્યા. તેમાં તેમણે જોયું કે બધા સર્પો ઝેરી નથી હોતા અને કેટલાક તો ખેતરોના પાકની રક્ષા કરનારા હોય છે. એમણે બધાને સર્પોની ઓળખ કરતા શીખવ્યું.

એક જબરદસ્ત અજગર ફાર્મમાંથી મળી આવ્યો હતો. તેને પાળ્યો. તેને હંમેશા પોતાના હાથે ખાવાનું આપે. ગાંધીજીએ નરમાશથી મિ. કલેનબેક સાથે દલીલ કરી કે જો કે તમારો ભાવ સુધ્ધ છે છતાં અજગર તેને ન ઓળખી શકે, કેમ કે તમારી પ્રિતની સાથે ભય રહેલો છે. એને છૂટો રાખી એની સાથે ગેલ કરવાની તમારી કે મારી હિંમત નથી અને જે વસ્તુ આપણે કેળવવા ઈચ્છીએ છીએ એ તો આવા પ્રકારની હિંમત છે, તેથી આ સર્પને પાળવામાં હું સદ્‌ભાવ જોઉં છું. પણ તેમાં અહિંસા નથી. વળી એ સર્પને તમે ઝેરી તો માનતા જ નથી. એની રીત-ભાત, એની ટેવ ઈત્યાદિ જાણવાને ખાતર એને કેદ કરેલો છે એ એક પ્રકારનો સ્વચ્છંદ છે. મૈત્રીમાં એને પણ સ્થાન નથી.

મિ. ક્લેનબેક ગાંધીજીની આ દલીલને, સમજી ગયા ને છતાં અજગરને ઝટપટ છૂટો કરવાની એમને ઈચ્છા ન થઈ. પણ આ કેદી અજગર પોતાનો રસ્તો કાઢી રહ્યો હતો. પાંજરાનું બારણું ઉઘાડું રહી ગયું હશે કે યુક્તિથી અજગર પોતે તેને ખોલી શક્યો હશે ગમે તે કારમ હોય. બે-ચાર દિવસની અંદર જ એક સવારે મિ. ક્લેનબેક તેના કેદી મિત્રોની મુલાકાત લેવા જાય છે તો તેમણે પાંજરું ખોલી જોયું. તેઓ રાજી થયા અને હું પણ રાજી થયો.

મિ. ક્લેનબેક એક ગરીબ જર્મનને ફાર્મ પર લાવ્યા હતા તે ગરીબ હતો સાથે અપંગ પણ હતો. તેની ખૂંધ એટલી બધી વળી ગઈ હતી કે લાકડીના ટેકા વગર તે ચાલી જ ન શકે. તેની હિંમત દાદ માગી લે તેવી હતી. તે શિક્ષિત હોવાથી સુક્ષ્મ વાતોમાં બહુ રસ લેતો હતો. ફાર્મમાં તે પણ હિન્દુઓના જેવો જ થઈને સહુની સાથે હળીમળીને રહેતો હતો. તે નિર્ભયપણે સર્પોની સાથે ખેલવું શરૂ કર્યું. તે સર્પોને હાથમાં લઈ રમાડતો હતો.

આવા અખતરાઓને પરિણામે સૌમાં સર્પ બાબતનો ભય જ ન રહ્યો. અહીં સર્પાદિને મારવાની મનાઈ હતી. આ ફાર્મમાં ગાંધીજી ગયા ત્યારે કાંઈ જ વસતિ ન હતી. આ બંજર ધરતી નિર્જન હતી. મિ. ક્લેનબેકની જ કોટડીમાં એક સર્પ આવી ઘુસ્યો. તેને ભગાડવો કે પકડવો અસંભવિત જેવું હતું. ફાર્મના એક વિદ્યાર્થીએ તેને જોયો ને ગાંધીજીને બોલાવ્યા. પૂછ્યું કે હવે શું કરવું? તેણે મારવાની પરવાનગી માગી. મારવાની રજા દેવાનો હું ધર્મ સમજ્યો અને મેં રજા દીધી. આ લખતી વેળાએ પણ મને એમ નથી લાગતું કે મેં રજા દેવામાં કંઈ પણ ખોટું કર્યું હતું. સર્પને હાથે પકડવાની અથવા ફાર્મવાસીઓને બીજી કોઈ પણ રીતે નિર્ભય કરવાની મારામાં શક્તિ ન હતી અને આજ લગી તે કેળવી શક્યો નથી.

ફાર્મમાં સત્યાગ્રહીઓની ભરતી-ઓટ થયા કરતી હતી. કેદમાં જનારા અને કેદમાંથી છૂટેલા એવા સત્યાગ્રહીઓ કોઈ ને કોઈ હોય જ. તેમાંના બે એવા આવી પહોંચ્યા કે જેમને મેજિસ્ટ્રેટે જાત મુચરકા પર છોડ્યા હતા. બીજા દિવસે તેને સજા સાંભળવા માટે હાજર રહેવાનું હતું. બંને યુવાનિયા કસરત બાજ હતા. ટ્રેન આવવાની વ્હીસલ વાગી. તેઓ બંને દોડીને ચડી ગયા. જ્યારે ગાંધીજી પાછળ રહી ગયા. લોલી સ્ટેશન માસ્તર જોઈ ગયો. તેણે ટ્રેન ધીમી પડાવી ને પોતે ચડી ગયા. સ્ટેશન માસ્તરન ભલમનસાઈ હતી. તેઓના પ્રત્યે કુણી લાગણી હતી. મીઠાં સંબંધો હતા તેથી આ બધું શક્ય બન્યું. અમલદારો સાથે નિખાલસ મીઠા સંબંધો હતો એટલે કેટલીક સગવડો પણ મળ્યા કરતી હતી. તેનું કારણ સત્યાગ્રહીઓનો વિવેક અને તેઓનું ધૈર્ય તથા દુઃખ સહન કરવાની શક્તિ હતી. ફાર્મ પરના સત્યાગ્રહીઓનું આરોગ્ય જાળવી રાખવા માટે ખોરાકમાં સુધારો, ધાર્મિક અને આર્થિક રીતે સચોટ અને સરળ ઈલાજ માટે ગાંધીજી સત્યાગ્રહીઓ અને તેના સંતાનો માટે માટી, પાણીના ઉપચારોથી દર્દીને તેઓ સ્વસ્થ કરતા હતા.

ઉત્તર હિન્દુસ્તાનનો એક પહેલો ગિરમિટિયો લુટાવ નામનો એક ૭૦ વર્ષનો બુઢ્ઢો ખાંસી અને દમ લઈને આવેલો. તેણે વૈદોની ફાકી અને ડૉક્ટરોની બાટલીનો ઉપયોગ કરી લીધો હતો છતાં ફેર પડતો નહોતો. તેનો ગાંધીજી પર અખૂટ વિશ્વાસ હતો. તેણે ગાંધીજી મૂકેલી શરતો પાળી અને ફાર્મ પર રહેવાનું કબૂલ કર્યું. આ લુટાવ તમાકુનો બંધાણી હતો. તે છોડાવા તેને એક દિવસનો ઉપવાસ કરાવ્યો. સનબાથ આપ્યો. ખોરાકમાં થોડો ભાત અને જેતુનનું તેલ, મધ અને સાથે ખીર તથા મીઠી નારંગી, દ્રાક્ષ તથા શેકેલ ઘઉંની કોફી આપી. નમક, મસાલા બંધ કરાવ્યા. લૂટાવ તમાકુનો અઠંગ બંધાણી હતો. તેનાથી રહેવાયું નહી એટલે ઘાનો છાનો રાતે અંધારામાં નશો કરી લેતો હતો. તેથી દમ, ખાંસી ઓછા ન થયા. ગાંધીજીને શંકા ગઈ. રાત્રે જાગીને પણ તેને પકડી પાડ્યો. તે શરમાયો, મુંઝાયો ને તેણે ગાંધીજીની માફી માંગી. મૈને ગુના કિયા, મુઝે માફ કરો. કહેતાની સાથે ગળગળો થઈ ગયો. હવે પછી ક્યારેય નહી લેવાની ખાતરી આપી. એક અઠવાડિયે દમ, ખાંસી ઓછા થઈ ગયા અને મહિનો થયે બધું મટી ગયું.

આશ્રમના નિવાસીઓમાં કૌટુંબિકભાવના ઊભી થઈ. સાદગીભર્યા જીવનથી બે-ત્રણ લાખ રૂપિયા પણ બચી ગયા. સત્યાગ્રહીઓને શુધ્ધ, સાત્વિક, પ્રમાણિકતા ભર્યું જીવન તથા નિર્દંભ વાતાવરણ મળ્યું.

ગાય, ભેંસ પાસેથી દૂધ કાઢવા માટે તેને નીચોવી લેવામાં આવે છે એવું છાપામાં વર્ણન વાંચ્યું. ઘાતકી ક્રિયા કરીને દૂધ કાઢવામાં આવે છે તેવું પણ વાંચવામાં આવ્યું તેથી દૂધ બંધ કરવાનો વિચાર ગાંધીજીએ મિ. ક્લેનબેક પાસે મૂક્યો. તેઓ પણ સમજી ગયા ને બંનેએ દૂધ બંધ કર્યું. પછી તો માત્ર સૂકા કે લીલા ફળ પર આવીને ઊભા રહ્યા. રાંધેલો ખોરાક પણ બંધ કર્યો ને પાંચ વર્ષ સુધી ફળાહાર પર રહ્યા બંને. તેથી નબળાઈ નહોતી અનુભવી.

ગાંધીજી છેલ્લે કહે છે કે : આવા સખત પ્રયોગો આત્મશુધ્ધિની લડત અંગે જ થઈ શકે. છેવટના યુધ્ધને સારુ ટોલ્સટોયફાર્મે એ આધ્યાત્મિક શુધ્ધિનું અને તપશ્ચર્યાનું સ્થાન નીવડ્યું. જો આવું સ્થાન ન મળ્યું હોત તો અથવા ન મેળવ્યું હોત તો આઠ વરસ સુધી સત્યાગ્રહની લડત ચાલી શકત કે નહીં. વદારે પૈસા મળી શકત કે નહીં અને છેવટે જે હજારો માણસોએ લડતમાં ભાગ લીધો એ ભાગ લેત કે નહીં એ વિશે મને સંપૂર્ણ શંકા છે. ટૉલ્સટોય ફાર્મની નોબત વગાડવાનો નિયમ રાખ્યો જ ન હોત. એમ છતાં જે વસ્તુ દયાને પાત્ર નહતી તે વસ્તુએ લોકોના દયા ભાવને જાગૃત કર્યો હતો.

પોતે જે વસ્તુ કરવાને તૈયાર નથી અને જેને પોતે દુઃખ માને છે તે વસ્તુ ફાર્મવાસીઓ કરી રહ્યા છે એમ લોકોએ માન્યું. તેઓના આવા વિશ્વાસે ૧૯૧૩ની સાલમાં જે મોટા પાયા પર ફરી લડાઈ શરૂ થઈ તેને સારુ ભારે મૂડીરૂપ આશ્રમ થઈ પડ્યો. એવી મૂડીના વળતરનો હિસાબ નથી થઈ શકતો. વળતર માટે મળે છે પણ કોઈ કહી જ ન શકે પણ મળે જ છે. એને વિશે કહે છે, મનો શંકા નથી જ અને કોઈ શંકા ન કરે ?

# શિક્ષણના સિતારા

ડૉ. ઈશ્વર પરમાર

દેવભૂમિ દ્વારકા.

વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે "શિક્ષણના સિતારા" પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે "શિક્ષણના સિતારા"ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.

## દાદા સદાબહાર :
## નટવરલાલ, પ્ર. બુચ
**લોકભારતી, સણોસરા, જિ. ભાવનગર.**

'નામે નર્તક પણ નાચમાં ઠેકાણું નૈં,
પુત્તર પ્રભુનો, પરભુને પિછાણું નૈં.
અટકે અબુડ પણ તરવું જાણું નૈં,
નાક મારું નાનું નૈં છો મોટું ગણાણું નૈં.'

પોતાની ઓળક આ રીતે આપનાર સદાબહાર શિક્ષક શ્રી નટવરલાલ પ્રભુલાલ બુચને બા અદબ સલામ સાથે કહેવાઈ જવાય છે :

બુચદાદા, આપની ઓળખ સાંભળીને કૌતુક સાથે હસી લઈએ પણ તે સાથે સંમત તો ન જ થઈએ ! નાચને સમતુલા સાથે સંબંધ હોય તો તે આપે જીવનમાં કેળવી છે; આપ આપના વિદ્યાર્થીઓમાં સદા પરભુનાં દર્શન કરતા રહ્યા છો; અનેકોની જીવન-નાવડીને તરતી કરનાર આપ કુશળ તરવૈયા છો; મા ગુર્જરીના વિદ્યાલંકાર સમી સંસ્થાઓ દક્ષિણામૂર્તિ-ઘરશાળા-લોકભારતીના જ નહીં, આપ તો સમગ્ર શિક્ષકજાતનું નમૂનેદાર નાક છો !

શિષ્ય-સમર્પિત આવરદાની શતાબ્દીના છેલ્લા દસકામાં મંગળ પ્રવેશ કરી ચૂકેલા એકાણું વર્ષના બુચદાદાએ પોતાના પાંસઠ વર્ષના શિક્ષકજીવન દરમ્યાન અનેકનાં જીવતરને અજવાળ્યાં છે. એમના દીર્ઘ જીવનમાં ઘટનાઓ પ્રમાણમાં અલ્પ બની છે પણ એમના થકી અનેકનાં જીવનમાં યાદગાર ઘટનાઓ ઘણી બન્યા કરી છે ! વહાલા વિદ્યાર્થીઓને એમણે જરૂર લાગી ત્યારે સજોડે શીતળતા આપી ને જરૂર જણાઈ ત્યારે હૂંફ !

વિદ્યાર્થીઓના વિસામા જેવા આ બુચદાદાનો જન્મ પોરબંદરમાં તા. ૨૧-૧૦-૧૯૦૬ના દિને થયો હતો. માતા મમતામયી : હીરાલક્ષ્મીબહેન, પિતા ગોંડલ રાજ્યના એક વડા પોલીસ અમલદાર : પ્રભુલાલભાઈ. એક દિવસ ટપાલીએ આપેલ તાર વાંચીને એમણે પાંચ વરસના એક માત્ર પુત્રને કહ્યું : 'લ્યો નટુભાઈ, તમારી સગાઈ થઈ !' તે વખતે માસ્ટર નટવરલાલ ઉપર અર્ધા અંગ શ્વેતાંબર ને નીચે આખા દિગંબર પોશાકમાં સજ્જ હતા !

નટવરના પ્રાથમિક શિક્ષણનો આરંભ ધોરાજી-ઉપલેટા પાસેના પાટણવાવ મુકામેથી થયો. જરી ભરેલાં લાલ મખમલનાં કોટ-પાટલૂન પહેરીને નટુ બાળપોથીના વર્ગમાં બેઠો ને તે દિ' નિશાળ આખીને સાકર વહેંચાઈ ! પોલીસ-લાઈનનાં બાળકો સાથે ઊછરતો નટુ અહેતુક ગાળો બોલતાં શીખ્યો પણ પરિવારનાં વિનયી, ધાર્મિક ને સંસ્કારી વાતાવરણે કવચનું કામ કીધું ને તે બૂરી સંગતના પ્રભાવથી મુક્ત થવા પામ્યો.

પાટણવાવમાં બે'ક વર્ષ ભણ્યા પછી પિતાજીની બદલી

ધોરાજી મુકામે થઈ. અહીં ત્રીજા ધોરણ સુધી અભ્યાસ કર્યો. હવે પિતાજીને ઈન્સ્પેક્ટર તરીકે બઢતી મળતાં બુચ પરિવાર ગોંડલમાં સ્થાયી થયો.

નટવરની વય માત્ર અગિયાર વર્ષની હતી ત્યારે, દુર્ભાગ્યે, માતા હીરાલક્ષ્મીબહેનનું અવસાન થયું. સંસ્કારી પિતાએ પુત્ર નટવરનો સભાન ઉછેર કરવા માંડ્યો. એ અમલદાર પિતાએ, ઘરકામ માટે નોકરો હાજર રહેતા છતાં, પુત્રને પોતાની પથારી ઉપાડવાની ટેવ પાડી !

અભ્યાસમાં નિયમિત અને સદા પ્રથમ રહેતા નટવરમાં સહાધ્યાયીઓની સાથે સ્પર્ધાની નહીં, સહયોગની ભાવના કેળવાઈ હતી. ગોંડલની- તે કાળમાં ગરાસિયા કૉલેજ તરીકે ઓળખાતી - હાઈસ્કૂલમાંથી એમણે મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. (૧૯૨૩) તે કાળમાં પ્રશ્નપત્રો પર પ્રાશ્નિકોનાં નામ પણ છપાતાં ! મૅટ્રિક્યુલેટ નટવરલાલનાં લગ્ન થતાં તેઓ સત્તરમા વર્ષે સદ્‌ગૃહસ્થ પણ થયા !

ગોંડલ રાજ્યના તત્કાલીન મહારાજા ભગવતસિંહજી જાડેજાએ મહારાષ્ટ્રની ડેક્કન એજ્યુકેશન સોસાયટીને વીસ હજાર રૂપિયાનો ફાળો આપ્યો હતો તેથી તેમની રૈયતના દસ વિદ્યાર્થીઓને પુણેંમાં રહેવા-ભણવાની નિઃશુલ્ક સવલત મળતી. આનો લાભ લેવા અને કાઠિયાવાડ કરતાં વધુ વિશાળ ક્ષેત્ર મેળવવા પિતાજીએ પુત્ર નટવરલાલને પુણેંની ફર્ગ્યુસન કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ અર્થે મોકલવાનું પસંદ કર્યું.

અહીંની કૉલેજના વિદ્વાન પ્રાધ્યાપકોની સાદાઈ અને સેવાભાવનાથી નટવરલાલ બહુ પ્રભાવત થયા. આ સમયથી તે સ્વામી રામતીર્થ અને મહાત્મા ગાંધીજીથી વિશેષ પ્રભાવિત થયા. જોકે તે પોતે સત્યાગ્રહમાં જોડાયા ન હતા પણ અસ્પૃશ્યતાનિવારણ જેવા વિચારોની સાથે ખાદી અને સ્વદેશી ચીજોનો જ વપરાશ અપનાવ્યો હતો.

તે કાળમાં 'ફર્ગ્યુસન કૉલેજ કચ્છ-કાઠિયાવાડ સ્ટુડન્ટ્સ ઍસોશિયેશન' શરૂ થયેલું. તેના મુખપત્ર 'ઉષા'ના તંત્રીપદે નટવરલાલ બુચ રહેતા. આ નિમિત્તથી એમણે હળવું સાહિત્ય લખવાનો સફળ આરંભ કર્યો. આમ પૂણેંમાં રહીને નટવરલાલ સંસ્કૃત અને અંગ્રેજી સાથે બી.એ. (૧૯૨૭) અને પછી એમ.એ. (૧૯૨૯) થયા. (આ પછી સાઠેક વર્ષ વીત્યા પછી સને ૧૯૯૨ ના અરસામાં પૂણેની મુલાકાતે ગયેલા. છયાસી વર્ષના બુચદાદાએ પોતે જ હોસ્ટેલ-રૂમમાં રહેતાં તેમાં જઈને બે છાત્રો સાથે ચા પીધી ને બે મરાઠી પુસ્તકો ભેટ આપ્યા !)

એમ.એ. પાસ થયેલા યુવાન નટવરલાલ પ્ર. બુચ જીવનના એક એવા ચોકમાં આવી ઊભા કે જ્યાંથી આગળ ચાલવાનો વ્યવસાય-પંથ પસંદ કરવાનો હતો. આ તબક્કે એમને થયું : મારે ન તો સરકારી નોકરી કરવી છે કે ન તો રજવાડી ચાકરી. કરવું કામ તો કોઈ રાષ્ટ્રીય સંસ્થામાં જ... નથી તો મેં સત્યાગ્રહની કોઈ લડતમાં ભાગ લીધો, નથી જેલમાં ગયો; તેના પ્રાયશ્ચિતરૂપે રાષ્ટ્રીય સંસ્થામાં રહીને બનતી સેવા આપીને સાર્થક થાઉં એ જ ઠીક લાગે છે - ભલે ને તેથી, આવક ઓછી રહે ! - આમ વિચારતા ચોવીસ વર્ષના નટવરલાલને એવી તો કોઈ કલ્પના જ ન હતી કે રાષ્ટ્રીય સંસ્થામાં શું કામ મળે ને શું કરી શકાય ! શિક્ષક થવાનું તો મનમાંય નહીં : માત્ર, રાષ્ટ્રીય સંસ્થામાં જોડાઈને ધન્ય થવું એટલી જ વાત !

"મારી ઈચ્છા કોઈ રાષ્ટ્રીય સંસ્થામાં જોડાવાની છે, પિતાજી." પૂણેંથી પરત ગોંડલ આવીને નટવરલાલે પિતાજીને વાત કરી. પિતા પ્રભુલાલ તે વખતે ગોંડલ રાજ્યના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ હતા. આથી એમની સંમતિ મળશે કે કેમ તેની પુત્રને મૂંઝવણ તો હતી જ. પિતાજીએ અણધાર્યો પ્રતિભાવ આપ્યો : "ખુશીથી; જેમ કરવું હોય તેમ કરજો, હું તમને મદદ કરીશ."

પિતાજીએ રાષ્ટ્રીય સંસ્થાઓનો સંપર્ક ધરાવતા પોતાના એક મિત્રને વાત કરી. એ મિત્રે ઋષિવર્ય નાનાભાઈ ભટ્ટ સાથે નટવરલાલની મુલાકાત ગોઠવી આપી. તે ભાવનગર જઈને તેમને મળ્યા. નાનાભાઈએ

નટવરલાલને પ્રયોગશીલ કેળવણીકાર હરભાઈ ત્રિવેદી પાસે મોકલ્યા. એમને મળીને નટવરલાલ પાછા ગોંડલ આવ્યા. થોડા દિવસ પછી, ભાવનગરથી પત્ર આવ્યો. તેમાં દક્ષિણામૂર્તિ-વિનય-મંદિરમાં શિક્ષક તરીકે હાજર થવાની સૂચના આપી. આમ ૧લી જૂન, ૧૯૩૦ થી નટવરલાલ પ્ર. બુચના શિક્ષક-જીવનનો આરંભ થયો.

તે વખતે વિનયમંદિરમાં હરભાઈ ત્રિવેદીની દૃષ્ટિ અને દોરવણી મુજબ સ્વાધ્યાય યોજના (ડૉલ્ટન પ્લાન) દ્વારા અધ્યાપન થતું. બુચભાઈએ તે અંગેનું સાહિત્ય વાંચી સમજીને સહયોગ શરૂ કર્યો અને પોતાનામાં રહેલ શિક્ષકત્વને વિકસાવવા અને વિસ્તારવા માંડ્યું.

દક્ષિણામૂર્તિ સંસ્થામાં શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે અહૈતુકી મૈત્રીભાવનાને સાકાર સ્વરૂપે જોઈને બુચભાઈએ ભારે ધન્યતા અનુભવી. અહીં વિદ્યાર્થીઓને ગુરુજનો માટે ભક્તિભાવ ખરો પણ તે ભયપ્રેરિત કે ભયમિશ્રિત નહીં. થોડા વખતમાં જ સંસ્થાના વાતાવરણ સાથે સમરસ થઈને નટવરલાલભાઈ સૌના પ્રિય બુચભાઈ બની ગયા. એમને થવા માંડ્યું : જે દુનિયાનો જીવ હું હતો તે જ દુનિયા મને સામે ચાલીને મળી ગઈ ! પરીક્ષા વખતે અહીં શિક્ષકો પ્રશ્નપત્રો આપીને પોતપોતાના કામે ચાલ્યા જતા ને વિદ્યાર્થીઓ સમય પૂરો થયે ઉત્તરવહીઓ સોંપી જતા !

દક્ષિણામૂર્તિ વિનયમંદિરના આચાર્ય હરભાઈ શિક્ષકોને મિત્ર માનતા. તેમનો વ્યવહાર પ્રેમ અને વિશ્વાસમંડિત. વિનયમંદિરના સહકાર્યકરો વચ્ચે પણ ખૂબ નિખાલસ અને મૈત્રીભર્યા સંબંધો હતા. બપોરની ચા-મંડળી, શિક્ષક-મંડળની બેઠકો, વિવિધ ઉત્સવોની તૈયારીઓ; બધું આનંદભેર ચાલતું હતું.

....પરંતુ સંજોગોવશ દક્ષિણામૂર્તિ વિનમંદિર બંધ થયું. (૧૯૩૯) આ સંસ્થામાં નવ વર્ષના ગાળે, અનૌપચારિક ઢબે બુચભાઈનું વગર તાલીમે, તાલીમી શિક્ષકથીય વિશેષ સજ્જ શિક્ષક તરીકેનું ઘડતર થયું.

હવે હરભાઈ ત્રિવેદીએ ભાવનગર જ ‘ઘરશાળા’ સંસ્થા શરૂ કરી. તેમાં પોતાના પરમ મિત્ર મૂળશંકરભાઈ ભટ્ટ સાથે બુચભાઈ જોડાયા. અહીં પણ દક્ષિણામૂર્તિ વિનયમંદિરનું મૈત્રીભર્યું વાતાવરણ જળવાઈ રહ્યું હતું. તેમાં જિજ્ઞાસુ શિક્ષકો રિસેસમાં લલિત શાહ નામના જોડણી નિષ્ણાત વિદ્યાર્થી પાસે ડાહ્યાડમરા થઈને નિઃસંકોચ ભણવા બેસી જતા; શિક્ષકોમાં બુચકાકા એટલે રમૂજના રસગુલ્લા ! એક વખત આચાર્ય રઘુભાઈ નાયકે પ્રાર્થનામાં જાહેરાત કરી : “હવેથી ગણવેશમાં ચડ્ડી પહેરવાની રહેશે.”

કોઈ વિદ્યાર્થી બોલી ઊઠ્યો : “પાટલૂન નહીં ? ચડ્ડી ?”

બુચકાકા કહે : ચડ્ડી એટલે અડધું પાટલુન ! આ અડધું પાટલૂન પહેરવાનું છે, અડધું ઊભું નહીં !”

ઘરશાળા સાથે, તેના તે વખતના સાથીદારો સાથે, ને વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ સાથે બુચકાકાને પૂરી આત્મીયતા હતી. પણ મનમાં એક ઈચ્છા ઢાંકી, ઢાંકી હતી કે તક મળે તો ગામડામાં ચાલતી, ગામડાંનાં વિદ્યાર્થીઓ માટે ચાલતી સંસ્થામાં કામ કરવા જવું. તેમના પરમ મિત્ર મૂળશંકરભાઈ ઘરશાળા છોડી આંબલા ગયા હતા. (૧૯૪૫) ત્યારથી તેમની આ ઈચ્છા વધુ પ્રબળ બની હતી. સને ૧૯૪૮ પછી નવા સૌરાષ્ટ્ર રાજ્યના શિક્ષણમંત્રી તરીકે નાનાભાઈ ભટ્ટ એક વર્ષ રહ્યા હતા. સૌરાષ્ટ્ર રાજ્યે નઈ તાલીમને યોગ્ય શિક્ષકો તૈયાર કરવાની જવાબદારી નાનાભાઈની આંબલાની સંસ્થાને સોંપવાની તૈયારી બતાવી. આથી નઈ તાલીમ પ્રાથમિક અધ્યાપન મંદિર આંબલામાં શરૂ કરવાનું નક્કી થયું. યોગ્ય શિક્ષકોની જરૂર પડી. બુચકાકાને તેમાં જોડાવાની તક મળી.

ગ્રામપ્રદેશમાં શિક્ષણકાર્ય કરવાનું પોતાનું મન હતું તેથી ઘરશાળા છોડીને આંબલા જવાનું એમણે નક્કી કર્યું. પોતાના નિર્ણયની જાણ કરવા અને તે માટે રજા આપવાની વિનંતી કરવા માટે તેઓ સખેદ હરભાઈ પાસે ગયા.

હરભાઈએ કશી જ ચર્ચા કર્યા વિના પ્રસન્નતાપૂર્વક

રજા આપતાં બુચકાકાને કહ્યું, "ખરી રીતે તો મારે ગામડાંમાં બેસી કામ કરવું જોઈએ, પણ મારી કેટલીક મર્યાદાને કારણે હું જઈ શકતો નથી. તમે તો મારું જ કામ કરવા જાઓ છો, ખુશીથી જાઓ."

આમ હરભાઈના આશીર્વાદ લઈને બુચકાકા તા. ૧-૬-'૪૮ થી આંબલાની ગ્રામ દક્ષિણામૂર્તિ સંસ્થામાં શિક્ષક તરીકે જોડાયા. આમ ભાવનગરમાં અઢાર વર્ષ રહી જે ઉદાત્ત હેતુસર તેઓ આંબલા ગયા; આમ છતાં ઘરશાળા છોડતી વખતે તો જાણે એમણે પોતાને ઉતરડવા પડ્યા !

આંબલામાં પણ ઘરશાળા - ભાવનગરમાં અનુભવી હતી તેવી શિક્ષણનિષ્ઠા અને મૈત્રીપૂર્ણ વાતાવરણ હતું. અહીં મૂળશંકરભાઈ ઉપરાંત નાનાભાઈ, મનુભાઈ પંચોળી (દર્શક) વગેરે વિદ્યાપ્રેમીઓ પૂર્વપરિચિત હતા. ખાદી પહેરવી, કાંતવું, જાતમહેનત અને સમૂહમાં શ્રમ જેવી બાબતો બુચકાકાના જીવનમાં જડાઈ ચૂકી હતી. અહીંના ગ્રામ્ય પરિવેશમાં ગ્રામસંપર્ક, ખેતી, ગોપાલન, વાઢ, લણણી વ. બાબતો અનાયાસ અપનાવાઈ ગઈ.

ભાવનગરથી આંબલા આવેલ વક્ત કે પાબંદ બુચકાકા પાસે ત્યારે ચાર ઘડિયાળો હતી ને સંસ્થા પાસે એક જ ! એમની બધી ઘડિયાળોએ સમય દર્શાવવાની બાબતે હળીમળીને રહેવું પડે; પંદર સેકંડનોય ફરક પાડતી ઘડિયાળને બુચકાકા ગંભીર દર્દી માને ને તેની સારવાર કરાવવા મથે !

ધીરજપૂર્વક સરળ સુબોધ શૈલીમાં હાસ્ય-છાંટ સહિતનું અધ્યાપન કરતા અધ્યાપક બુચકાકા લોકશાળાના આચાર્યપદની જવાબદારી નભાવતા. સમગ્ર સંસ્થાના ઉપનિયામક પણ તેઓ ખરા.

બુચકાકાનાં જીવનસાથી પુષ્પાબહેન અહીં સૌનાં આદરણીઆ પુષ્પામાસી કહેવાતાં. આ નિઃસંતાન દંપતીનો વાત્સલ્યભાવ છાત્ર-છાત્રાઓ પર સદા વરસતો રહેતો.

એક વખત સાતેક છાત્રો સાથે તેઓ બંને સોનગઢના પ્રવાસે ગયેલા. તેમની માતૃવત્ કાળજી લેતાં પુષ્પામાસીને કોઈ બહેને પૂછ્યું, "બધાય તમારા ?"

એકને માથે હાથ ફેરવતાં માસી કહે - "હા, બધાય મારા !"

"પણ બધાય સરખા ?"

આ વાતચીતમાં વચ્ચે ટપકીને બુચકાકા કહે : "ન માન્યા તે આ બધાય સાથે આવ્યા !"

છાત્રોમાં પ્રભુદર્શન કરતા બુચકાકાની ધીરજ અપાર. મા-બાપ વગરના એક વિદ્યાર્થીને તેના દાદા આંબલા મૂકી ગયા. બુચકાકાએ લોકકીડમાં ઊછરેલા તે જિદ્દી કિશોરને પોતાની થાળી માંજતો કર્યો. કાંતણ વખતે બુચકાકા સામે તે ચરવડાચક્ર લઈને બેસતો. ફાવતું નહીં; તેથી ચરખાપેટી એક બાજુ મૂકી દે ને બુચકાકાના તાર તોડ્યા કર્યા કરે - સતત. ધૈર્યવાન બુચકાકાએ તેને તાર કાઢતો કર્યો. બીજા એક સુગાળવા તરુણ વતી છ માસ લગી બુચકાકાએ તેના ભાગે આવેલું સંડાસ-સફાઈનું કામ કરેલું !

વધતી વયે કાકામાંથી દાદાના દેખાવમાં ફેરવાતા જતા બુચદાદા કેટલાક છાત્રોની આર્થિક જવાબદારી ઓઢી લેતા. કોઈ પૂર્વ વિદ્યાર્થીના બાકી રહેતા લોનના હપ્તા ભરી દીધા હોય કે કોઈ વિદ્યાર્થીએ સંસ્થાનાં નળિયાં - છાપરાં તોડ્યાં હોય તો તેનો દંડ પણ ભરી દીધો હોય !

દમના દર્દી છાત્રને શ્રમકાર્યમાંથી મુક્તિ ઉપરાંત પુષ્પામાસીના હાથેથી આદુ-મધ પણ મળે. અટૂલા પડતા છાત્રને હેતુપૂર્વક ઘેર બોલાવીને હાંડવા ખવડાવવાની સાથે તેને હિંમતથી ભરી દે. પછાત ગણાતી જાતનાં બાળકો સાથે એમને વિશેષ પ્રેમ, બાળકોની દુનિયામાં મસ્ત બુચદાદાને એક બાળકે ફરિયાદ કરી, "ઓલ્યો મને ભૂંડ કે'છે !"

"તારું બીજું વધારે સારું નામ શોધી આપીશ, હોં ને !"

પોતાની હાજરીમાં જ નહીં ગેરહાજરીમાં પણ પ્રેરક પ્રભાવ છાત્રચિત્ર પર પાથરી શકતા બુચદાદાને બા-અદબ સલામ ! એક છાત્રે સંસ્થા દ્વારા યોજાયેલ પ્રવાસમાં જોડાવા


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

માટે ઘેરથી થોડા રૂપિયા મંગાવેલા. ઘેરથી જવાબ આવ્યો : "હમણાં અહીં તંગી છે તેથી તું પ્રવાસે જવાનું બંધ રાખે તો સારું."

સંસ્થામાં નાનાં-મોટાં શ્રમકાર્ય કરીને ભણતરનું ખર્ચ કાઢતો આ દિનકર શાહ નામનો તરુણ છાત્ર એક્કો હાંકીને સંસ્થાનો સામાન લેવા જતો હતો. ઘેરથી આવેલો પત્ર ખિસ્સામાં પડ્યો પડ્યો ચટકા ભરતો હતો. તેની ઉદાસ આંખોએ જોયું કે પાછળથી કોઈ સાઈકલસવાર એક્કાની આગળ નીકળી ગયો ને તેની પાછળ પડ્યું રહ્યું તેના ખિસ્સામાંથી સરી પડેલું પાકીટ! એક્કામાંથી ઊતરીને તેણે તે પાકીટ હાથ કરી લીધું. પ્રવાસ માટે જરૂરી પ્રાણવાયુ મળી ગયો !

એક્કો આગળ વધ્યો પણ વાટ પરની ડમરી તેના દિલ-દિમાગમાં ઊતરી પડી. તેની આંખેથી આંસુ વહ્યાં : હું બુચદાદાનો શિષ્ય ને હું આવું કરું ? તરત એક્કો પૂરપાટ દોડાવીને સાઈકલસવારને પાકીટ પરત કર્યું.

આવા તો અનેકાનેક તરુણ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પર અદીઠ પ્રેમ પ્રભાવ પાથરતા રહેતા બુચદાદા બુચમામા પણ કહેવાતા. ગ્રામ દક્ષિણામૂર્તિના સંનિષ્ઠ કાર્યકર ગુણવંતભાઈ ઉપાધ્યાય કેન્સરવશ અકાળે અવસાન પામ્યા ત્યારે (૧૯૬૦) તેમના વિધવા પત્ની અને નાના પાંચ સંતાનોનો સહારો બુચદાદા ને પુષ્પામાસી બન્યાં. બુચદાદા એ પાંચેયના મામા બન્યા ને હૂંફ આપતા રહ્યા.

ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલામાં બાર વર્ષ (૧૯૪૮ '૬૦)ના એક તપ પછી એમણે લોકભારતી - સણોસરાના અધ્યાપક, આચાર્યને થોડાં વર્ષો (૧૯૬૦-'૬૩) ઉપનિયામક તરીકેની ફરજ બજાવી. મૂળેથી જ એમને સત્તાનો શોખ નહીં, કેવળ કર્તવ્યભાવનાથી પ્રેરાઈને, સોંપાયું તે સ્વીકાર્યું.

ઉપનિયમક બુચદાદા નિયત સમયે પોતાના કાર્યાલયમાં હાજર હોય જ; ત્યાંથી વર્ગ લેવા જાય; વર્ગમાંથી પાછા કાર્યાલયમાં કાર્યરત સાથી (પ્યૂન) બીજે કોઈ કામે ગયા હોય તો તેનો જાતે કાર્યાલય-ખંડ ખોલે, વાળે ને તેમાં ગાદી-તકિયા ગોઠવે, સમય થયે ખંડ જાતે વાસે. બધું કામ ઘડિયાળને કાંટે કરવાની ચીવટ.

ઉપનિયામક તરીકે વિશેષ સવલતો મેળવવાની કે ભોગવવાની બુચદાદાને લાલસા નહીં. આણંદ શહેરમાંથી સંસ્થામાં જોડાયેલા અધ્યાપકને બુચદાદા કહે : "તમને કદાચ અગવડ જેવું લાગતું હશે. એમ કરો, મારા મકાનમાં તમે રહેવા આવી જાવ; અમે બે જ જણ છીએ ને તમે બચરવાળ; વળી શહેરમાંથી આવો છો."

સામે પણ તેવું જ સૌજન્ય : "ના બુચદાદા, તેવી જરૂર નથી, હવે ટેવાવા લાગ્યા છીએ."

ગણિતથી માંડીને ગાંધીવિચાર સુધીના વિષયો શીખવનાર શિક્ષક બુચદાદાનું ગુજરાતી, હિંદી, સંસ્કૃત ને અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ અદ્‌ભુત. નેવું વરસની ઉંમરે ફ્રેંચ ભાષા શીખવાનો આરંભ કરેલો એમણે. આંખે સાથ આપ્યો ત્યાં લગી અધ્યયનરત રહ્યા.

શિક્ષક બુચદાદાએ પોતાની સમગ્ર કારકીર્દિ દરમ્યાન કદી કોઈ વિદ્યાર્થીને આંગળી સરખી અડાડી નથી; ધબ્બા જરૂર માર્યા છે પણ તે હેતના, દોસ્તીના. 'વિદ્યાર્થીને દૂભવવા તે તો ભગવાનને દૂભવવા બરાબર' એમ માનતા બુચદાદા સાથે ગમે તે વયના શિક્ષક કે વિદ્યાર્થીને, સ્ત્રી કે પુરુષને, અધિકારી કે નોકરને એવી આત્મીયતા અનુભવાય કે એમની પાસે સૌ મન ખોલે, હળવા થાય ને શક્ય ઉકેલ પણ મેળવે. લગ્નજીવન અંગેના આટાપાટામાંથી તો તેમણે અનેકને ઉગાર્યા.

જેમ શિક્ષણની પદ્ધતિ-પ્રયુક્તિઓ તેમ સંગીતના રાગ-તાલ બુચદાદા જાણે ને માણે. એમના મધુર કંઠે ગવાયેલાં ભજનો હજુ સેંકડો છાત્રોના કાનમાં ગૂંજે છે. બુચદાદા સને ૧૯૩૦-૫૦ના ગાળામાં વિદ્યાર્થીઓ સાથે નાટકમાં પણ ભાગ લેતા. જાણીતા નર્તક ધરમશીભાઈ

શાહ સાથે તત્કાળ પ્રહસન ગોઠવીને લોરેલ-હાર્ડીની અદાથી એવી જમાવટ કરે પ્રેક્ષકો ખુશખુશ. 'મોરના ઈંડા' નાટકમાં એમની ગંભીર ભૂમિકાને ઝવેરચંદ મેઘાણીએ પણ દાદ આપી હતી.

આંબલા-સણોસરા વચ્ચેનું નવ કિલોમીટરનું અંતર શક્ય બન્યું ત્યાં લગી ચાલીને તેઓ ત્યાં જાય કે આવે. આંબલાથી સણોસરા લોકભારતીમાં આવ્યા તે ગાળે (૧૯૬૦-'૬૮) અધ્યાપક તરીકેની તેમની સેવાઓ તો અખંડ જ રહી. તેમનો ખાસ વિષય અંગ્રેજી કોઈ છાત્ર સ્વાધ્યાય તૈયાર કરી ન શક્યો હોય તો બુચદાદા જાતે તેને ગોતે. તેના હાથમાં સંદર્ભગ્રંથ અને કોરા કાગળ મૂકે ને સ્વાધ્યાય પતાવવા આગ્રહ કરે. આ જોઈને ક્યારેય કોઈ સહકાર્યકર કહે : 'તમે આટલી ઉદારતા ન રાખતા હો તો ?''

"ભાઈ, આ ઉદારતા વિદ્યાર્થી માટે નહીં, મારા માટે રાખું છું !"

સને ૧૯૬૮માં નિવૃત્ત થઈને એમણે દોઢેક માસ લોકભારતીથી બહાર રહેવાનું પસંદ કર્યું જેથી તેમના અનુગામી ને વહીવટકારો પોતાની રીતે માળખું ગોઠવી શકે. ડિસેમ્બર '૬૮ થી તે ૧૯૮૧ સુધી બુચદાદાએ આંશિક અધ્યાપક તરીકે સેવાઓ આપી.

દરમ્યાનમાં, સને ૧૯૭૫માં, બુચદાદાનાં જીવનસાથી પુષ્પાબહેને - પરિવારનાં માતાતુલ્ય માસીબાએ-ચિરવિદાય લીધી. જીવનના ઓગણોતેરમા વર્ષે આ કારમા આઘાતને એમણે લોકભારતીના ખોળામાં જીરવી લીધો. બાવન વર્ષના ખંડિત દાંપત્યની વેદના તેમના પૂર્વ વિદ્યાર્થીઓએ જાણે કે વહેંચી લીધી.

સને ૧૯૮૦માં મુંબઈ મુકામે 'ભાઈ' મૂળશંકર ભટ્ટ અને બુચદાદાદ સાથેનું સ્નેહમિલન યોજાયું હતું : પૂર્વ વિદ્યાર્થીઓ પોતાનું પદ અને પ્રવૃત્તિઓ ભૂલીને ઉંમર ઓગાળવાને ઊભટી પડ્યા; ત્રીસેક આવશે એમ આયોજકોએ ધારેલું; આવી ઊભા ત્રણસો ! બંને શિષ્ય સમર્પિત ગુરુજનો તેમની ભાવગંગાના તરંગોને અનાસક્તભાવે નીરખી રહ્યા !

સને ૧૯૮૧થી બુચદાદા, વિના વેતને લોકભારતીમાં માર્ગદર્શન આપતા રહ્યા છે; એમની હાજરી માત્રથી લોકભારતીમાં વિશેષ સ્ફૂર્તિનો સંચાર થયા કરે છે. સ્વયં સ્ફૂર્તિલા દાદાએ ચોર્યાસી વર્ષ પૂરાં થયા (૧૯૯૦) ત્યારે જે કાવ્ય દ્વારા પોતાનો મનોભાવ વ્યક્ત કર્યો તેનો આ અંશ :

"ચાર વીહું ને ચાર વરહું ઘોડો હાંક્યો,
જીવાજી અસવાર ! અવ ઘોડેથી ઊતરો.
લીધો-દીધો પ્રેમવાટ વટ્યા હળવે મને,
પ્રેમ જ આપણ ક્ષેમ, એના ઘરવ ન સાંભળ્યા.
આમ કહો તો એકલા, દુનિયાને વહેવાર,
પણ છૈયે અન-એકલા પ્રેમાવરણ વચાળ.
જાવાને તૈયાર, રહેવામાં વાંધો નથી,
જીવાજી અસ્વાર ! હળવે હૈયે હાલશું !
લગામ રાખી હાથ, હાંક્યે રાખો ટારડું,
નગનાગરના નાથ ! ઈશારે અટકી જશું."

આ વહાલા જીવાજી અસવારની શૈક્ષણિક સૂઝ અને સંગીન પ્રદાનને લક્ષમાં લઈને દર્શક ફાઉન્ડેશન સને ૧૯૯૫ના વર્ષનો શિક્ષણ માટેનો એવોર્ડ નેવું વરસના બુચદાદાને અર્પણ કરવાનું ઠરાવ્યું. આ ઠરાવની એમને પછીથી જાણ થઈ ત્યારે એમણે હળવાશથી કહ્યું : "ભલા માણસ, એવોર્ડ અંગે આગળથી તો કેવું'તું ! તમે તો બારોબાર સગપણ કરી નાખો એવા છો !" અમદાવાદ મુકામે તા. ૧૩-૪-'૯૬ના અર્પિત થયેલા એવોર્ડ નિમિત્તેની સભામાં એમણે કહ્યું :

"વર્તમાન શિક્ષણની મોટી ખામી : માનવી માનવી વચ્ચેના નરવા સંબંધની અવગણના થઈ છે તે છે. કોઈ એક જ શબ્દથી આ સંબંધ દર્શાવવો હોય તો બુદ્ધ ભગવાને પ્રબોધેલો "મૈત્રીભાવ" શબ્દ હું પસંદ કરું.... મને લાગે છે કે માસ્તરનો, આચાર્યનો અને તંત્રવાહકોનો


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ધર્મ છે કે તેમણે સમજણપૂર્વક આ માનવીય સંબંધની ઉપયોગીતાને સ્વીકારવી અને તેવો સંબંધ મૂર્ત કરવાની દિશામાં આગળ વધવું. આવા માનવકેન્દ્રી શિક્ષણની વિધિ માટે શિક્ષણનું સૂત્ર : મૈત્રીભાવ ∓ શિક્ષણ = કેળવણી રહે એ યથાર્થ છે.''

ઉક્ત સન્માનને અનુસરીએ લોકભારતીના સારસ્વત આચાર્ય મનસુખભાઈ સલ્લાએ સર્વગ્રાહી લેખ લખ્યો : ''સો ટચના શિક્ષક : બુચદાદા' તે શીર્ષક વિશે પ્રતિભાવ આપતાં બુચદાદા કહે, ''મનસુખભાઈ, આજે મોરારજી દેસાઈ હયાત હોત તો મને સો ટચનો જાણીને જેલમાં જ પૂરી દેત; હા, ત્યાં મને કદાચ એમણે એ-વોર્ડ આપ્યો હોત !' આવા તેવા બુચ કા ટુચકાનો તો પાર નથી !

લેખક તરીકે બુચદાદા-નટવરલાલ પ્ર. બુચ ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અગિયાર જેટલા અંગ્રેજી ગ્રંથોનો અનુવાદ, બે પરિચય પુસ્તિકાઓ, અને ખાસ કરીને હળવી હાસ્યરચનાઓ જેમ કે રામરોટી, બનાવટી ફૂલો, રામરોટી ત્રીજી, છેલવેલ્લું, કાગળનાં કેસૂડાં, હળવાં ફૂલથી તેઓ વિશેષ લોકપ્રિય લેખક સિદ્ધ થયા છે. હાસ્યસમ્રાટ જ્યોતીન્દ્ર દવેએ એમને સલામી આપતાં કહેલું : ''બુચભાઈ, તમે ઓછું લખ્યું છે, નહીંતર આજના આ જ્યોતીન્દ્ર દવેને છે તેવું સ્થાન - માન મળ્યું ન હોત !''

સ્થાન-મનની બાબતે બેદરકાર બુચદાદાની સંગત સદાબહાર. એ ફરી ફરીને માણવાનું મન થાય. આથી એમના પૂર્વ વિદ્યાર્થીઓ અને ચાહકોએ તા. ૨૬ ને તા. ૨૭ ઓક્ટોબર, '૯૬ના દિવસે લોકભારતી-સણોસરા મુકામે 'બુચદાદા' સાથે સ્નેહમિલન ગોઠવ્યું. આ મિલનમાં મંગલ પ્રારંભ પ્રવચન સુખ્યાત સાહિત્યકાર અને કેળવણીકાર મનુભાઈ પંચોળીએ ડિલે તાવ હોવા છતાં કર્યું : ''બુચભાઈ સંતપુરુષ જેવા છે. ગીતામાં વર્ણવાયેલ ભક્તિયોગમાંના ઘણાંખરાં લક્ષણો એમને લાગુ પડે છે; બધી કેળવણીનો સાર આનંદ જ છે. બુચભાઈએ આવો આનંદ ઘણાને આપ્યો છે ને આપશે; એમને પ્રણામ કરીને વિરમું છું.''

સ્નેહમિલનમાં ઉપસ્થિત અનેક પ્રૌઢ ભાઈ-બહેનોએ ભક્તિભાવે કબૂલ્યું : ''બુચદાદા ન હોત તો આજે અમે જે છીએ, જ્યાં છીએ ત્યાં અમે ન હોત !'' એક સૂચન પણ થયું : ''આવા પરમ શિક્ષક પાસે ચાર જ વરસ ભણવાનું ? હવે તેઓ આપણા બધાને ઘેર પંદર મહિનો દિ' આવે ને રહે એમ ફરતા રહે તો કેવું સારું !''

સ્નેહમિલન નિમિત્તે આવેલ એક સ્થૂળકાય પ્રૌઢાનાં નમન ઝીલતાં બુચદાદા કહે - ''મારી એક આંખ તો કામ કરતી નથી, ને બીજી આંખમાં તું સમાતી નથી !''

એક પૂર્વ વિદ્યાર્થી વલ્લભ ચિખલિયાએ બુચદાદા પાસે બે પગલુછણિયાં મુક્યાં ને કહ્યું : ''દાદા, બુકપાર્સલના વેસ્ટેજમાંથી ખાસ તમારા માટે મેં આ જાતે જ બનાવ્યાં છે, હોં ને !''

કદી દાદાગીરી નહીં કરતા બુચદાદા સાથે મારે તો ચાર-પાંચ પત્રોનો નાતો; પણ તેટલામાંય આત્મીયતાનો દોર એવો બંધાઈ ગયો કે હું સ્નેહમિલનમાં વગર આમંત્રણે ગયા વગર રહી ન શક્યો. પહેલી વાર એમનાં દર્શન કરીને ધન્ય થયો. મને છેક દ્વારકાથી આવેલ જાણીને તેઓ પણ રાજી થયા. એમના બેઠકખંડની ભીંતે લટકાવેલ નાના પાટિયા પર લખાયેલ એલેકઝાંડર પોપના અવતરણ તરફ ધ્યાન ગયું :

'નોટ એ સ્ટોક ટેલ વ્હેર આઈ લાઈ.'

— કદીએ ક્યાંય ન ઈચ્છું, પ્રત્યક્ષ સ્મૃતિ માહરી...'

આ વાંચીને મારી માફક આપને મનોમન થઈ આવશે : દાદા, દીકરા-દીકરી જેવા હજારો વિદ્યાર્થીઓના અંતરમાં તરતી આપની સદાબહાર પ્રતિમાને આપ કેમ કરીને દૂર કરી શકશો ? આપનાં સંભારણાં તો પેઢી દર પેઢીએ સંક્રમિત કરવાના વારસા સમાન છે ! બુચદાદા, આપને સલામ ! આપને પ્રણામ !

# વિદ્યા મુક્તિ ઝંખે છે.....

પ્રવીણ દરજી

વાતાવરણમાં અત્યારે બે મુદ્દાઓ તરતા જણાય છે. એક શિક્ષણના શતમુખ વિનિપાતનો અને બીજો રાષ્ટ્રીય શિક્ષણનીતિનો લગભગ પાંચસો પાનનો મુસદ્દો. શિક્ષણનું તૂટી રહેલું, દિશાભ્રમિત નાવ ડૂબશે કે પછી ડૂબતું ડૂબતું તેના અવશેષો સાથે તર્યા કરશે ? વર્તમાન શિક્ષણનું પરિરૂપ સ્પૃહણીય તો નથી જ પણ તેમાં જે અનેક વિરોધોની સેળભેળ થતી આવી છે તેને કારણે તેને 'શિક્ષણ' કહેવું કે કેમ એ જ મસમોટો પ્રશ્ન છે. શાસકોની બે મુખની વાતો અને શિક્ષણ પ્રત્યેની ઘોર ઉદાસીનતા, સામે ઢગલાબંધ સેલ્ફ ફાયનાન્સ કોલેજો સ્કૂલો, અધધ કહી શકાય તેવાં ઊંચા ફીનાં ધોરણો, કામચલાઉ રોજમદાર જેવા તેના અધ્યાપકો, અપૂરતો પગાર, શિક્ષક-અધ્યાપકનું પણ તત્પરત્વે ઉદાસીનતા ભરેલું વલણ અને ત્રીજી તરફ ધમધોકાર ચાલતા ટ્યુશન વર્ગો.....આ બધા વચ્ચે ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓનું મોટે પાયે થઈ રહેલું અચ્યુતમ્ ! કહો કેવી સ્થિતિ છે ! મધ્યમવર્ગ કે નિમ્ન મધ્યમવર્ગનાં સંતાનોનું શૈક્ષણિક ભવિષ્ય ક્યાં અને કેવું ? વળી પ્રવર્તમાન સમયના સમાજ તરફ નજર નાખતાં જે રીતે ગુનાખોરીનું પ્રમાણ વધતું જણાય છે, મૂલ્યોનું સતત હનન થતું દેખાય છે અને નીતિભ્રષ્ટતાને મૂલ્યમાં ખવાી દેવાની જે હાસ્યાસ્પદ સ્પર્ધા ચાલી રહી છે એ બધું પરોક્ષ રીતે સૂચવે છે કે શિક્ષણ ચારિત્ર્યનિર્માણમાં કે જ્ઞાનપ્રદાનમાં બંને રીતે ધરાર નિષ્ફળ નીવડ્યું છે. મેકોલે એલેકઝાન્ડર અને પ્રો. લેવી જેવાઓએ તો આપણી પ્રાચીન સંસ્કૃતિ, પ્રાચીન સંસ્કૃતિ પ્રાચીન કલા-પ્રાચીન સાહિત્ય વિશે ઊંચો અભિપ્રાય આપી તત્કાલીન માનસની તે પરત્વેની અભિમુખતાની પ્રશંસા કરી હતી. આજે આપણી નવી પેઢીએ અને અમુક અંશે વડીલ પેઢીએ એ તરફથી મુખ જ ફેરવી લીધું છે. કહો કે અતીત કે ભૂતકાળથી તેનો લગભગ વિચ્છેદ થઈ ગયો છે. એટલે સ્થિતિ એવી દુઃસહ છે કે વર્તમાન અસ્થિર છે, ભવિષ્ય અનિશ્ચિત છે અને અતીતથી કપાઈ ગયા છીએ. આ સ્થિતિ પણ ચુસ્તકારિકા બનીને રહી ગયેલા શિક્ષણને આભારી છે તો તેવો જ સમાજ અને તેને દોરનાર શાસકનો પણ તેમાં એટલો જ હિસ્સો રહ્યો છે. શિક્ષણ માટેની ઊઠબેસ આઝાદીનાં વર્ષો પછી એમ ચાલ્યા જ કરે છે. સમયે સમયે તેમાં પરિવર્તનની ઘોષણા થતી જાય છે, પંચો-કમિશનો દળદાર-દમદાર સૂચનો-નિયમો બનાવે છે પણ અમલને નામે મીંડું ! એટલે ઠેરના ઠેર જ રહ્યા છે, કદાચ નીચે ઊતરતા ગયા છે. શાસકો શૈક્ષણિક પરિવર્તન માટે સાચે જ ઈચ્છુક હોત, તેના અમલીકરણ માટે પૂરી નિસબત દાખવતા હોત તો આજે સ્થિતિ કંઈક ભિન્ન હોત. વસતિ વિસ્ફોટનાં કારણો આપીને છટકી જઈ શકાય તેમ નથી. વાત તો આપણી આપણા શાસકોની સાચી-સાફ દાનતની છે. એટલે પેલાં પંચો-કમિશનોની બેઠકો-ચર્ચાવિચારણાઓ, તેમણે દર્શાવેલ માર્ગદિશા બધું લગભગ સાચી દિશાનું હોવા છતાં તેમાંથી કશું મૂર્તરૂપે સામે આવતું નથી. શિક્ષણનું ખેતર એમ ભેલાઈ ગયું છે. તેને આપણે ઉપ્તબીજ ભૂમિ બનાવવાને બદલે ચાલાકી-ચબરાકીનું-છેતરપિંડીનું ક્ષેત્ર બનાવી દીધું છે. આ કડવું પણ સાચું સત્ય છે. છેલ્લા થોડાંક વર્ષોમાં માહિતીના ઢગલા જોઈ રાજી રાજી થઈ ગયાં. નવી ટેકનોલોજીના સ્વાગત પછી તેની મર્યાદાઓને સમજવી જોઈએ તે આપણે સમજી શક્યા નહીં. વધુ તો આપણું દુર્ભાગ્ય એ છે કે આ માહિતીમાં અટવાઈ જઈ માહિતીને જ જ્ઞાન માની લીધું. પછી જે પરિણામો આજે નજર સામે આવ્યાં તે જાણીતાં છે.

(અનુસંધાન પૃષ્ઠ ૧૫ ઉપર)

# ગાંધી બોલે છે

**અમીતાબહેન પાલખીવાલા**
પૂર્વ શિક્ષક,
અસારવા વિદ્યાલય,
અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૮.



અહિંસક ક્રાંતિના વિનમ્ર મસીહા, નોખી માટીના એક અજોડ ક્રાંતિકારી, દુનિયાની એક અજાયબ ચળવળના પયગંબર એટલે ગાંધી. અપરિગ્રહ જેમનો સ્વભાવ હતો, ઋજુતા એમની શોભા હતી, અને સહજતા એમનું જીવન હતું. મહાત્મા ગાંધીજીએ તેમના જીવનકાળ દરમિયાન ખૂબ લખ્યું છે અને તેઓ ખૂબ બોલ્યા પણ છે. ગાંધી જુદા જુદા વિષયો વિષે શું કહે છે તેના કેટલાંક અવતરણો અહીં આલેખવાનો એક નાનો પ્રયાસ કર્યો છે. પરંતુ એ અવતરણોમાંથી જ મોહનદાસ કરમચંદ ગાંધી ખરેખર કેમ મહાત્મા છે એ સમજવાની આપણને સૌને તક મળશે એ વાત નિશ્ચિત છે. ગાંધીના વિચારોમાંથી નીકળતા અર્થ નિઃસંશયપણે કંઈક નવું શીખવનારા, નૂતન તાજગી આપનારા, તમામ સમસ્યાઓમાં શાંતિ અને સમાધાન શોધી આપનારા અને મનુષ્યની જિંદગીને માનવીય બનાવવા માટે પ્રેરણા અને દિશા આપનારા છે.

ગોળીથી જન્મ્યા ગાંધી !
ને વધસ્તંભથી ઈશુ
હવે અણુબોમ્બથી
આપણો જન્મ થવામાં છે.

આજે જ્યારે સમગ્ર વિશ્વના દેશો હિંસાના આસન પર આરૂઢ થઈ જાણે કે પરમાણુ યુધ્ધ માટે સજ્જ છે ત્યારે યુગ પુરુષ ગાંધી સ્મૃતિ પર ચડે તે સ્વાભાવિક છે. વર્ષો થયા, આજે પણ ગાંધી વિચાર, ગાંધી વાણી પ્રસ્તુત છે. ગાંધીજીની આર્ષદૃષ્ટિ આઝાદીના સાત દાયકા પછી પણ સત્ય પૂરવાર થઈ છે.

"બ્રિટીશરો ઈચ્છે છે કે આપણે મશીનગનોના ફલક ઉપર સંગ્રામ શરૂ કરીએ કે જેનાં હથિયારો તેમની પાસે છે અને આપણી પાસે નથી. આપણે નિર્બળ છીએ એટલે હાથમાં હથિયાર નથી લેતાં એવું ન માનશો. હથિયાર નથી લેતાં તેનો અર્થ એ કે આપણે સબળ છીએ. લાકડીઓ પડે પણ સહન કરવું, એક સમયે એવો આવશે કે આ અહિંસાનું શસ્ત્ર આપણને આઝાદી અપાવશે."

એકવાર સત્યાગ્રહ આશ્રમમાં સાંજની પ્રાર્થના સમયે બાએ પીઠ પર ઓઢાડેલી ચાદર સાથે બાપુશ્રી રાવજીભાઈ સાથે વાતો કરતા બેઠા હતાં. ત્યારે એક કાળો મોટ સાપ બાપુની પીઠ પર આવીને ચડી ગયો ત્યારે રાવજીભાઈ ચારેબાજુથી ચાદર પકડીને દૂર લઈ ગયા અને સાપને બહાર ફેંકી દીધો. આ ઘટનાની જાણ જ્યારે કાકાસાહેબને થઈ ત્યારે કાકાસાહેબે બાપુને પૂછ્યું કે સાપ તમારી પીઠ પર ચડીગયો ત્યારે તમને કેવી લાગણી થઈ ? ત્યારે બાપુએ કહ્યું, "એક ક્ષણ તો હું પણ ગભરાઈ ગયો. પણ પછી તરત જ સ્વસ્થ થઈ ગયો. પછી વિચાર આવ્યો કે આ સાપ મને કરડશે તો હું સૌને કહીશ કે આ સાપને તો ના જ મારશો. કેમકે આ સાપ મને કરડ્યો છે, માટે તેને અભયદાન તો મળવું જ જોઈએ.

એક દિવસ મહાદેવભાઈએ બાપુના નિયમ પ્રમાણે સવારે ઉકળતા પાણીમાં મધ અને લીંબુ નાંખીને મૂક્યું. પાણીમાંથી ગરમ વરાળ નીકળતી હતી. પાંચેક મિનિટ બાદ બાપુ ત્યાં આવ્યા. એમણે કટોરો જોયો મને કહ્યું, "જો આ પાણીને તમે ઢાંકી દીધું હોત તો સારું હતું. વલ્લભભાઈ ત્યાં જ બેઠેલા હતાં. એમણે કહ્યું, "બાપુ પાંચ મિનિટમાં શું ખાટુંમોળું થવાનું હતું ?હું સામે જ બેઠો હતો. એટલીવારમાં એમાં કશું પડે નહીં. અહિંસાના પૂજારી બાપુએ કહ્યું, "વાત કશુંક પડવાની નથી પણ એમાંથી જે ગરમ વરાળ નીકળી રહી છે તેના કારણે

કેટલાય સૂક્ષ્મ જીવાણુ નાહકના મરી શકે છે.'' બાપુ કહેતાં, ''અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે અહિંસા અને સત્ય એના ઓતપ્રોત છે, જેમ સિક્કાની બે બાજુ અથવા લીસી ચકરડીની બે બાજુ.''

યરવડા જેલમાં એકવાર તેમને કોઈએ વાંચવા માટે છાપુ આપ્યું. જેલમાં છાપુ વંચાય નહીં એવો નિયમ અને બાપુ જેલના બધા નિયમોનું ચુસ્તપણે પાલન કરે. બીજા દિવસે બાપુએ પેલા ભાઈને છાપુ પરત આપતાં કહ્યું, ''તમારા આ છાપાએ તો મારી ઉંઘ બગાડી. છાપુ વાંચવાની લાલચ થયા કરે અને જેલની શિસ્ત તોડવા મન ના પાડે. એમાં આખી રીત ખૂણામાં ભરાઈ રહેવું પડ્યું.

બાપુને એક બહેન હતા. એમનું નામ ગોકી બહેન. બાપુ દર મહિને ગોકીબહેનને ૧૦ રૂ. મોકલાવે. થોડા દિવસમાં ગોકીબહેનની એક દિકરી વિધવા થઈ ઘેર પાછી આવી. એટલે ગોકીબહેને ગાંધીજીને પત્ર લખ્યો કે, દસ રૂપિયામાં અમારા બંનેનું પૂરું થતું નથી. તેથી અમારે લોકોના દળણા દળવા પડે છે. ગાંધીજીએ વળતા જવાબમાં કહ્યું, ''દળણાં દળવાથી શરીર સારું રહે છે. અમે પણ અહીં આશ્રમમાં દળીએ છીએ. તમે આશ્રમમાં આવીને રહો અને બેન તેટલી જનસેવા કરો. પણ આશ્રમના જાહેર પૈસામાંથી હું તમને કશું મોકલી શકું નહીં.''

''તમે આમ મૂંગા કેમ બેઠાં છો ?'' ગાંધીજીએ જવાબ આપ્યો. ''હું જાણું છું કે જેલનો નિયમ છે કે જ્યારે કેદી મુલાકાતી સાથે વાત કરતો હોય ત્યારે જેલનો અધિકારી હાજર હોવો જોઈએ. તમારા ગયા પછી મારે એ નિયમનું પાલન કરવું જોઈએ. આથી હું મારી પત્ની સાથે એક હરફ પણ ઉચ્ચારી ના શક્યો.''

યરવડા જેલમાં કસ્તુરબા જ્યારે ગાંધીજીને મળવા આવ્યા ત્યારે ત્યાં હાજર અધિકારી આ પતિ પત્નીને વાતની મોકળાશ આપવા ત્યાંથી ચાલ્યો ગયો અને નિશ્ચિત સમયે પાછા આવીને પતિ-પત્નીને ચૂપચાપ જોયા ત્યારે ગાંધીજીએ જવાબ આપેલો.

એકવાર મુંબઈમાં મારવાડી વિદ્યાલયમાં ઉતરેલા ગાંધીજી એમની નાનકડી પેન્સિલ શોધતાં હતાં. ત્યારે કાકા સાહેબે પોતાની પેન્સિલ બાપુને આપવા માંડી, ત્યારે બાપુએ કહ્યું, ''ના, મારે એ નાની પેન્સિલ જ જોઈએ છે. મારાથી એ ખોઈ જ ના શકાય. તેમ કે તમે જાણો છો ? એ પેન્સિલ મદ્રાસમાં સ્ટેશન માસ્ટરના નાના દીકરાએ મને કેટલા પ્રેમથી આપી હતી ! એ મારાથી કેમ ખોવાય ?''

ગાંધીજીમાં વિનોદવૃત્તિ પણ ગજબની હતી. એક વાર ગાંધીજીની તબિયત ખૂબ જ બગડી ગઈ અને એમ જ લાગતું હતું કે ગાંધીજી ભાગ્યે જ બચશે. પણ પછી એમની તબિયતમાં સુધારો થવા લાગ્યો. ત્યારે એમના એક સંબંધીને લખેલા પત્રમાં કહ્યું, ''મારી તબિયત ચંદ્રમાની કળા જેવી છે. વધે છે અને ઘટે છે. માત્ર અમાવસ્યામાંથી છટકી જાય છે.'' વિનોદવૃત્તિને જીવનનું આવશ્યક અંગ માનનારા ગાંધીજી કહેતાં, ''જો મારામાં વિનોદવૃત્તિ ન હોત તો મેં ક્યારનોય આપઘાત કરી લીધો હોત.''

એકવાર લોકમાન્ય તિલક એક સભામાં ભાષણ કરવાના હતા. તે સભામાં ગાંધીજી પણ હતાં. નિશ્ચિત સમય કરતાં તિલક બે મિનિટ મોડા આવ્યા. ત્યારે ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, ''જો સ્વરાજ બે મિનિટ મોડું આવશે તો એના માટે જવાબદાર તમે ગણાશો તિલક !''

ગાંધીજી રોજ સવારે નાસ્તામાં દસ ખજૂર ફૂલાવીને લેતાં. એકવાર વલ્લભભાઈ તેમની સાથે હતાં. બાપુના સૂકલકડી શરીરને કારણે તેમણે પંદર ખજૂર બાપુને ખાવા માટે આપી. ત્યારે બાપુએ પ્રશ્ન કર્યો તો વલ્લભભાઈ કહે, બાપુ દસ અને પંદરમાં ખાસ શું ફેર છે ? ત્યારે બાપુએ કહ્યું, ''અપરિગ્રહના ઉપાસકે દસ અને પંદર કે દસ અને પાંચ વચ્ચે પસંદગી કરવાની હોય તો દસમાંથી

પાંચની કરવી જોઈએ. જેટલા ઓછાથી ચલાવી શકીએ, એટલો પરિગ્રહ ઓછો."

અસ્પૃશ્યતા નિવારણ માટે દેશભરનો પ્રવાસ કરી રહેલા ગાંધી સાથે ઓરિસ્સાના પંડિતો શાસ્ત્રાર્થ કરવા આવ્યા. તેઓ કહેતાં કે શાસ્ત્રોમાં અસ્પૃશ્યતાનું સમર્થન છે. ત્યારે ગાંધીજીએ કહ્યું, "ભાઈઓ ! મેં શાસ્ત્રોનો અભ્યાસ નથી કર્યો, એટલે હું હાર સ્વીકારું છું. પણ સંસારના બધા શાસ્ત્રો મળીને પણ માનવ એકતાના સિધ્ધાંતને ખોટો ઠેરવી શકતાં નથી. મારો તો આ જ ધર્મ છે."

એકવાર ખાદીકામ માટે દક્ષિણની યાત્રાએ મહાદેવભાઈ અને અન્ય સાથે બાપુ નીકળ્યા હતાં. ત્યારે ચિકાકોલ સારુ કાંતનારી બહેનો વચ્ચેની હરિફાઈમાં બાપુએ હાજરી પણ આપેલી. પ્રવાસ અને ઉજાગરાના થાકથી બાપુ સાંજની પ્રાર્થના કરવાનું ભૂલીને સૂઈ ગયા. રાત્રે બે-અઢી વાગે આંખ ખૂલી ત્યારે યાદ આવ્યું કે સાંજની પ્રાર્થના કરી નથી. મહાદેવભાઈ સાથેની વાતચીતમાં ગાંધીજીએ કહ્યું, "મને ખૂબ આઘાત લાગ્યો અને આખું શરીર ધ્રુજવા લાગ્યું, પરસેવેથી રેબઝેબ થઈ ગયો. ઉઠીને બેઠો, ઘણો પસ્તાવો કર્યો. જેની કૃપાથી હું જીવું છું, મારા જીવનની સાધના કરું છું, તે ભગવાનને જ ભૂલી ગયો ! આ કેવી ગફલત ! ભગવાનની ક્ષમા માંગી અને ત્યારપછી આખી રાત ઊંઘ જ ના આવી."

દક્ષિણ આફ્રિકામાં તેમણે અન્યાય સામે અહિંસાનો વિરોધ કર્યોત્યારે લોકો માનતા કે અહિંસા તો નબળા લોકોનું શસ્ત્ર છે. પણ જવાબમાં ગાંધીએ કહેલ, "અહિંસા નબળા લોકોનું શસ્ત્ર નથી, પણ સૌથી શક્તિશાળી અને શૂરવીર લોકોનું ઓજાર છે. સત્યાગ્રહ વિષે તેમણે કહ્યું, "દરેક પ્રકારના અત્યાચાર અને અન્યાયને નાબૂદ કરવા સત્યાગ્રહનો ઉપયોગ થાય છે."

ગાંધીજી કહેતા, "મેં કોઈ નવું દર્શન કે નવો વિચાર નથી આપ્યો. સત્ય અને અહિંસા તો શાશ્વત સિધ્ધાંતો છે. મેં મારી રીતે તેને રોજિંદા જીવનમાં વિવિધ સમસ્યાઓનું સમાધાન મેળવવા તેનો ઉપયોગ કર્યો છે."

એકવાર આચાર્ય કૃપલાણીએ તેમને કહેલ કે, અહિંસા દ્વારા કોઈ રાષ્ટ્ર સ્વતંત્ર થયાનો એકપણ દાખલો ઈતિહાસમાંથી મળ્યો નથી, ત્યારે ગાંધીજીએ આત્મવિશ્વાસથી જવાબ આપેલ,"તમે ઈતિહાસ શીખવનારા છો ! હું ઈતિહાસ ઘડનારો છું. આપણે અહિંસક પ્રતિકાર દ્વારા જ ભારતને સ્વરાજય મેળવી આપીશું. પછી ઈતિહાસના પ્રાધ્યાપકો તેના પર વ્યાખ્યાનો આપશે."

ગાંધીજી જયારે સ્વાતંત્ર્ય ચળવળ ચલાવતા હતા ત્યારે તેમણે 'મારા સ્વપ્નનું ભારત' નો વિચાર રજૂ કર્યો હતો. તેમણે કહ્યું, "મને લાગે છે કે હિંદનું મિશન બીજા દેશો કરતાં જુદું છે. બીજા રાષ્ટ્રો પશુબળના પૂજારી છે. હિન્દ આત્મબળથી સૌને જીતી શકે છે. આત્મબળ આગળ પશુબળ કશી વિસાતમાં નથી. હું હિન્દુસ્તાનને સ્વતંત્ર અને સુદૃઢ જોવા ઈચ્છું છું.મારા સ્વપ્નના સ્વરાજમાં જાતિ કે ધર્મના ભેદભાવને સ્થાન નથી. તેમજ ભણેલાઓનો કે ધનવાનોનો ઈજારો નહીં હોય. સ્વરાજ બધાને માટે હશે. ધનિકવર્ગ જીવનને જે જરૂરિયાતોનો ઉપયોગ કરે છે તે ગરીબને પણ સુલભ હોવી જોઈએ."

સત્યાગ્રહના બ્રહ્માસ્ત્રથી સાત સમંદર પર વિજય પતાકા લહેરાવતી સલ્તનતની તેમણે ધૂંસરી તોડી નાખી હતી પણ ધર્મની ધજાઓ હેઠળ દેશની ધરતીના ભાગલા સામે તેમનું રોમરોમ આક્રંદ કરી રહ્યું હતું. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સમયે ભારે દુઃખદર્દ સાથે તેઓ કહેતાં, "મારી નજર આગળ જે હિંદ આકાર લઈ રહ્યું છે, તેમાં મારું સ્થાન નથી એમ મને લાગે છે. હિંદે હિંસાનો રસ્તો લીધો છે. રેંટિયો લગભગ ભૂલાઈ ગયો છે. લોકો મોટા મોટા કારખાનાઓ તથા લશ્કરી બળની દૃષ્ટિથી વિચારવા લાગ્યા છે. "પણ ત્યારે ગાંધીની શ્રદ્ધા જ બોલતી હતી, "એક દિવસ એવો આવશે, જયારે સૌ જાણશે કે હિંદને

માટે તો ગૃહ ઉદ્યોગ અને અહિંસા સિવાય બીજો કોઈ રસ્તો નથી.''

દેશના ભાગલાથી વ્યથિત ગાંધીજી કહેતાં, ''પણ હું, જેણે હિંદુસ્તાનની આઝાદી મેળવવા માટે જિંદગી દાવ પર લગાડી દીધી છે, એની બરબાદી જોવા માટે જીવતો નહીં રહું. હું પ્રત્યેક શ્વાસમાં ભગવાનને પ્રાર્થના કરું છું કે મને આ જ્વાલાઓ બુઝાવવાની તાકાત આપ અથવા તો આ ધરતી પરથી ઉપાડી લે. તમારે હિંદના ભાગલા પાડતા પહેલાં મારા શરીરના ભાગલા કરવા પડશે. સ્વતંત્રતાની લડાઈ ભારે કિંમત ચૂકવ્યા વિના લડી શકાતી નથી.''

પ્રકૃતિ અને સંસ્કૃતિના સંવર્ધક, યુગપુરુષ મહાત્મા ગાંધી હંમેશાં કહેતાં કે બીજાને ભોગે કે પ્રકૃતિના ભોગે સુખી થવાનો આપણને કોઈ અધિકાર નથી. સાબરમતીના કાંઠે રહેતા હોવા છતાં એક લોટો પાણીનો જ તેઓ ઉપયોગ કરતા અને કહેતા કે આ સાબરમતી મારા એકલા માટે નથી. તમામ પશુપંખી, જીવજંતુ સર્વેને માટે છે. અને મારી આવતી પેઢી માટે સલામત રાખવાની છે. પ્રકૃતિના ભોગે ભૌતિક વિકાસ મને મંજૂર નથી.

જહોન રસ્કિનના એક પુસ્તક 'અન ટુ ધ લાસ્ટ' વાંચીને ગાંધીજીએ બેરિસ્ટરી તરણાની જેમ ફગાવી દીધી ને સર્વોદયની સ્થાપનાની દીક્ષા લીધી. એ પુસ્તકના સારમાંથી જે સમજણ ગાંધીજીને મળી તો તેમણે કહેલ, ''વકીલ અને વાળંદ બંનેની કિંમત સમાજમાં સરખી હોવી જોઈએ, બીજું ખેડૂતનું જીવન આ બધામાં ચડિયાતું છે. ત્રીજું ધન તે સંપત્તિ નથી પણ જીવન તે સંપત્તિ છે.''

ગાંધીજી કહેતાં, ''સાચાં અર્થમાં સંસ્કૃતિ જરૂરિયાતો વધારવામાં નહીં પણ તેના સમજપૂર્વકના સ્વૈચ્છિક સંયમમાં રહેલી છે. સર્વોદય એ દ્રૌપદીવ્રત જ છે. તમે તેમાં અમને સૌને સાથ આપો તેવી પ્રાર્થના.''

શિક્ષણને હંમેશાં કેમ ગતિશીલ રાખવું તેના સંદર્ભમાં ગાંધીજીનો અભિપ્રાય હતો, ''પાઠ્યપુસ્તકોની વિદ્યાર્થીઓને છે તેના કરતા વધારે જરૂર શિક્ષકોને છે. શિક્ષકે હંમેશાં તૈયારી કરવી પડે અને બાળકોની શક્તિ અને અભિગમ જોઈને કેળવણી આપવી પડે. સાચી કેળવણી તો બાળકોની અંદર રહેલું હીર પ્રગટાવવામાં રહેલી છે.''

જ્યારે વિદ્યાર્થીઓને ઉલ્લેખતાં ગાંધીજીએ કહેલું, ''હે વિદ્યાર્થીઓ, જો તમારા જીવનનો આધાર પવિત્ર વિચારો અને પવિત્ર કાર્યો નથી, તો હું કહું છું કે તમે ગમે તેટલા સ્કોલર હશો, તો પણ તમે જિંદગી હારી જશો.'' ગાંધીજીએ પ્રબોધેલા અગિયાર મહાવ્રતો જો દરેક શાળામાં અનુસરવામાં આવે અને તેનું નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવે તો વર્તમાન શિક્ષણમાં ઉદ્ભવતા પ્રશ્નોનું આપણે સરળતાથી નિરાકરણ લાવી શકીએ.

મોટા ઉદ્યોગો તેમજ મૂડીમાલનું ઉત્પાદન કરવા માટે ગાંધીજી યંત્રોના વિરોધી ન હતા. તેમનો વિરોધ ''યંત્રોની ઘેલછા'' સામે હતો. ગાંધીજી કહેતા, ''જ્યાં કરોડો માણસો કામ વિના બેસી રહ્યાં છે ત્યાં મજૂરી બચાવનારાં યંત્રોનો વિચાર કરવાથી કશો લાભ થતો નથી.'' ''યંત્રોનું પોતાનું સ્થાન છે અને તે રહેવા સર્જાયેલાં છે. પણ તેમને જરૂરી માનવ શ્રમનું સ્થાન લેવા દેવું જોઈએ નહીં.''

સ્વદેશી વિષે ગાંધીજી કહેતાં, ''આપણે આપણાં રાષ્ટ્રધ્વજ વિશે મનમાં અભિમાન રાખીએ છીએ, પણ જો હિન્દુસ્તાનમાં બનેલી ચીજો અળખામણી લાગે અને આપણે વિદેશી ચીજો પાછળ દોડીએ તો આપણા એ અભિમાનનો કશો અર્થ નથી. ''ગાંધી કહેતા, ''મારા ઘરની આસપાસ દેશવિદેશની સંસ્કૃતિઓના પવન સૂસવાતા રહે એમ હું ઈચ્છું છું, પણ તે પરથી મારી ધરતી પરથી મારા પગ ઉથલી પડે તેમ હું ઈચ્છતો નથી.''

''પ્રાર્થના એ આત્માનો ખોરાક છે.'' ''પરમેશ્વરનું ખરું નામ સત્ એટલે સત્ય છે. તેથી પરમેશ્વર સત્ય છે એમ કહેવા કરતાં સત્ય એ જ પરમેશ્વર છે એમ કહેવું


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

વધારે યોગ્ય છે." "મારો અંતરાત્મા જેને સત્યે ગણે છે તે માર્ગ જો કે ખાડાની ધારે ચાલવા જેવો છે, છતાં મને એ સહેલામાં સહેલો લાગ્યો છે."

શિક્ષણના માધ્યમ વિશે ક્યારેય પણ જે ચર્ચા ચાલતી હોય તેમાં માતૃભાષા કે અંગ્રેજી તે અંગે વિવાદ હતો. ગાંધીજી કહેતા, "બંને પક્ષનો હેતુ પવિત્ર હતો. પરંતુ મેકોલેએ આપણા સાહિત્યને તિરસ્કાર્યું, આપણને વહેમી ગણ્યા, આપણા ધર્મગ્રંથો વહેમનો સંગ્રહ મનાયા, આપણી સભ્યતા ખામીવાળી લાગી એટલે આપણા સંસ્કારનો વિચાર કર્યા વિના પુસ્તકો રચાયા અને અંગ્રેજી કહેવતનો તરજુમો કરીએ તો ઘોડા આગળ ગાડી મૂકાઈ."

આંતરરાષ્ટ્રીય હિતનો વિચાર કરનાર અને વસુધૈવ કુટુંબકમ્‌માં માનનાર ગાંધીજી કહેતાં, "હું ભારતની આઝાદી માટે જીવું છું અને તેના માટે જ મરી જઈશ. પણ હું ભારતની મુક્તિ દ્વારા વિશ્વની નબળી અને ગુલામ જાતિઓની સ્વતંત્રતાનો માર્ગ પ્રશસ્ત કરવા માંગું છું. મારા માટે દેશભક્તિ અને માનવતા એક જ છે. બંને અલગ નથી. હું મનુષ્ય છું અને મારામાં માનવતાનો વાસ હોવાથી હું દેશભક્ત છું. મારો ધર્મ જેમ મને મારી સંસ્કૃતિ મુજબ જીવવાનો આદેશ આપે છે તેમ બીજી સંસ્કૃતિઓને ઉતારી પાડવાની કે તેમની અવગણના કરવાની મનાઈ કરે છે."

"સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણ જોઈતું નવ સંઘરવું, બ્રહ્મચર્ય અને જાતે મહેનત કોઈ અડે ન અભડાવું, અભય, સ્વદેશી, સ્વાર્થ, ત્યાગ ને સર્વ ધર્મ સરખા ગણવા – આ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણે દૃઢ આચરવા આ અગિયાર મહાવ્રતો ગાંધીજીએ પોતાના જીવનમાં ઉતારેલા અને આથી જ તેઓએ કહેલ, "મારું જીવન એ જ મારો સંદેશ છે." આ શબ્દો સૌના માટે પ્રેરણાનો સંદેશ છે. દિશા સૂચક છે. જીવનમાં પથદર્શક અને પ્રેરણાદાયી છે. તેમની જીવનસરિતાના દરેક વહેણ સૌ માટે, સૌના હિત માટે સોનાના કહેણ છે. બાપુએ જીવન એવું જીવ્યું કે, તે સંદેશ બન્યું.

છેલ્લે પણ ગોડસેએ તેમની હત્યા કરી, ત્યારે પણ તેમના મોંમાંથી છેલ્લે કેવળ, 'હે રામ' જ શબ્દ નીકળ્યા. 'હે રામ' આમ તો વ્યથામાંથી પ્રકટેલો આ શબ્દ છે. પણ આ માનવીના મુખમાંથી રત્નની જેમ ઝળહળી ઉઠ્યો.

હે રામ !<br>
છેલ્લે બોલ્યા, તા હે રામ !<br>
બાપુ બોલ્યા, તા હે રામ !<br>
ગોળીથી જયાં દેહ વીંધાયો, પહોંચ્યા પરમ એ ધામ !<br>
બાપુ બોલ્યા, તા હે રામ !<br>
ગાંધી બોલે છે,

માત્ર બોલ્યા નથી, વિચારીને બોલ્યા છે, વિચારો પર મંથન કરીને બોલ્યા છે. જે વિચાર્યું તેને આચરણમાં મૂક્યું અને સત્ય લાધ્યું ત્યારે બોલ્યા છે. આત્મશુદ્ધિ પામીને અને આત્મબળથી બોલ્યા છે. ગાંધીના બોલ ભારતીય સમાજની એક મોટી સંપત્તિ બની છે. એટલું જ નહીં પણ વિદેશોમાં પણ ગાંધીજી વિચારકો અને આંદોલનકારીઓની એક આખી પેઢી માટે બૌદ્ધિક ભાથું બની ગયા છે. ઈટાલીમાં ડેનિયલો ડોલ્સી, જર્મનીમાં પેટ્રોકેલી, દક્ષિણ આફ્રિકામાં રંગભેદની સામે લડત ચલાવનાર સ્ટ્રીપ બાઈકો કે અમેરિકામાં નાગરિક અધિકારો માટેની કૂચની આગેવાની લેનાર માર્ટિન લ્યુથર કીંગ એ દરેકે ગાંધીના બોલમાં એક નવી ભાષા ઉમેરી.

આજે વૈશ્વિક સમસ્યાઓના નિરાકરણ માટે દુનિયા આખીનું ધ્યાન ફરી-ફરીને ગાંધીના બોલ તરફ જઈ રહ્યું છે. કારણ કે એમના વેણમાં ગહનતા છે, વિવેકબુદ્ધિ છે, આત્મસંયમ છે, દૂરંદેશી છે.

ગાંધી કહેતા, "જયાં સુધી મારામાં શ્રદ્ધા પ્રજ્જવલિત રહેશે અને મને આશા છે કે હું એકલો પડી ગયો હોઈશ તો પણ તમારી શ્રદ્ધા તેવી જ રહેશે અને ત્યારે હું કબરમાં પણ જીવતો રહીશ અને વળી તેમાંથી પણ બોલતો રહીશ.

# ભારતમાં ઉચ્ચ શિક્ષણના માળખાની વિગતો


**પ્રા. ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ**
મુ. રંગાઈપુરા, પોસ્ટવાળું ફળિયું,
તા. પેટલાદ, જિ. આણંદ.
મો. ૯૭૨૪૧૩૭૮૫૧




શિક્ષક એ શાળાઓનું ફાઈવીલ છે. બાળકો શાળાનો આત્મા છે. શાળા કે મહાશાળા અને એના સાધનો તો માત્ર બાળક ઘડતર માટેના સાધનો છે. આપણું સાધ્ય નથી. શિક્ષણ અને સંસ્કૃત કોઈપણ દેશની સાચી મૂડી છે, જે શિક્ષણ અને સંસ્કારથી સંભવે છે. જે દેશના બાળકોમાં સાચી દિશાનું શિક્ષણ આપવામાં આવે છે તે દેશ ક્યારેય કોઈથી પાછળ નહીં રહે.

સરકાર એક સાધન છે. તેનાથી સમાજની કરોડરજ્જુનું ઘડતર થાય, કાયદા કરે, નિયમોનું પાલન કરાવે, ગુનેગારોને સજા કરે વગેરે, સરકારે બાળકો, યુવાનોને કેન્દ્રમાં રાખી શિક્ષણ ક્ષેત્રમાં નિતિનું આયોજન કરે એ જરૂરી છે.

ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન ૨૦૧૭-૧૮ માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં ભારતના તમામ રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશો સહિતના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તતી પરિસ્થિતિઓનો વિગતવાર અહેવાલ આવરી લેવામાં આવ્યો છે. આ અહેવાલમાં જુદા-જુદા નવ મુખ્ય વિષયોના મથાળા હેઠળ આંકડાકીય માહિતી સમગ્ર દેશની તથા રાજ્યવાર દર્શાવવામાં આવી છે. જેમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ કોલેજો, યુનિવર્સિટીઓની વિગતો, વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ, ગ્રોસ એનરોલમેન્ટ ગુણોત્તર ૧૮ થી ૨૩ વર્ષના ઉચ્ચશિક્ષણ મેળવવા પાત્ર લોકોનો ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ, અધ્યાપકોની પરિસ્થિતિ નોન ટિચિંગ સ્ટાફની માહિતી, પરિક્ષાના પરિણામો, યુનિવર્સિટીઓમાં એનરોલમેન્ટની પરિસ્થિતિ, માળખાકીય સવલતો તથા પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં એનરોલમેન્ટ વગેરે મુખ્ય છે. આ સર્વે મુજબની કેટલીક અગત્યની આંકડાકીય માહિતીથી પરિચિત થવું જોઈએ.

- યુનિવર્સિટીઓની મુખ્ય માહિતી
- સમગ્ર દેશમાં યુનિવર્સિટીઓની સંખ્યા ૯૦૩ છે.
- પ્રાઈવેટ યુનિવર્સિટીઓની સંખ્યા ૩૪૩ છે.
- ગ્રામીણ ક્ષેત્રમાં ૩૫૭ યુનિવર્સિટીઓ આવેલી છે.
- ફક્ત મહિલાઓને શિક્ષણ આપતી યુનિવર્સિટીઓ ૧૫ છે. તે પૈકી રાજસ્થાનમાં ૪, તામિલનાડુમાં ૨ અને અન્ય નવ રાજ્યોમાં, દરેકમાં એક, આંધ્રપ્રદેશ, આસામ, દિલ્હી, હરિયાણા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઓડિશા, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળ છે.
- એક કેન્દ્રિય ઓપન યુનિવર્સિટી ઉપરાંત ૧૪ રાજ્યોમાં રાજ્ય સ્તરની ઓપન યુનિવર્સિટી આવેલી.
- યુનિવર્સિટીઓમાં વિષય પ્રમાણે વર્ગીકરણમાં ૫૦૦ જનરલ, ૧૨૬ ટેકનિકલ, ૪૦ એગ્રીકલ્ચર, ૫૮ મેડિકલ, ૨૨ કાયદા, ૧૩ સંસ્કૃત અને ૧૦ અન્ય ભાષાઓ તેમજ ૮૩ અન્ય વિષયોની વિશિષ્ટ યુનિવર્સિટીઓ છે.
- દેશમાં સૌથી વધુ યુનિવર્સિટીઓ ધરાવતાં યોગ્ય રાજ્યોમાં રાજસ્થાનમાં ૭૯, ઉત્તરપ્રદેશમાં ૭૬, ગુજરાતમાં ૬૫, કર્ણાટકમાં ૬૦ અને તામિલનાડુમાં ૫૮ છે. તેમાં ગુજરાત ત્રીજા નંબરે છે.
- યુનિવર્સિટીઓ તરફથી અપાતી ડિગ્રીઓના સંદર્ભે જોઈએ તો સરકારી યુનિવર્સિટીઓ દ્વારા ૪૦.૬૪ ટકા, પ્રાઈવેટ યુનિવર્સિટીઓ દ્વારા ૨૯.૧૩ ટકા ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીઓ દ્વારા ૧૩.૬૨ ટકા અને ઓટોનોમ્સ સ્વતંત્ર સંસ્થાઓ દ્વારા ૧૧.૧૯ ટકા



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ડીગ્રીઓ અપાય છે. સેન્ટ્રલ યુનિવર્સિટીઓ દ્વારા ૫.૦૯ ટકા ડિગ્રીઓ આપવામાં આવે છે.

- કુલ ૯૦૩ યુનિવર્સિટીઓનું વર્ગીકરણ સેન્ટ્રલ યુનિવર્સિટીઓ ૪૬ (૦૧ ઈગ્નોઉસહિત) ૧૦૧ રાષ્ટ્રીય મહત્વ ધરાવતી સંસ્થાઓ, ૬૩૩ રાજ્ય સ્તરે કામ કરતી યુનિવર્સિટીઓ છે. જે પૈકી ૩૫૧ સરકારી યુનિવર્સિટીઓ, ૫ રાજ્ય સરકારના કાયદા હેઠળ સ્થપાયેલ સંસ્થાઓ, ૧૪ રાજ્ય સ્તરની ઓપન યુનિવર્સિટીઓ, ૨૬૨ રાજ્ય સ્તરની ખાનગી યુનિવર્સિટીઓ અને ૧ રાજ્ય સ્તરની અરૂણાચલ પ્રદેશમાં આવેલી ખાનગી યુનિવર્સિટી છે. ૧૨૩ ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીઓ જે પૈકી ૩૩ સરકારી, ૧૦ રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત અને ૮૦ ખાનગી છે.
- ખાનગી યુનિવર્સિટીઓમાં સૌથી વધુ રાજસ્થાન ૪૩, બીજા ક્રમે ગુજરાત ૩૧ અને ત્રીજા ક્રમે ઉત્તર પ્રદેશ ૨૭ છે.
- ચંદીગઢ, ગોવા, જમ્મુ-કાશ્મીર, મણિપુર, પૉંડિચેરી, તમિલનાડુ, તેલંગાણા અને કેરાલા રાજ્યમાં એક પણ ખાનગી યુનિવર્સિટીઓ નથી. દક્ષિણના ત્રણ મોટા રાજ્યો તમિલનાડુ, તેલંગાણા અને કેરાલા ખાસ ઉલ્લેખનીય છે. તે નાના રાજ્યો છે.

**કોલેજોની વિગતોની માહિતી.**

- સમગ્ર દેશમાં ૩૯,૦૫૦ કોલેજો છે.
- સરકારી કૉલેજો ૮૩૫૮ એટલે કે ૨૨ ટકા, ખાનગી બિનઅનુદાનિત કૉલેજો ૨૪૬૨૦ એટલે કે ૬૪.૭ ટકા, ખાનગી અનુદાનિત કૉલેજો ૧૩.૩ ટકા છે.
- દેશમાં સૌથી વધુ કૉલેજો ઉત્તરપ્રદેશમાં ૬,૯૨૨ છે. જે દર એક લાખની વસ્તીએ ૨૮ નું પ્રમાણ ધરાવે છે. બીજા નંબરે મહારાષ્ટ્રમાં ૪,૩૧૪ કૉલેજો છે. જેમાં એક લાખની વસ્તીએ ૩૩ કોલેજોનું પ્રમાણ છે.
- ગુજરાત રાજ્ય સાતમા નંબરે આવે છે. રાજ્યમાં ૨,૧૯૬ કૉલેજોની સંખ્યા છે. જે દર લાખની વસ્તીના પ્રમાણમાં ૩૦ કૉલેજોનું ધોરણ દર્શાવે છે.
- દરેક કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે જોતાં નાની કોલેજોનું ૧૦૦ થી ઓછી વિદ્યાર્થી સંખ્યા પ્રમાણ ૧૮.૫ ટકા જેટલું છે. મધ્યમ કક્ષાનું સંખ્યા બળ ૧૦૦ થી ૫૦૦ વિદ્યાર્થીઓ ધરાવતી કોલેજો ૪૬.૭ ટકા છે. જ્યારે ૩૦૦૦ થી વધુ સંખ્યાબળ ધરાવતી કૉલેજો માત્ર ૩.૬ ટકા છે. એટલે કે સરેરાશ ૫૦૦ વિદ્યાર્થી સંખ્યા બળ ધરાવતી કૉલેજોનું પ્રમાણ ૬૫.૨ ટકા જેટલું છે.
- દેશમાં સૌથી વધુ કૉલેજો ધરાવતા જિલ્લાઓની પરિસ્થિતિ જોઈએ તો સૌથી વધુ કૉલેજો બેંગ્લોર અર્બનમાં ૮૯૩, જયપુર જિલ્લામાં ૫૫૮, હૈદરાબાદ જિલ્લામાં ૪૭૨, પૂના ૪૪૨, નાગપુર ૩૩૭, મુંબઈ ૩૧૩ અને ભોપાલમાં ૨૭૦ આવેલી છે.
- ૬૦.૪૮ ટકા કૉલેજો ગ્રામીણ વિસ્તારોમાં આવેલી છે. માત્ર મહિલાઓને ઉચ્ચ શિક્ષણ આપતી કૉલેજોનું પ્રમાણ ૧૧.૦૪ ટકા છે.
- કૉલેજોના સંચાલનની બાબતમાં જોઈએ તો દેશની કૉલેજોમાંથી ૭૮ ટકા કૉલેજો, ખાનગી સંસ્થાઓ દ્વારા ચલાવાય છે. ૬૪.૭ ટકા ખાનગી બિન અનુદાનિત કે જે પૈકી સૌથી વધુ તામિલનાડુમાં ૭૬.૨ ટકા છે. જ્યારે સૌથી ઓછી આસામ ૧૨ ટકા અને ચંદીગઢમાં ૮ ટકા ખાનગી બિન અનુદાનિત કૉલેજો છે.
- ગુજરાત રાજ્યમાં ૨,૪૭૩ કૉલેજો છે. જે પૈકી ૨૧.૨૬ જોડાણ ધરાવતી, ૨૩૮ યુનિવર્સિટીઓની કૉલેજો છે. પીજી કેન્દ્રો ઓફ કેમ્પસ ૩૯ અને માન્ય કેન્દ્રોની સંખ્યા ૮૦ છે.
- ગુજરાત રાજ્યમાં ૬૩ કૉલેજો પ્રાઈવેટ ૧૩૮૦ બિનાઅનુદાનિત, ૨૩ ટકા ખાનગી ૫૦૦, અનુદાનિત અને ૨૯૮ કૉલેજો ૧૪ ટકા સરકારી કૌલેજો છે.

- ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણક્ષેત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી ૩.૬૬ કરોડ વિદ્યાર્થીઓ સ્નાતકકક્ષાએ ૭૯.૧૯ ટકા, જ્યારે પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ ૨.૮૦ કરોડ વિદ્યાર્થીઓ ૧૧.૨૩ ટકા છે. ડિપ્લોમાં કક્ષાએ ૨૭.૦ લાખ, જ્યારે ૧.૭૭ લાખ સર્ટિફિકેટ અને ૨.૩૫ લાખ પી.જી. ડિપ્લોમાં અભ્યાસ કરે છે.
- સૌથી વધુ વિદ્યાર્થીઓ વિનિયનનાં અભ્યાસક્રમોમાં ૯૫.૦૬ લાખ છે. જે પૈકી ૪૭.૨ ટકા પુરુષો અને ૫૨.૮ ટકા મહિલાઓ છે. જેમાં બીજા ક્રમે સાયન્સના અભ્યાસક્રમોમાં ભણતા વિદ્યાર્થીઓ ૪૮.૫૧ લાખ છે. જેમાં ૫૧.૩ ટકા પુરુષો અને ૪૮.૭ ટકા મહિલાઓ છે. એન્જિનિયરીંગ અને ટેકનોલોજી ત્રીજા ક્રમે આવે છે. જેમાં ૭૧.૪ ટકા પુરુષો અને ૨૮.૬ ટકા મહિલાઓ છે. એન્જિનિયરીંગ અને ટેકનોલોજીની જુદી-જુદી ૧૭ પ્રશાખાઓ પૈકી ટોપ પાંચમા મિકેનિકલ એન્જિનિયરીંગ ૮.૩ લાખ વિદ્યાર્થીઓ, ઈલેકટ્રોનિક્સ ૬.૫ લાખ, સિવિલ એન્જીનિયરીંગ ૫.૯ લાખ અને ઈલેકટ્રીકલ એન્જિનિયરીંગમાં ૪.૧૮ લાખ છે. ચોથા નંબરે કોમર્સ વિદ્યાશાખા ૪૦.૧૪ લાખ વિદ્યાર્થીઓ છે જે પૈકી ૫૨.૫ ટકા પુરુષો અને ૪૭.૫ ટકા મહિલાઓ છે.
- મેડિકલ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ૧૭.૯૯ લાખ પૈકી મહિલાઓની સંખ્યા ૬.૭ લાખ છે અહીં પુરુષો કરતાં મહિલાઓનું પ્રમાણ વધારે છે.
- મેનેજમેન્ટ વિદ્યાશાખામાં ૫.૯૭ લાખ વિદ્યાર્થીઓ છે. જે પૈકી ૩.૭૦ લાખ પુરુષો છે. કાયદા વિદ્યાશાખામાં ૩.૭૦ લાખ વિદ્યાર્થીઓ પૈકી ૨.૫૦ લાખ પુરુષો છે.

**ગ્રોસ એનરોલમેન્ટ દરની પરિસ્થિતિઃ**

ગ્રોસ એનરોલમેન્ટ દર એટલે કે ૧૮ થી ૨૩ વર્ષની જન સંખ્યા પૈકી ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યાનું પ્રમાણ યુ.એસ.એ.માં આ દર ૫૮.૮૦ ટકા, ચીનમાં ૪૩.૩૯ ટકા, થાઈલેન્ડમાં ૪૮.૮૬ ટકા જેટલું છે.

- ભારતનો ગ્રોસ એનરોલમેન્ટ દર ૨૫.૮ ટકા છે. પુરુષોની વસ્તી જોતાં આ દર ૨૬.૩ ટકા જ્યારે મહિલાઓનો દર ૨૫.૪ ટકા છે. અનુસૂચિત જાતિની જનસંખ્યામાં આ દર ૨૧.૮ ટકા અનુસૂચિત જનજાતિમાં ૧૫.૯ ટકા છે.
- ગુજરાત રાજયનો ગ્રોસ એનરોલમેન્ટ દર ૨૦.૧ ટકા છે, જેમાં પુરુષોનો દર ૨૧.૯ ટકા છે. જ્યારે મહિલાઓમાં ૧૮.૨ ટકાનો દર છે. તામિલનાડુ, કેરાલા, યુ.પી., મહારાષ્ટ્રમાં આ દર ગુજરાત કરતાં ઊંચો છે.


**વિદ્યાર્થી-શિક્ષકનો ગુણોત્તરઃ**

- કોલેજો અને યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા અને શિક્ષકોની સંખ્યા દર્શાવતો આ ગુણોત્તર દર્શાવે છે કે કેટલા વિદ્યાર્થીઓ દીઠ એક શિક્ષક છે. સમગ્ર દેશો આ સંદર્ભ દર ૩૦ કોલેજો તથા યુનિવર્સિટીઓ સાથેનો છે. જ્યારે માત્ર યુનિવર્સિટીઓને ધ્યાને લેતાં આ દર ૨૦ નો છે.
- ગુજરાતમાં વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ ૨૬ નું છે. ગુજરાત રાજય કરતાં અન્ય રાજ્યોની સ્થિતિ વધુ સારી છે. જેમાં કેરાલા ૧૫, પંજાબ ૨૦, તામિલનાડુ ૧૫, મહારાષ્ટ્રમાં ૨૨ અને પાંડિચેરીમાં ૧૧ છે.

ઉચ્ચ શિક્ષણક્ષેત્રનો સર્વે આધારિત આ અહેવાલ દિશા નિર્ધારણ માટેનો અગત્યનો સાઠ જેટલી કુલ ચાર પ્રકરણમાં વિભાજિત સમાવિષ્ટ માહિતી ખૂબ જ રસપ્રદ છે. છેલ્લે સાત પરિશિષ્ટોમાં વ્યાખ્યાઓ તથા અન્ય માહિતીઓ દર્શાવેલ છે.

# મા ભારતીનો દિકરો

**ડૉ. હિતેષ બી. શાહ**
શ્રવણ ઈ.એન.ટી. હૉસ્પિટલ, ભીડભંજન મંદિર પાસે,
સુખનાથપરા રોડ, અમરેલી. મો. : ૯૮૭૯૩૨૩૪૭૮



'રીટેઈલ ક્ષેત્રમાં FDI,... આવો વિદેશીઓ આવો. પહેલાની જેમજ વેપાર કરવા આવો... ને પછી રાજ કરો. આખ્ખાયે હિન્દુસ્તાન પર... અમે લોકો લાયક નથી આઝાદીને. અહીં સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા વધી રહી છે. કાયદા ફક્ત પુસ્તકોમાં જ રહી ગયા છે.

નાનો એવો ટ્રાફીક હવાલદાર પણ જો કોઈને રોકે તો યે કાયદાનું પાલન કરવાને બદલે મિનિસ્ટરો સુધી ઓળખાણ આપીને છટકવાનું, અહીંના લોકોને લોહીમાં ભળી ગયું છે. સુપ્રિમકોર્ટ જેને ફાંસીની સજા ફરમાવી હોય તેવા નખશિખ રાષ્ટ્રિય ગુનેગારોને દસ–દસ વર્ષ સુધી બિરિયાની ખવડાવવામાં આવે છે. બટકા રોટલા માટે ઝઘડતી પ્રજાને અંદર અંદર ઝઘડાવીને વાંદરા જેવા નેતાઓ પોતાનો સ્વાર્થ સાધી લે છે.

અહીંના લોકો કદી લોકશાહીને લાયક થવાના જ નથી. આ તો અંગ્રેજો અને સરદાર પટેલના કારણે આખુ ભારત એક બની શક્યુ, બાકી હવે કોઈ ભારતમાતાનો દિકરો પેદા નથી થવાનો કે જે માતાની સેવા કરે... માતાનું ધ્યાન રાખે....''

આટલું લખીને તનયે થોડુંક રિલેક્સ થવા માટે ટી.વી. ઓન કર્યું. તેને આવતા અઠવાડીએ એક રાષ્ટ્રિય મેગેઝીન માટે લેખ મોકલવાનો હતો.

અચાનક તેનો HTC ONE V ફોન રણકે છે, ફોનના સ્ક્રીન પર તેના મિત્ર કેવલનો હસતો ચહેરો દેખાઈ આવ્યો. તેણે ફોન કાને ધર્યો.

''તનય સાહેબ...... ટીવીમાં ન્યુઝ જુઓ એક નવું કૌભાંડ બહાર આવ્યુ છે. તમને લેખ લખવા માટે મુદો મળી રહેશે.....'' કહી કેવલે ફોન કટ કર્યો.

તનયે ન્યુઝ જોતાં જોતા લેખને આગળ વધાર્યો. ''કેટકેટલાં કૌભાંડો....? રૂા. ૧૮૦૦ કરોડનું કોલસા કૌભાંડ, વિકલાંગોની સહાયની ઉચાપતનું કૌભાંડ.... પેટ્રોલના સતત વધતા જતા ભાવ.... કારમી મોંઘવારી બેલગામ ઘોડા જેવો બનતો સોનાનો ભાવ... આવો અંગ્રેજો આવો.... ફરી પાછા આવો... અમને કડક કાયદાઓનુ પાલન કરાવો... વેપાર કરો... નવો દેશ બનાવો...

સ્વતંત્રતાની ચળવળમાં ભારતમાતાના જે સપુતો પેદા થયા હતા, ઘડાયા હતા તે બધા આઝાદી પછી અદ્રશ્ય થઈ ગયા. પરાધીનતા એટલે જાણે બંધ રૂમનો દરવાજો અને આઝાદી એટલે જાણે ખુલ્લો દરવાજો. આનાથી વિશેષ કોઈ ફર્ક નથી ભારતીય પ્રજાના માનસ પર.

દરેક વ્યકિતને પોતાનો હક જોઈએ છે, ફરજ અદા કર્યા વિના જ. ક્યાં છે ભારતમાતાના સાચા દીકરા ? ઓ ભારતમાં ? હું શું કરું તારા માટે ?

''ડેડી, આજે પાર્ટીપ્લોટમાં જઈશું ને...? વેસ્ટર્ન ડાન્સની મજા આવે છે આ નવરાત્રી'' માં ફ્રેનલ, તનયનો આઠેક વર્ષનો દીકરો પિત્ઝાનો પીસ મોઢામાં મુકતા મુકતા બોલ્યો.

હજી તનય હા કે ના કહે તે પહેલા તેનો ફોન રણકી ઉઠયો. સામેથી એક સ્ત્રી સ્વર સંભળાયો.

''મોટી બહેન બોલુ છું... આજે તમે ને તમારા મિત્ર કેવલભાઈ સૌ એક્ઝિક્યુટીવ એન્જીનિયર્સ પોતપોતાના ફેમિલી સાથે અમારે ગામડે આવવાનું છે... અમારી સંસ્થામાં''

''નવો શું પોગ્રામ છે...?''

તનયને ખબર હતી કે શહેરથી થોડેક દૂર ગામડામાં ગાંધીજીના સિદ્ધાંતોને વરીને કામ કરતી આ આદર્શ સંસ્થા હંમેશા વારે–તહેવારે પોતાના વિદ્યાર્થીઓના વિકાસ માટે કંઈક ને કંઈક કાર્યક્રમ રાખતી જ હોય છે. જેના ભાગરૂપે

આ મોટીબહેનનો ફોન હોવો જોઈએ.

"હા.... નવરાત્રીના ગરબાનો સાંસ્કૃતિક કાર્યક્રમ છે. ચોક્કસ આવવાનું છે તમારે આજે રાત્રે." વિવેક, સૌમ્યતા, આગ્રહ, ખાનદાની, બધુ જ હતું મોટી બહેનના અવાજમાં

"ચોક્કસ..." કહી તનયે ફોન મૂકયો.

"નવરાત્રીમાં આમંત્રણનો ફોન હતો ને ? મોટી બહેનનો ? દરવખતની જેમ ? તનયની પત્ની લિપી ઓવનમાંથી પિત્ઝા બહાર કાઢતાં બોલી

"હા, મોટીબહેનની સંસ્થામાં જવાનું છે આજે રાત્રે, આપણે ને કેવલે...."

"ના ડેડી, ગામડામાં મજા નહિ આવે, શાંતીથી ગરબા કરવામાં કોઈ મજા નથી આવતી.

પાર્ટીપ્લોટમાં જ જવું છે, ત્યાં ડી.જે. માં ડાન્સ કરવાની ખૂબ મજા આવે છે" તેનો દિકરો જીદ કરી રહયો.

"જવુ તો પડશે જ થોડોક સમય ત્યાં રહીને પછી તને ડી.જે માં લઈ જઈશ" કહી તનયે દિકરાને ચૂપ કરી દીધો. તેને કહેવુ હતુ કે, 'જો દિકરા, નવરાત્રિ એ કંઈ સનેડો કે હિન્દી–અંગ્રેજી ફિલ્મના આધુનિક ગીતો પર ડાન્સ કરવાનો કોઈ સામુહિક જલસો નથી. નવરાત્રિ એટલે માતાની આરાધના શકિતની આરાધના. ગોળ ગોળ ઘુમરીઓ લેવાથી એક આવર્તન પુરુ થાય છે. વારંવાર આ કરવાથી આવર્તન ઘટ્ટ બને છે. જે દરમ્યાન એક અલગ જ પ્રકારનું બળ પેદા થાય છે. પ્રોટોનની ફરતે સતત ફરતો ઈલેકટ્રોન જાણે, જેમ નવા ગ્રહો સૂર્યની આસપાસ ગરબા રમે છે તેમ શકિતના આરાધકો માતાજીની છબી કે મૂર્તિ પાસે આરાધના કરવાની હોય છે'

પરંતુ તે પોતાના આઠેક વર્ષના દિકરાને આ સમજાવી ન શકયો. અલબત તેણે જ એક લેખમાં કવિતા કરેલી કે

*જેની માથે હોય બાપ,*

*એની સમજણનો વધી જાય વ્યાપ*

તનયે ટી.વી. ચેનલ બદલી ચંદ્રગુપ્ત મોર્યની સિરીયલમાં વિશ્વના મહાન શિક્ષક ચાણકય બોલી રહયા હતા.

*"સમુચ્ચ્ય છોટે છોટે રાષ્ટ્રોકા એક અખંડ ભારત કા નિર્માણ કરના હૈ..."*

તનયને જાણે કે ટીવી સ્ક્રીન પર અચાનક જ ભારતમાતા દેખાયા જે કહી રહયાં હતાં, "કયાં છે મારો દિકરો ? મારી આ દુર્દશા કોણ સુધારશે...?"

મોટી બહેનની સંસ્થાની સ્થાપના ૧૯૪૯ માં થઈ હતી. તેમના પિતા અનંતરાયે સ્થાપી હતી હજી પણ ૯૬ વર્ષે તે હયાત છે. આઝાદીની ચળવળમાં તેઓ સ્વાતંત્રસેનાની હતા. દેશ આઝાદ થયો પછી ગાંધીજીના સિદ્ધાંતોને વરેલા આ સ્વાતંત્રસેનાની અનંતરાયે દેશબાંધવો માટે કંઈક કરી છુટવાની ભાવના સાથે આ સંસ્થાની સ્થાપના કરી હતી. હજુ પણ અનંતરાય દાદા, બાળકોના પ્રશ્નો ઉકેલે, અનાથાશ્રમ ચલાવે... ૯૬ વર્ષની પૂરી યુવાની સાથે.

મોટીબહેનને જરૂરી માર્ગદર્શન પણ આપે મોટીબહેન પણ જાણે કોઈ ભેખધારી સાધ્વી કોઈ પર્સનલ લાઈફ નહિ. જે છે તે સંસ્થા અને તેના બાળકો.

કેવલે તેના પત્ની, બાળક ને માતા–પિતા સાથે આવ્યો હતો. તેના પિતા એક સિદ્ધાંતવાદી શિક્ષક તેમજ સંસ્થાના વિચારોથી પ્રભાવિત હતા.

મોટી બહેનના આવકારથી પુલકીત બનેલા સૌ મહેમાનો પોતપોતાની જગ્યાએ બેસી ગયા. સંસ્થાના વિશાળ ચોગાનમાં બાળકો શિસ્તબદ્ધ રીતે ગરબો ઘૂમી રહયા હતા. તે જોઈને તનયને લાગ્યુ કે કયાં પાર્ટીપ્લોટમાં અંગઉપાંગોને આડેધડ હલાવીને ચીચીયારીઓ કરતા બુદ્ધિજીવીઓના દિકરાઓ અને કયાં આ શાંત, નિયમબદ્ધ તાલે સંસ્કૃતિની જાળવણી કરતા આ બાળકો... તનય, કેવલ અને તેના પિતાની વચ્ચે બેઠો હતો. મહિલાવૃંદ અલગ બેઠુ હતું. વચ્ચે સંસ્થાના મોભી એવા દાદા સફેદ સદરા અને લેઘામાં ખુરશી પર બેઠા બેઠા બે હાથ લાકડી પર ટેકવીને એકીટશે ગરબાના લયને નિહાળી રહયા હતા. જાણે વર્ષોની મહેનત પછી ઉગેલા ફાલને કોઈ ખેડૂત એકીટશે જોઈ રહયો ના હોય...!


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

તનય આ દાદાને એકીટશે નિહાળી રહયો... શું વિચારતા હશે દાદા....?

એટલીવારમાં એક ચારેક વર્ષની બાળકી નવીનકકોર લાલ ચણીયાચોળીમા સજજ થયેલી, દાદાની સામે આવીને ઉભી રહી ગઈ. ઘડીક દાદા તેને જોઈ રહયાં ધીમે–ધીમે મરક મરક હસતાં ઘડીક તે બાળકી દાદાને તાકી રહી, કોઈ અધિકારભાવથી.

થોડીવાર પછી બાળકી હિન્દીમાં કંઈક બોલતી હોય તેવું તનયને લાગ્યું. દાદા તેને પોતાની રીતે ઉત્તર આપતા હોય તેમ પણ જણાયું.

"આ બાળકી દેખાય છે તનય ? કેવલના પિતા તનયને સંબોધી રહયા.

"હું એને જ જોઉ છું."

"તે એક અનાથ બાળકી છે. તેની માતા ગાંડી છે. તેની મા ગળુ દબાવીને તેને મારવા જતી હતી ને આજુબાજુની દુકાનવાળાઓનું ધ્યાન ગયુ કે તરત તેઓએ એને છોડાવી. માતા મેન્ટલ હોસ્પિટલમાં છે ને આ બાળકીને મોટીબહેન અહી લઈ આવ્યા. હમણાં થોડા દિવસ પહેલા....." એકી શ્વાસે કેવલના પિતા બોલી ગયા.

"ઓ... હો..." બોલતા બોલતા તનય પાછો વિચારમાં પડી ગયો.

"કેટલુ મોટુ ને અઘરૂ કામ આ દાદા–દાદી ને મોટીબહેન કરી રહયા છે ? તનયે કેવલના પિતાને કહયું.

"આવા કેટલાયે અનાથ બાળકોને આ લોકો પ્રેમથી સાચવે છે."

તનયે જોયું કે પેલી બાળકીએ પેશાબ કરવાની ઈચ્છા વ્યક્ત કરી એટલે મોટીબહેનના ઈશારે એક યુવતી ખૂબ જ સભ્યતાથી એ બાળકીને લઈ ગઈ.

થોડીવાર પછી પાછી આવેલ બાળકી દાદાના ખોળામાં બેસી ગઈ.

તનયે ઉપર આકાશમાં જોયુ. વિશાખા નક્ષત્રના તારાઓ ટમટમી રહયા હતા તેની નજર સામે ઉપર આકાશમાં એક પછી એક ચિત્રો ઉપસી આવ્યા, FDI, કૌભાંડો, પાર્ટીપ્લોટ, દાદા અને બાળકી..

ક્યાં દિલ્હીના કૌભાંડોથી ખદબદતા કહેવાતા દેશના સેવકો અને કયાં આ ગામડાનો ભેખધારી સ્વાતંત્રસેનાની...? કેવો કેવા અરમાનો સાથે આ સ્વાતંત્ર સેનાનીઓ લડયા હશે આઝાદી માટે ? અત્યારે નવી પેઢીઓ દેશના શું હાલ કર્યા છે ?

તનયે આકાશ તરફ માંડેલી નજરમાં દેખાયું કે ખુરશીમાં બેઠા બેઠા બે હાથ વડે ઉભી ટેકવેલી લાકડી પર જેવું દાદાએ માથુ મૂકયું કે તરત જ તેમની આગળ પેલી નવીનકકોર ચણીયાચોળીવાળી બાળકી આવીને ઉભી રહી. ગઈ જાણે સાક્ષાત ભારતમાતા....! ને તેનો દિકરો...!!!

## સોનેરી પરીઓ

**ઉમેશ જોષી**

૧૭, ગોપાલનગર-૨, બ્રાહ્મણ સોસા., અમરેલી-૩૬૫૬૦૧

મો.: ૯૮૭૯૫૬૬૫૯૦

સોનેરી પરીઓ સપનામાં આવે,
મને ગગનના પારણે પ્રેમે ઝૂલાવે;
ચાંદા-સૂરજનો મલક દેખાડી,
મને તારાના સરોવરમાં નવરાવે....સોનેરી પરીઓ...

વર્ષાના બુંદને, મેઘધનુના રંગને,
મારી બીડેલી આંખમાં રેલાવે,
વસંતની ડાળીએ હસતાં એ ફૂલની,
મને માળા ગૂંથીને પહેરાવે... સોનેરી પરીઓ....

હીરા-માણેક ને પરવાળા મોતીના,
અકબંધ ઓરડાઓ બતાવે;
સોનેરી પરીઓના સપનાઓ મીઠડાં,
મને રોજરોજ ઊંઘમાં હસાવે... સોનેરી પરીઓ....

# યાદશક્તિ એટલે શું ?

ડૉ. હર્ષદ પી. કામદાર
(એમ.ડી., ડી.પેડ., ડી.સી.એચ. (બોમ્બે)

માર્ચ અને એપ્રિલ મહિના એટલે વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના મહિના. સ્પર્ધાના આ જમાનામાં દરેક મા-બાપની ઈચ્છા એવી હોય છે કે તેમના બાળકનો અવ્વલ નંબર આવે. તેમાંય અમુક જગ્યાએ એડમિશન લેવા વિદ્યાર્થી કેટલા ટકા લાવેલ છે, એ જ અગત્યનું છે, પરંતુ આ તનાવયુ ત અને ઝડપી જમાનામાં લગભગ દરેક માણસની અને વિદ્યાર્થીની એ સામાન્ય ફરિયાદ હોય છે કે તેની યાદશક્તિ ઘટતી કેમ જાય છે ?

**આ યાદશક્તિ એટલે શું ? એ ક્યાં રહેલી છે ?**

યાદશક્તિ એટલે વિદ્યાર્થીએ તેના અભ્યાસકાળ દરમિયાન શીખેલુ, સાંભળેલું, જોયેલું, અનુભવેલું જ્ઞાન સંગ્રહી રાખવાનો ખજાનો. આપણા અભ્યાસક્રમમાં ટકા લાવવા અને આગળ આવવા સ્મૃતિ અગત્યની છે. એટલે જ મહાન તત્ત્વચિંતક પ્લુટોએ કહ્યું છે કે 'બધું જ શિક્ષણ એ માત્ર સ્મૃતિ જ છે.'

એટલા માટે જ કહેવામાં આવે છે કે આપણે જે ખાઈએ છીએ તે અગત્યનું નથી, પણ જે પચાવીએ છીએ તે જ શરીરને મજબૂત બનાવે છે. એવી જ રીતે વિદ્યાર્થીએ કેટલું વાંચેલું છે, તે અગત્યનું નથી, પણ તેણે કેટલું યાદ કરેલું છે તે જ તેને હોશિયાર બનાવે છે.

આપણા શરીરમાં સર્વોચ્ચ સ્થાને બિરાજમાન ૩ રતલ વજનના મગજમાં બુધ્ધિ, હોશિયારી, સ્મરણશક્તિ વગેરે ક્યાં પડેલા છે તે હજુ સુધી વૈજ્ઞાનિકો ચોક્કસપણે શોધી શક્યા નથી. મગજના સૌથી ઉપલા આવરણે કોર્ટેક્ષ કહેવામાં આવે છે, તેમાં આ તમામ સુપર શક્તિઓ સંગ્રહાયેલી પડેલી છે. આ ટચૂકડા કોર્ટેક્ષમાં ૫૦ અબજ ન્યુટ્રોન્સ પડેલાં છે, જે એકબીજા સાથે અને પાંચે જ્ઞાનેન્દ્રિયો-આંખ, કાન, નાક, જીભ અને ચામડી સાથે સંકળાયેલાં છે.

આપણું મગજ આ પાંચેપાંચ જ્ઞાનેન્દ્રિયોમાંથી આવતી માહિતીનું વિશ્લેષણ કરે છે અને તેમાંથી જોઈતી માહિતીનો સંગ્રહ કરે છે, તેનું જ નામ યાદશક્તિ. બીનજરૂરી માહિતી ધીમે ધીમે ભૂંસાતી જાય છે.

**યાદશક્તિ મુખ્યત્વે ત્રણ પ્રકારની છે.**

**(૧) ત્વરિત યાદશક્તિ :** કોઈના પણ લાંબા ફોન નંબરો, નામો વગેરે આપણને તે ક્ષણ પૂરતા યાદ રહે છે. પછીથી તરત જ મગજમાંથી તે બહાર નીકળી જાય છે. જે જરૂરી પણ છે, નહિતર મગજ પર વધારે ને વધારે બોજો આવતો જ જાય છે.

**(૨) અલ્પકાલીન યાદશક્તિ :** વિદ્યાર્થી જયારે વાંચે છે કે લેક્ચર સાંભળે છે ત્યારે મગજના કોષોમાં તેનો થોડા વખત માટે સંગ્રહ થાય છે, પરંતુ ધીમે ધીમે દિવસો પસાર થતાં તે માહિતી મગજમાંથી લુપ્ત થતી જાય છે, ભુલાતી જાય છે. એટલે કે પરીક્ષાના સમયે એ યાદશક્તિ કામ આવતી નથી.

**(૩) દીર્ઘકાલીન યાદશક્તિ :** જ્યારે વિદ્યાર્થી કોઈ પણ પ્રકરણ વાંચી, સમજી, વિચારીને બરાબર મગજમાં ઉતારી દે તો તે પ્રકરણની માહિતી દીર્ઘકાલીન સમય માટે સંગ્રહાઈ જાય છે. જો કે વર્ષો પછી તે પણ ધીમે ધીમે ઓછી થાય છે.


એમાં પણ જે માહિતી આપણા સ્વભાવ, સંબંધ અને સમય પ્રમાણે અગત્યની લાગતી હોય તે આપણા મગજમાં જમા થઈ જાય છે.


વિદ્યાર્થીને માટે સ્મૃતિ અલ્પકાલીમાંથી દીર્ઘકાલીન યાદશક્તિમાં જાય તે જરૂરી છે તો જ તેને પરીક્ષામાં સુંદર

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# મોહનથી મહાત્મા

જીતુભાઈ નાયક
એ-૩૪, બાલાજી રેસિડેન્સી,
સુજાતપુરા રોડ, કડી-૩૮૪૪૪૦.
શિક્ષક, સર્વ વિદ્યાલય, કડી. મો.: ૯૨૨૮૭૦૫૭૯૬





ગુજરાતની પવિત્ર ભૂમિ પોરબંદરને યાદ કરતા જ હૃદયથી આપોઆપ મોહન નામનું પુણ્ય સ્મરણ થઈ આવે છે. હા કેમ નહિ...? આ પોરબંદરે જ તો આપણા દેશને એક સપૂત આપ્યો છે. મોહનદાસ કરમચંદ ગાંધી. આ મોહન જન્મથી થોડો મહાન હતો...? સમય અને પરિસ્થિતિએ મોહનને મહાન બનાવ્યો છે. આ માટે અનેક પરિબળો જવાબદાર છે. તે બધા આ સમયે વિસ્તારથી ન વર્ણવી શકાય. પરંતુ તે બધામાંથી મોહનનું એક મજબૂત અને નોંધ લેવા જેવું પરિબળ એટલે.......એક વાર થયેલી ભૂલનું જીવનમાં બીજી વાર પુનરાવર્તન નહિ. માણસ માત્ર ભૂલને પાત્ર. જીવનમાં કદાચ એકવાર ભૂલ થઈ જાય પરંતુ એ ભૂલનું વારંવાર પુનરાવર્તન એ પશુતાની નિશાની છે. થઈ ગયેલી ભૂલનો સ્વીકાર કરીને એ ભૂલ ફરીથી જાણ્યે – અજાણ્યે ન થાય એ જોવાની જવાબદારી આપણી બની જતી હોય છે. ભૂલ બીજી વાર ન કરે એ જ મહાત્મા બની શકે છે. સાથે – સાથે ભૂલનો સ્વીકાર કરવાની નૈતિક હીંમત પણ દાદ માંગી લે તેવી બાબત છે. આ ગુણે જ મોહનને મહાત્માના પદ પર પહોંચાડ્યા છે.

આજ તો ફરક આપણા અને મોહન વચ્ચે છે. આપણે ભૂલો પર ભૂલો કરતા જઈએ છીએ જ્યારે મોહને પણ અનેક ભૂલો કરી હતી પરંતુ એ ભૂલોને જીવનમાં ફરીવાર સ્થાન આપ્યું નથી. આપણે સફળ નથી થઈ શકતા અથવા તો મહાન નથી બની શકતા એનું કારણ એ જ છે કે આપણે આપણી ભૂલોનો સ્વીકાર કરતા નથી ઉલટાનું એ ભૂલોને દબાવવાનો કે સંતાડવાનો પ્રયાસ કરીએ છીએ. આ ઉપરાંત મોહનના જીવનમાં એવા અનેક સદગુણો હતા કે જેના કારણે એ આપણા સૌના પ્યારા બની રહ્યા છે. મોહનથી મહાત્માની સફળ પાછળ છુપાયેલા રહસ્યો.....


- પ્રભૂ નામનું સ્મરણ – રામ નામનું રટણ.
- હંમેશા સત્યનું પાલન કરવું.
- સાદું અને સ્વાશ્રયી જીવન જીવવું.
- નિયમિતતાને પ્રાધાન્ય.
- અહિંસાનું પાલન કરવું.
- માનવ સેવા એ જ પ્રભૂ સેવા.
- ભૂલોનો જાહેરમાં સ્વીકાર કરવો.
- માનવ – માનવને સમાન ગણવા. જાતિ – પાતિથી દૂર રહેવું.
- સ્ત્રીઓને સમાજમાં વિશેષ સ્થાન આપવું.
- નિયમિત પૂજા – પાઠ કરવા.
- કોઈપણ કામ કરવામાં નાણપ ન અનુભવવી.
- રાષ્ટ્ર અને સમાજ હિતને ધ્યાને લઈને જ કાર્ય કરવા.
- હંમેશા સજ્જન જેવું જ જીવન જીવવું.
- આચારને જ પ્રચારનું શ્રેષ્ઠ સાધન માનવું.

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# મોન્ટુનો અહિંસા પ્રેમ

**માધવી આશરા 'ખત્રી'**
પ્લોટ નં. ૧૩૯, બ્રહ્માણી વાડી સામે, ભાઉભાનો ચોક,
નિર્મલનગર, ભાવનગર-૩૬૪૦૦૧.
મો. ૭૦૯૬૩૯૦૨૫૮





મોન્ટુ ખૂબ હોશિયાર અને બહાદુર છોકરો હતો. તેને નવી-નવી રમતો રમવી ખૂબ ગમે. નવી-નવી વાર્તાઓ સાંભળવી ખૂબ ગમે. અને તેને નવી-નવી ચોપડીઓ જોવી પણ ખૂબ ગમે. આ ચોપડીઓ પણ તેને રંગીન જ ગમે. જો ચોપડી રંગીન કે ચિત્રવાળી ન હોય તો તે ચોપડીને અડે પણ નહી.

મોંટુની ઉંમર ૧૦ વર્ષ હતી. નિયમિત સ્કૂલ જવું તેને ગમતું. કેમ કે ત્યાં નવી રમતો શીખવા મળતી, વાર્તા સાંભળવા મળતી, અને નવી-નવી રંગીન ચોપડીઓ પણ જોવા મળતી. ટીચર્સ પાસે વાર્તા સાંભળવી ગમતી. જ્યારે પણ ટીચર વાર્તા કહેવાના હોય ત્યારે ફર્સ્ટ બેંચ પર બેસી જાય ને ખૂબ જ મન લગાવી વાર્તા સાંભળે. ને વચ્ચે વચ્ચે પ્રશ્નો પણ કરતો જાય. ટીચર ક્યારેક પ્રાણીઓની વાર્તા કહે, ક્યારેક અલગ-અલગ તહેવારોની વાર્તા કહે. આ તહેવારોમાં હોળી, નવરાત્રિ, દિવાળી, રક્ષાબંધન, વગેરે. ને ક્યારેક ટીચર મહાન નેતાઓની વાર્તા કહે તો ક્યારેક આપણાં દેશના બહાદુર સૈનિકોની વાર્તા કહે. ને મોન્ટુ તો જ્યારે પણ સૈનિકોની વાર્તા સાંભળે ત્યારે વાર્તાના અંતમાં એક વાક્ય તો બોલે જ – 'ટીચર, હું મોટો થઈને સૈનિક બનીશ.'

એક દિવસ મોન્ટુના ટીચરે ક્લાસમાં આવી બધા છોકરાઓને કહ્યું – 'બાળકો, તમે બધા જલ્દી-જલ્દી પોતાની જગ્યા પર બેસી જાવ, હું તમને આજે એક વાર્તા કહીશ.'

આ સાંભળતા જ બધા બાળકો ખૂબ રાજી-રાજી થઈ ગયા. બધા જ પોતાની જગ્યા પર બેસી ગયા. અને ટીચરે વાર્તા કહેવાનું શરૂ કર્યું.

ટીચર – 'બાળકો આજે હું તમને આપણાં દેશનાં રાષ્ટ્રપિતા ગાંધીજીની વાત કરીશ.'

મોન્ટુ વચ્ચમાં જ બોલી ઉઠ્યો – 'મે ગાંધીજીનો ફોટો જોયો છે. મારી રંગીન ચોપડીમાં તેમનો ફોટો આપ્યો છે.'

ટીચરે કહ્યું – 'અરે વાહ! મોન્ટુ તું તો ખૂબ હોશિયાર છે. તને તો બધુ જ યાદ રહે છે.' મોન્ટુ ને શાબાશી આપતા ટીચરે મોન્ટુનાં ખંભા પર પોતાનો હાથ થબથબાવ્યો અને આગળ વાર્તા કહેતા ટીચરે કહ્યું – 'ગાંધીજી ખૂબ શાંત માણસ હતા. તેમને શાંત રહેવું ખૂબ ગમતું. લડાઈ કે ઝગડો કરવો તેમને જરા પણ ન ગમતું. તેમને શાંતિ અને અહિંસા ખૂબ પ્રિય હતા.'

મોન્ટુ એ ફરી ટીચરને પુછ્યું  'ટીચર, અહિંસા એટલે શું?'

ટીચરે કહ્યું - 'અહિંસા એટલે કે કોઈ સાથે ઝગડવું નહી, કોઈને મારવું નહી, કોઈ સાથે મારપીટ કરવી નહી, અને બધા સાથે હળીમળીને રહેવું.'

ટીચરે આગળ કહ્યું – 'ગાંધીજી આપણાં રાષ્ટ્રપિતા


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

છે. તેમણે આપણાં ભારતદેશને આઝાદી અપાવી છે. દૂ:ખી લોકોની મદદ કરી છે. તેઓ હંમેશા સત્યનાં માર્ગ પર ચાલ્યા છે.' ટીચર બાળકોને ભણાવી રહ્યા હતા ત્યા એક બાળક ઊભો થઈ ટીચરને પૂછવા લાગ્યો.

બાળકે કહ્યું – 'ટીચર,ટીચર આઝાદી એટલે શું?'

બાળકનો સવાલ સાંભળી ટીચર થોડું હસ્યા અને પછી કહેવા લાગ્યા – 'આઝાદી એટલે કે જે ખરાબ માણસો સારા લોકોને હેરાન કરે છે, તેને દૂ:ખી કરે છે, ત્યારે આવા દૂ:ખી લોકોની મદદ કરી તેને ખરાબ લોકો પાસેથી મુક્ત કરવા તેને આઝાદી કહે છે.' ટીચરની વાત સાંભળી બધા જ બાળકો ખૂબ રાજી થઈ ગયા.

ટીચર આગળ કહેવા લાગ્યા 'જ્યારે આપણો દેશ આઝાદ થવાનો હતો ત્યારે ઘણી સમસ્યાઓ હતી. બધા જ લોકો ગુસ્સામાં હતા. આથી જ્યાં જોઈએ ત્યાં બધા મારપીટ જ કરતાં. સહુ એકબીજાને મારે, ને તેમાં કોઈનો હાથ ભાંગે, કોઈનો પગ તો કોઈ મૃત્યુ પામે. પણ આપણાં રાષ્ટ્રપિતા ગાંધીજીને આ બધુ ન ગમે. તેઓ તો શાંતિ રાખવામા જ માનતા. તેમની પાસે બે મુખ્ય હથિયાર હતા. એક અહિંસા અને બીજું સત્ય.'

ટીચરની વાત બધા જ બાળકો ખૂબ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. ટીચર પોતાની વાત આગળ કહેવા લાગ્યા – 'ગાંધીજી તો બધા જ લોકોની એકતામાં માનતા હતા. આથી તેમણે આપણાં દેશના દુશ્મન અંગ્રેજોને પ્રેમથી, સત્યથી અને અહિંસાથી ભારતદેશ છોડવા માટે કહ્યું. પહેલા તો અંગ્રેજો માનતા ન હતા. આથી ગાધીજીને અનેક મુશ્કેલીઓ નડી. ઘણીવાર ગાંધીજી જેલમાં પણ ગયા. ત્યાં મહિનાઓ સુધી બંધ રહ્યા. ઘણા ઉપવાસો પણ કર્યા. ઘણા અપમાન પણ સહન કર્યા. પણ ગાંધીજીએ હાર ન માની. અને અંતમાં ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ માં ભારતદેશને આઝાદી મળી ગઈ.'

ટીચરની વાત સાંભળી મોન્ટુ થોડું વિચારીને બોલ્યો – 'ઓહહ!... તો એટલે આપણે ૧૫મી ઓગસ્ટે ધ્વજવંદન કરીએ છીએ.'

ટીચર – 'ગાંધીજીએ આપણને આઝાદી અપાવી એટલે આપણે તેમને રાષ્ટ્રપિતા કહીએ છીએ. અને તમને ખબર છે બાળકો હવે આવતા ઓક્ટોબર મહિનામાં ગાંધીજીનો જન્મદિવસ આવી રહ્યો છે. ૨ ઓક્ટોબરે તેમનો જન્મદિવસ છે.'

મોન્ટુ – 'તો આપણી સ્કૂલમાં પ્રોગ્રામ હશે ને...'

ટીચર - 'હા છે ને, પણ હું તમને એમ કહેવા માંગુ છું કે તમે પણ સત્ય અને અહિંસાનાં માર્ગ પર ચાલો. કોઈ સાથે ઝગડો ન કરો, કોઈને મારો નહિ, હળીમળીને રહો.'

મોન્ટુએ કહ્યું – 'ટીચર હું સત્ય અને અહિંસા પર ચાલીશ. કોઈને મારીશ નહી, કોઇની સાથે ઝગડો નહિ કરું.'

ટીચર - ' અરે, વાહ મોન્ટુ.' મોન્ટુનાં કહ્યા પછી બધા જ બાળકો કહેવા લાગ્યા કે તેઓ પણ સત્ય અને અહિંસાનાં માર્ગ પર ચાલશે.

છેલ્લે ટીચરે કહ્યું – 'આપણે ગાંધીજી વિશે એક સ્પર્ધાનું આયોજન કરીશું. જેમાં ગાંધીજી વિશે નિબંધ લખવાનો છે.' આ સાંભળીને બધા બાળકો ખુશ થઈ ગયા.

આમ મોન્ટુની સ્કૂલનો સમય પૂરો થઈ ગયો. તે ઘરે આવ્યો અને પોતાની મમ્મીને આજે સ્કૂલે જે કઈ બન્યું તેની વાત કરી. અને મોન્ટુએ મમ્મીને કહ્યું - 'મમ્મી, હું પણ હવે સત્ય અને અહિંસા પર ચાલીશ. હું ખોટું નહી બોલું, કોઈને મારીશ નહિ, ઝગડો નહી કરું.'

મોન્ટુની આ વાતથી તેની મમ્મી ખૂબ ખુશ થઈ ગઈ. મોન્ટુને તો હવે ગાંધીજી વિશે વાત સાંભળવી કે કહેવી ખૂબ ગમવા લાગી. પોતાની સ્કૂલમાં પણ તે ગાંધીજીની વાતો કરતો. સ્કૂલમાં યોજાયેલી ગાંધીજી વિષેની નિબંધ સ્પર્ધામાં પણ તેનો પ્રથમ નંબર આવ્યો. મોન્ટુએ ખોટું બોલવાનું છોડી દીધું હતું, તે હવે સત્ય અને અહિંસાની વાતો કરતો. કોઈ સાથે ઝગડતો નહી, કોઈને મારતો નહી, અને બધાની મદદ કરતો.

- સ્વાવલંબી બનવું અને બીજાનેસ્વાવલંબી બનાવવાનો આગ્રહ રાખવો.
- અન્યાય કોઈને કરવો નહિઅને અન્યાયસહન કરવો નહિ.
- હિંસા નો બદલો અહિંસાથી જ આપવો.
- ગાય અને સ્ત્રીની રક્ષા માટે જીવનું પણ બલિદાન આપતા અટકાવું જોઈએ નહિ.
- શિક્ષણ રોજગારી મેળવી આપે તેવું જ હોવું જોઈએ.
- માતા – પિતા અને ગુરુજનોનો હંમેશા આદર કરવો જોઈએ.
- પાણી – વાણી અને સમયનો જરૂર જેટલો જ ઉપયોગ કરવો જોઈએ .
- સંસ્કૃતિનું જતન કરવું જોઈએ .
- યોગ્ય નેતાઓની પસંદગી કરવી જોઈએ.
- માતૃભાષાને પ્રથમ સ્થાન આપવું જોઈએ .
- ભૂખ્યાને ભોજન પ્રથમ ધર્મ માનવો.
- ગરીબાઈ એ દેશ માટે અભિશાપ સમાન છે.
- બાળકોની કેળવણી પાછળ ધ્યાન આપવું જોઈએ.
- ધુમ્રપાન તેમજ દારૂથી દૂર રહેવું જોઈએ.
- માંસાહારીનો ત્યાગ કરી શાકાહારી જીવન જીવવું જોઈએ.
- જીવનમાં આધ્યાત્મિક ગુરુને સ્થાન આપવું જોઈએ.
- વિશ્વના મહાપુરુષોના જીવન ચરિત્રોને જીવનમાં ઊતારવા જોઈએ.
- જરૂરિયાત પૂરતી જ વસ્તુંઓનો ઉપયોગ અને સંગ્રહ કરવો જોઈએ .

આટલો જ ફરક છે માનવ અને મહામાનવ વચ્ચે....! આટલો બધો ત્યાગ......! હા....કદાચ ચાર – પાંચ ગુણો આમાંથી આપણામાં હોઈ શકે પરંતુ આ બધા જ ગુણો એકસાથે તો મોહનમાં જ જોવા મળી શકે......! માટે જ મોહન સફળ ખેડી શક્યો છે મહાત્માની...... ( જય હિંદ ?)



સફળતા મળે છે.

અલ્પકાલીનમાંથી યાદશક્તિ દીર્ઘકાલીનમાં જતી રહે તે માટે મુખ્યત્વે બે બાબતો જરૂરી છે.

**(૧) વારંવારની પ્રક્રિયા એટલે કે પુનરાવર્તનઃ** વિદ્યાર્થી કોઈ પણ પ્રકરણ એક વખત વાંચે તેના કરતાં બે વખત, ત્રણ વખત વાંચે તેમ તેમ તે પ્રકરણ વધારે ને વધારે દીર્ઘકાલીન યાદશક્તિમાં જતું જાય છે અને તેને તે વધારે યાદ હોય છે, માટે જ જે વિદ્યાર્થીને ફક્ત એક જ વખત વાંચેથી યાદ ના રહેતું હોય તે વિષય અને પ્રકરણનું વારંવાર પુનરાવર્તન કરતાં રહેવું જરૂરી છે. છેલ્લા દિવસે એટલે કે પરીક્ષાના આગલા દિવસે ફક્ત અગત્યના મુદ્દાઓનું પુનરાવર્તન થાય તો તે યાદ સતેજ બની જાય છે.


**(૨) લાગણીઓ સાથેની તીવ્રતા :** આપણને સર્વને કોઈ લાગણી સાથે વણાયેલો પ્રસંગ જીવનભર યાદ રહી જાય છે. દા.ત. કોઈ નજીકના સ્વજનનું મૃત્યુ.

એવી જ રીતે વિદ્યાર્થી જો વિષયમાં રસ કેળવી તેને ઊંડાણપૂર્વક સમજી વાંચન કરે તો તે માહિતી મગજની દીર્ઘકાલીન સ્મૃતિમાં જતી રહે છે. તેને બદલે જો તે વિષયને સમજ્યા વગર ફક્ત વાંચે તો તેને કશું જ યાદ રહેતું નથી. ફક્ત ગોખણપટ્ટી કરીને મેળવેલું જ્ઞાન દીર્ઘકાલીન સ્મૃતિમાં ન હોવાથી પરીક્ષાના સમયે ભુલાતું જાય છે.

આ ઉપરાંત તનાવયુક્ત પરિસ્થિતિમાં પણ બધું જ થોડા સમય માટે ભુલાઈ જાય છે. દા.ત. મૌખિક પરીક્ષામાં જો પરીક્ષક શરૂઆતમાં જ ધમકાવે અને વિદ્યાર્થી તનાવયુક્ત થઈ જાય તો, તેને બધું આવડતું હોવા છતાં કાંઈ જ બોલી શકતો નથી. માટે જ પરીક્ષાના સમયમાં જે વિદ્યાર્થી ધીરજપૂર્વક, સંયમપૂર્વક, તનાવરહિત રહીને જવાબો લખે કે બોલે તે જ હંમેશાં બાજી મારી જાય છે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# પ્રકાશન વિભાગ





**શિક્ષણપ્રયોગ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૨૨૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર





**ડોલ્ટન યોજના**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૭૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**વિરલ વિદ્યાપુરુષ**
ડો. મોહનભાઈ પંચાલ
કિંમત : ૧૦૦/-
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ





**શિક્ષણ વિચાર**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**જીવનલક્ષી શિક્ષણ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**કોઈએ નહોતું કીધું**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૪૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**સ્મરણયાત્રા**
જશીબેન નાયક
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**સપનાં થયાં સાકાર**
હરિત પંડ્યા
કિંમત : ૧૨૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**સ્મૃતિ સુમન**
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**કાળી વાદળી ઉજળી કોર**
જશીબેન નાયક
કિંમત : ૧૬/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સ્મૃતિના અસવાર**
જશીબેન નાયક
કિંમત : ૪૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**LIGHT IN THE EAST**
FREDA WHITLAM
Price : 40/-
Publisher :
Saraswati Vidya Mandal

NEW




**સંભારણાં**
કિંમત : ૧૭૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



**સ્મૃતિ ઝરણાં**
કિંમત : ૧૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW




**સ્મરણ પુષ્પ**
કિંમત : ૯૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW




**સરદાર ગાથા**
કિંમત : ૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

ઘરશાળા
ઓક્ટોબર - ૨૦૧૯

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-

# દિપાવલી

દિપાવલી પર્વ અનેરું,
નામ સાંભળતા જ મન થાય ઘેલું.
સૌ કરીએ, અંતર મનની શુદ્ધિ,
આખા વર્ષોના કાર્યોનું કાઢીએ સરવૈયું.
નકારાત્મકતા, સંકુચિતતાના થર તોડીએ,
સૌને પ્રેમ-કરુણારૂપી મીઠાઈઓ અર્પીએ.
ટેકનોલોજી દ્વારા મેસેજ (સંદેશ)થી નહિ,
સૌની સાથે હળી-મળીને કરીએ હર્ષની હેલી.

મૃણાલ ઓઝા

**'સરસ્વતી વિદ્યામંડળ' ● 'ઘરશાળા' માસિક પરિવાર**
**સર્વેને દિવાળીની શુભકામનાઓ તેમજ**
**નૂતન વર્ષાભિનંદનની પાઠવે છે.**

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.